શ્રી રત્નસંચયકાવ્યમાલા-તસ્યાંતર્ગત-

શ્રી સદ્ગુરૂરાજભક્તિરત્નચિન્તામણિ.

(પદ્યાત્મક.)

આત્મકલ્યાણના અભિલાષિયોઅર્થે-

પ્રકાશક,

શાહ નરસીભાઈ ખેતસીભાઈ.

(માંડવી—મુંબઈ.)

(દોહરા.)

ભક્તિરત્નચિન્તામણિ, શાશ્વતસુખ દેનાર;
સંતત સેવો સ્નેહથી, નિયમ સહિત નર નાર.

શ્રી "સત્યપ્રકાશ" મુદ્રણકલામંદિરમાં
ગાંધી ડાહ્યાભાઇ શકરાભાઈએ છાપી.
(ખાડિયા—અમદાવાદ.)

પ્રથમાવૃત્તિ, પ્રતિ ૫૦૦.
સં. ૧૯૭૩. સં. ૧૯૧૭.

પોષ્ટ ખર્ચ વિના મૂલ્ય ૧—૦—૦

જે અનીતિ—અવિદ્યાનો ઉચ્છેદ કરી આત્મોદય આધીન કરવા

ઉત્સાહિત બનાવે તેજ સુપુસ્તક મનાય છે!

એવા સુપુસ્તકના અધિકારી આત્મકલ્યાણાર્થિઓજ હોવાથી

ગ્રંથસ્વામિત્વના સર્વ હક તેઓનેજ સમર્પણ છે!

પ્રત્યેક આત્માઓ ઉન્નતિક્રમને અવલંબી અનંત અવ્યાબાધ

આનંદદશાને અનુદિન અનુભવો એજ ઇચ્છા છે!

પ્રસ્તાવના—દોહરા.

ૐ ૐ ૐ અવિનાશિ અજ, શ્રી સહજાત્મ સ્વરૂપ;
  શુદ્ધ ચૈતન્ય-સ્વામી વિભુ, પ્રણમું પ્રેમ અનૂપ. ૧
અસ્તિ ભાતિ પ્રિય રૂપ નિજ, નામ રૂપ વિશ્રામ;
  મતિ મન વચન અગોચર, કૈસેં બને ગુણગ્રામ. ૨
આત્મલક્ષ્ય અન્તર રહે, બાહ્યારોપ વિચાર;
  ભૂત પ્રજ્ઞાપના નય મતેં, ઉપચારેં વ્યવહાર. ૩
પુરૂષ ઉપાધિ ધારિ વર, હૃદયાવરણને ભંગ;
  હોય અવતરણ સ્વરૂપનો, તેહ અવતાર પ્રસંગ. ૪
અવતરયતિ-અવતાર એ, શબ્દનયાનુસાર;
  નિત્ય મુક્ત વિભુ વસ્તુનો, સત્ અવતાર વિચાર. ૫
આ હારદ હૃદયે ધરી, શાસ્ત્રકાર સુખકાર;
  અવતાર-ચરિત્ર આળેખિયા, કરવા જગદુદ્ધાર. ૬
મૂળ લક્ષ્ય મૂળેં રહ્યો, ભૂલેં પડિયા પક્ષ;
  ગુરૂગમ વિન ગમ ગ્રન્થની, લહે ન દક્ષ પ્રત્યક્ષ. ૭
તે અવતાર ઉભય વિધિ, નિત્ય નૈમિત્તિક સાર;
  નિત્ય અવતાર નિરંતરે, નૈમિત્તિક કોઈ વાર. ૮
અનુભવગમ્ય અકળ પ્રભુ, સકળ માંહિ દર્શાય;
  સિદ્ધ રાખી અરિહંતને, પ્રણિપતિ પ્રથમ કરાય. ૯
સામાન્યેં સુવિશેષથી, પરંપરા ઉપકાર;
  આસન-ઉપકારી અધિક, પ્રત્યક્ષ પરમ ઉદાર. ૧૦
કૃતજ્ઞ હૃદયતણી કૃતિ, નિજ ઉપકારી પુમાન;
  ભક્તિ વૃત્તિ સૌલ્લાસથી, કરે તાસ ગુણગાન. ૧૧

અથવા આપહી આપકોં, રીઝન બૂજન હેત;
આપ સંસ્તવે આપકોં, ચૈતન્ય લક્ષ્ય સચેત. ૧૨
મુખ્ય ઉપકારી પ્રણામ નિજ, પિણ સો નિમિત્તાધીન;
તાતેં બાહ્ય નિમિત્તકોં, ગ્રહે સાપેક્ષ પ્રવીન. ૧૩
સાક્ષાત પ્રત્યક્ષ ગૌણ થઈ, પરોક્ષનું બહુમાન;
વર્ત્તે જે વૃત્તીવિષે, તેજ દેહ–અભિમાન. ૧૪
દેહાભિમાની વશ્ય વૃત્તિ, દેખે દેહ–ચરિત્ત;
પ્રત્યક્ષથી પાછી હઠી, ગાય પરોક્ષનાં ગીત. ૧૫
દેહાભિમાન ગયાથકી, એથી ઉલટી રીત;
વર્ત્તે સાત્વિકવૃત્તિમાં, પ્રત્યક્ષ પર બહુ પ્રીત. ૧૬
સ હૃદય સાદર કરે, ઉપકારી ઉપકાર;
સર્વ શુભોપમ દઈ સ્તવે, સમરી સમરિ ગુણ સાર. ૧૭
જીંહ્વા પાવન ગુણ ગુણેં, નિસુણે કર્ણ પવિત્ર;
હૃદયશુદ્ધિ અવધારણે, સદ્ગુરૂદેવ–ચરિત્ર. ૧૮
ગુણરાગી ગુણિગુણ સુણી, સ્વગુણ સંભારી લેત;
ગુણ પુણ્ય દ્વેષી જીવડા, અંતર ન ધરે હેત. ૧૯
મન્દમતી ને મતારથી, જેને પક્ષનો મોહ;
તે પણ ગુણિ ગુણ ના સહે, ગ્રહે કોહથી દ્રોહ. ૨૦
અજ્ઞાનીના બોલનો, તોલ નહી તલભાર;
મ્હારે સ્વાનુભવ સહિત, સદ્ગુરૂપદ સાધાર. ૨૧
પૂરવના સંસ્કારથી, પ્રગટયો પરણ પ્યાર;
કોડિ ઉપાયેં કૂડબ્યે, તોહ્ય ન તૂટે તાર. ૨૨
કરી ઉપેક્ષા સર્વની, સ્વકર્ત્તવ્ય સંભાર;
સાક્ષાત્પ્રત્યક્ષ સદ્ગુરૂ, સંસ્તવું મતિ અનુસાર. ૨૩
શ્રીસદ્ગુરૂપદમાં સુગુણ, સોહે અનંત અપાર;
મંદમતિ કિમ કરી શકે, સાયર સમ વિસ્તાર. ૨૪
પિણ પ્રભુભકિતપ્રભાવથી, ફળે મનોરથમાળ;
જનની કર–અંગુલી ગ્રહી, દોડત હૈ લઘુ બાળ. ૨૫

શ્રીમદ્ સદ્ગુરૂ-મહાત્મ્ય-સામર્થ્ય.

(કવ્વાલી—ગઝલ.)

સુગુરૂ સદ્‌જ્ઞાનનાદાતા, સુગુરૂ ત્રયતાપભયત્રાતા;
સુગુરૂ સુખસિંધુ છે માટે, ભજો ગુરૂ રાજને ભાવે ! ૧

સુગુરૂ જગનેત્ર જયકારી, મયામયિ મોહતમહારી;
મહોદયકારી છે માટે, ભજો ગુરૂ રાજને ભાવે ! ૨


સુગુરૂ સતદેવ ઓળખાવે, સુગુરૂ સદ્‌ધર્મ દર્શાવે;
તરાવે ભવનિધિ માટે, ભજો ગુરૂ રાજને ભાવે ! ૩

સુગુરૂ સહુ વાંછિતો પૂરે, સકળ ચિંતા સુગુરૂ ચૂરે;
પરમ ઉપકારી છે માટે, ભજો ગુરૂ રાજને ભાવે ! ૪

સુગુરૂનું શરણ નિત સેવો, સુગુરૂ છે મુક્તિસુખમેવો;
અહર્નિશિ એજ હિત માટે, ભજો ગુરૂ રાજને ભાવે ! ૫

સુગુરૂ વિણ શાંતિ ને સિદ્ધિ, સુવિધિ ને તત્ત્વસમૃદ્ધિ;
મળે ના ક્યાંયથી માટે, ભજો ગુરૂ રાજને ભાવે ! ૬

કૃપા જો પૂર્ણ સદ્‌ગુરૂની, નહીં દરકાર સુરતરૂની;
અખંડાનંદ દે માટે, ભજો ગુરૂ રાજને ભાવે ! ૭



શ્રી સદ્‌ગુરૂ રાજ ભગવાન-જન્મમંગલપદ્ય.

(અડિયલ છંદની ચાલ.)

જન્મ્યા શ્રીગુરૂ રાજ જગતહિતકારણે, કરવા અમ ઉદ્ધાર વારિ જાઉં વારણે;
શોભન સોરઠ દેશ મૂળ મન ભાવતો, હાલ કાળમાં કાઠિયાવાડ નામે છતો. ૧
તેમાં બંદર વવાણિયા **મોરબી** નૃપતણો, વસે વર્ણ શુભચ્યાર પ્યાર પરસ્પર ઘણો:
દશા શ્રીમાળી વણિકવંશમાં ઓપતા, **રવજી મહેતા** તાત સકળમાં શોભતા. ૨
માત દેવાનંદાનામ કે સત્યવતી સતી, ઉભયધર્મ વિશુદ્ધ કે સોહે દંપતી:
તસગૃહગગનમેં અભિનવ ઉદયો દિનકરૂ, કુળદીપક કુળચંદ સત્ય સુત સુરતરૂ. ૩
વિક્રમ સંવત વેદ યુગ્મ નિધિ બ્રહ્મ પરે, દેવદીવાળી આદિતવાર શુભ અવસરે;
પ્રગટયા પુત્રરતન્ન ભાગ્યમાં નહિ મણા, સધવ કુલાંગના ગાવે હર્ષ-વધામણા. ૪
જન્મમહોત્સવ અરૂ સંસ્કાર સવે કરે, નિરખી નયનાનંદ નંદ આનંદ ધરે;
શ્રીમદ્ રાજચન્દ્ર નામ ઠવે મનહારણો, શુકલપક્ષશશિ જેમ વધે સુખકારણો. ૫
ક્ષેત્રાપેક્ષાએ દધિઉપકંઠે અવતર્યા, તિમહિજ ભાવાપેક્ષાએં ભવદધિનિસ્તર્યા;
લીલા લલિત સુલક્ષણ લક્ષિત લાલજી, મતિ વિલક્ષણ સુસ્મૃતિ પરમવિશાળજી. ૬
માત તાત કુલ જાત જ્ઞાત સવિ સાથના, પૂરે પૂરવ પુન્યે મનોરથ મનતણા;
લઘુવયે સહજે તત્ત્વ પ્રેમ ઉલટયો ઘણો, કહો શિખાવે કોણ ! હંસસુત ચાલણો. ૭
કોકિલસ્વર નૃત્યમોર દશા એ સંસ્કારની, તિમ પરમારથપ્રીતિ રીતિ અભિનવ બની:
કાવ્યકુશળતામાં પણ પરમારથ મુખે, શુભતરતમ સંસ્કાર તેહ કહો કિમ લુકે. ૮
કિશોરવયે અવધાન પ્રયોગ શરૂ કર્યા, આઠ બાર અરૂ યાવત શત કરી પરિહર્યા;
મૂલમાર્ગ **મહાવીરતણો** ઉદ્ધારવા, છોડયો લોકપ્રસંગ સત્ય અવધારવા. ૯
પરિગ્રહ અરૂ પરમાર્થ ઉભય હોડે વધે, પણ અંતરગત સ્વરૂપાચરણ સાધનસધે;
શરણાગતસાધાર કૃપાળુ દેવજી, કઇએક યોગ્ય જીવાત્માની ટાળી કુટેવજી. ૧૦
આગ્રહ અભિનિવેશ કઇકના ટાળિયા, જાતા અનુશ્રોતપૂર કઇકને વાળિયા;
શ્રીસહજાત્મસ્વરુપ સહજ કરૂણા કરી, શાસનપુનરૂદ્ધારકરણ **મનસા** ધરી. ૧૧
પ્રતિશ્રોત મોક્ષમાર્ગ પ્રકાશે સાદરે, નિકટ ભવ્ય આત્માર્થે આદરે આદરે;
ભાવનાબોધ સુબોધ **મોક્ષમાળા** સચી, કરવા આત્મતત્ત્વસિદ્ધિ **આત્મસિદ્ધિ** રચી. ૧૨
કર્યા **સોભાગ્ય** સુભાગ્ય **અચળને** ચળાવિયા, **જૂઠાને** કરી સત્ય સત્યપંથ લાવિયા;
અદ્દ્ભુ કલ્યાણો અનેક નેકમાં ઉદ્ધર્યા, **પ્રતિમાપુજકને** પણ **પ્રભુપૂજક** કર્યા. ૧૩
મુદ્રા શાન્તિસ્વરૂપ **વચન** અવિરૂદ્ધતા, અતિજાગૃત **ઉપયોગ હૃદયમાં** શુદ્ધતા;
હૃદય નેત્ર વાણી અને હાજરી આખરે, અસાધારણ આકર્ષણ શક્તિ ધરે. ૧૪
હાગે હાથ ગ્રહી નાથ લિયો મમ ઉદ્ધરી, બોધિ સમાધિ પ્રદાન કર્યો કરૂણા કરી;
શ્રીમદ્ શ્રીગુરુરાજદેવ નિષ્કામી છે, **શ્રીશુદ્ધચૈતન્ય સ્વામી રત્નત્રય સ્વામી** છે.

વર્ષ ૨૩ મું, સંવત્ ૧૯૪૭.

ધ્યાનાવસ્થા.



શ્રીમદ્ રાજચંદ્ર.

જન્મ :—વવાણિયા.
કાર્તિક શુકલ પૂર્ણિમા,
સં. ૧૯૨૪ વિક્રમ.

દેહોત્સર્ગ :—રાજકોટ
ચૈત્ર કૃષ્ણ પંચમી,
સં. ૧૯૫૭ વિક્રમ.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઇ.

ભદ્રમહાશયોને ભલામણ.

(હરિગીત—છંદ.)

છે ભૂલ–દોષવડે ભર્યું જગ તે વિષે વસનારની,
  થાએ કદી જો ભૂલ તો તે ભૂલ જગવ્યવહારની;
એમ માની મ્હેર કરીજ મુજપર સર્વ લેખ સુધારીને,
  વાંચી વિચારી મનન કરિ શુભ સાર ગ્રહશો ધારીને ! ૧

* * * *

દયિતા દહીંનું મથન કરી નવનીત તારવિ લેજ છે !
  મધમાખિ રસ પ્રતિ પુષ્પનો લઈ મિષ્ટ મધ ઉધરેજ છે !
જવાહિર તપાસી ઝંહેરી જેમ રત્નને ગ્રહી લે સદા !
  તેમ લેખનુંજ રહસ્ય ગ્રહી જનશ્રેય કરશો સર્વદા ! ૨

* * * *

ગુણદૃષ્ટિયે પોષણ થતાં ગુણ અધિક વૃદ્ધિ પામશે,
  જોતાંજ દૂષિત દૃષ્ટિથી મહા દોષનો થર જામશે;
માટેજ તજિને દોષદષ્ટિ શ્વેતપક્ષજ સંગ્રહે,
  તે સુજનની શુભ દૃષ્ટિથી નિત શાંતિ સુખ સુગતિ લહે ! ૩

* * * *

ગ્રહે ઉન્નતિ સહુ જીવની ચિત્ત અવનતિ ન ચહે કદી,
  સીંચેજ ઉગતા છોડને તે સ્નેહનું જળ શુભ વદી;
લે મોદ મંગલ રૂપ નામજ પ્રાત સમયજ જેમનું,
  છે ધન્ય તેવા મહાજનોને સફળ જીવન તેમનું ! ૪

* * * *

તેવાજ નિવડે જન સહુ એવુંજ ઇચ્છી સજ્જનો !
  કરશો ઉદય આ હિંદનો મનબળ દઇને મહાજનો !
જ્યાં ત્યાંજ જય જય વિસ્તરે દુખ નિસ્તરે જન સર્વનું !
  ગુરૂ રાજશ્રી દર્શાવશે સુખ પુર્ણ ઉત્તમ પૂર્વનું ! ૫

તથૈવાસ્તુ ! ! !

શ્રી પરમકૃપાળુ મહર્ષિ શ્રી લઘુરાજસ્વામીને પરમોપકારસ્મરણાર્થે સ્તવના.

(રાગ–સોરઠ.)

ધન્ય ધન્ય સદ્‌ગુરૂ રાજજીરે, ધન્ય ધન્ય લઘુરાજ;
  ધન્ય ધન્ય શ્રી ગુરૂ રાજજીરે, દીધો આત્મિકસાજ. ધન્ય૦ ૧
આ જ આરે અહીં અવતર્યારે, શ્રી ગુરૂ રાજાધિરાજ;
  કાજ સમારી સમાજના, રાજ પામ્યા સ્વરાજ્ય. ધન્ય૦ ૨
રાજતણા યુવરાજજીરે, સ્વામી શ્રી લઘુરાજ;
  રાજસમાજમાં દીપતા, દીસે પ્રત્યક્ષ આજ. ધન્ય૦ ૩
રાજના દર્શન માત્રથીરે, સીધ્યું દર્શન કાજ;
  લાજ લૌકિકની પરિહરી, ત્યાગી વરગના તાજ. ધન્ય૦ ૪
પરમારથ પોતે પરિણમેરે, ઉપચારે ઉપદેશ;
  સાક્ષાત પ્રત્યક્ષ પ્રભુથકી, પામી અંતર રેશ. ધન્ય૦ ૫
આસ્થા સદ્‌ગુરૂ દેવનીરે, ક્ષાયકભાવ સમાન;
  વરતે છે જેને અંતરે, પામ્યા ભવ–અવસાન. ધન્ય૦ ૬
અંતરચર્ય્યા અંતર રહે રે, બાહ્ય સ્થૂળ પ્રતિકૂળ;
  મૂળ પોતાની ભૂલથી, ભાસે ભગવતમાં ભૂલ. ધન્ય૦ ૭
પામર પૂર્વ પરિચયીરે, વળી મતવાદિ અનેક;
  તસકૃત પરિસહ સંસહી, રાખી રહ્યા નિજ ટેક. ધન્ય૦ ૮
આત્માનંદની મૂરતી રે, ભક્તિનું પ્રતિરૂપ;
  વસતિસ્થાન વૈરાગ્યનું, કરૂણાસિંધુ અનૂપ. ધન્ય૦ ૯
આર્દ્ર ઉજ્વળ કોમળ અતિરે, જાસ હ્રદય ગંભીર;
  નયન વયન અરૂ હાજરી, ધારે ધરમની શીર. ધન્ય૦ ૧૦
અનુકરણ કરવા યોગ્ય છે રે, જસ ધર્મ–ચરિત્ર;
  અમલે આત્મસિદ્ધિ હોવે, સુણતાં શ્રવણ પવિત્ર. ધન્ય૦ ૧૧
ધન્ય ધન્ય પંચમ કાળનેરે, ધન્ય ધન્ય આ સમયસાર;
  જ્યાં સાક્ષાત પ્રભુ મળ્યા, ધન્ય ધન્ય આ અવતાર. ધન્ય૦ ૧૨
ધન્ય ધન્ય સર્વ સાહિત્યનેરે, ધન્ય ધન્ય તેહ વિચાર;
  જેહ વિચાર વડે કળ્યાં, રત્નત્રય શિરદાર. ધન્ય૦ ૧૩



મહર્ષિ શ્રીમદ્ લઘુરાજ (લલ્લુજી) સ્વામી.

જન્મ:—
વિ. સંવત્ ૧૯૧૦,
આશ્વિન કૃષ્ણ ૧.

ગૃહવાસોત્સર્ગ:—
સંવત્ ૧૯૪૦,
જેષ્ઠ કૃષ્ણ ૧.

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઇ.

વિવેકી વાચકોને વિજ્ઞપ્તિ.

(સોરઠા.)

ઝટ ઝટ વાંચી જાય, વગર વિચાર્યે વસ્તુતા;
લેશ લાભ નવ થાય, કહો વાંચ્યું શું કામનું ? ૧

શુભ તત્ત્વ ઘટમાંહ્ય, આવી સ્થૈર્ય થયું નહિં;
યાદ રહ્યું ન જરાય, કહો વાંચ્યું શું કામનું ? ૨

વાંચ્યું ધરી વિચાર, આણ્યું નવ આચારમાં;
સંગ્રહ કર્યો ન સાર, કહો વાંચ્યું શું કામનું ? ૩

મોટમ માટે મૂલ્ય, ખરચીને ખરિદ્યું છતાં;
ગણ્યું તણખલા તુલ્ય, કહો લીધું શું કામનું ? ૪

પુસ્તક પ્રાપ્ત થતાંજ, પૂર્ણ પ્રેમ સહ ના પઢ્યું;
ફાટ્યું અથડાતાંજ, કહો પામ્યું શું કામનું ? ૫

વાંચે નહિ કોઇ વાર, ન દે વાંચવા કોઇને;
ભલા ભર્યો ભંડાર, કહો સંચ્યું શું કામનું ? ૬

ઉધેઈ ઉંદર ખાય, કે ખોવાએ મૂળથી;
કે પડિકાં બંધાય, કહો મળ્યું શું કામનું ? ૭

માટે મારા મિત્ર, પુસ્તક મળતાં પ્રેમથી;
ચારૂ ગુણોનું ચિત્ર, મનમાં મોદે છાપજો ? ૮

અમૂલ્ય પુસ્તક આ જ, અનુભવ આનંદ આપવા;
મનન કરો મનમાંજ, ઉંડા અર્થો ઉદ્ધરી ? ૯

સત્ય પ્રતિજ્ઞા સાથ, કહું છું હું પ્રિય આપને;
શમન થશે દુઃખ-પાથ, આ પુસ્તક અવલંબથી ? ૧૦

વાંચો વંચાવોજ, ખરિદો ખરિદાવો અતિ;
મેળવીને મનમોજ, જીવન પૂર્ણ સફળ કરો ? ૧૧

શ્રી પરમ પૂજયકૃપાળુ મુનિદેવ શ્રીરત્નરાજસ્વામીની સ્તુતિ.

*(હરિગીત જેવી ચાલ.)

રત્નત્રયી ગુણ મૂરતી ઝળકી જગમાં આજરે,
ડૂબતા જનોને કાજ આવ્યું ઓચિંતું એક જહાજરે;
મૂર્તિતણો દેખાવ દિવ્ય નામ રત્ન ધરાવતી,
પગલાં કરે જે ક્ષેત્રમાં ત્યાં અમૃતરસ વરસાવતી. ૧
સાત્વિકશિરોમણિ વૃત્તિધારી નિડર નિઃસ્પૃહ છે વળી,
નિષ્કારણે કરૂણા કરે સહુ જન પ્રત્યે અતિ નિર્મળી;
મતિતીવ્ર જ્ઞાનપ્રકાશથી સહજે સુતત્ત્વ પ્રકાશતા,
વિચરે સુક્ષેત્રે તેહને બહુ પુન્યવંત પિછાનતા. ૨
સદ્‌ભાગ્ય તારાં જીવડા આ વિષમકાળે દર્શનં,
શાને લગાડે વાર તું હવે આપ આત્મસમર્પણું;
સદ્‌ગુરૂતણા દુર્લભપણે જેને હતી મન ભ્રાન્તિરે,
ગુરૂ રાજ રત્નની છાંયથી સૌ પામ્યા જન મન શાન્તિરે. ૩
જેને હતી બહુ પીડ ભારે આત્મભ્રાન્તિરોગથી,
એ પીડ સહુ પળમાં બળી ગુરૂ રાજરત્નના યોગથી;
મુનિ કૃપાળુ દેવ રત્ન જેને અન્તરમાં વસે,
રસ શાન્તસાગરમાં રમે વળી દુઃખ સહુ પળમાં જશે. ૪
સહુ જીવને શ્રદ્ધા થવી આ કાળમાં બહુ ભારી છે,
કામ સહુ એના થશે એ મૂર્તિ જેને પ્યારી છે;
અન્તર હૃદય સુપ્રકાશ પેખી જાય અન્તર અન્તરો,
અન્તર પ્રભુ સુકૃપાથી નિત્ય અખંડ રત્નત્રય વરો. ૫

---

* આ છંદ પાલણપુરનિવાસિ મહેતા છોટાલાલભાઈ રવચંદભાઇનો રચેલ છે.



મુનિકુલબાલક શ્રીમદ્ રત્નત્રય (રાજ) સ્વામી.

જન્મઃ વિ. સં. ૧૯૩૨,
કાર્તિક શુક્લ પૂર્ણિમા,
દેવદીવાલી—કચ્છ.

ગૃહવાસોત્સર્ગઃ—
વિક્રમ સંવત ૧૯૪૫.
(મારવાડ).

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ.

ॐ तत्–सत्

શ્રી રત્નસંચયકાવ્યમાલા તસ્યાન્તર્ગત:–

શ્રી સદ્ગુરુરાજભક્તિરત્નચિન્તામણિ.

શ્રી સ્તવનાશતક.

(રાગ ધોળ.)

પ્રથમ પહેલી પ્રણુવાક્ષર પ્રણુમીજેજી,
બીજાક્ષરમેં ૐકાર અવલ ગણીજેજી;
સર્વનામમેં મુખ્ય એ નામ ભણીજેજી,
કામ મોક્ષકા દાયક નિત્ય થુણીજેજી. ૧

અબ મેં પ્રણુમું સત્યદેવ ગુરૂ ધર્મજી,
જેહને પ્રણુમ્યાં પામીજે પદ પર્મજી;
સત્યકોં સેવો ત્યાગી મિથ્યા ભર્મજી,
એ ત્રિકમેંહે મૂળમારગકો મર્મજી. ૨

સત્ય દેવ સો નિર્દૂષણ સર્વજ્ઞજી,
પરમ હિતોપદેષ્ટા હરે સબ વિઘ્નજી;
જ્ઞાનગુણે કરી સર્વવ્યાપક સર્વેશજી,
જેહને સેવે શેષ નરેશ સુરેશજી. ૩

સત્ય ગુરૂ સો શ્રી સહજાત્મ સ્વરૂપજી,
જેહને સેવ્યાં ટળે અવિદ્યા ધપજી;

જીવન્મૂર્તિ શ્રી શુદ્ધચૈતન્ય સ્વામીજી,
ઐસા શ્રી ગુરૂરાજકોં નિત્ય નમામીજી. ૪
સત્ય ધર્મ સો કરે સ્વભાવકી સિદ્ધિજી,
જેહને સેવ્યાં પ્રગટે નિજગુણરિદ્ધિજી;
સત્યધર્મહે સર્વ જગત રખવાળોજી,
વસ્તુ સ્વભાવ ધર્મરતન ઉજમાળોજી. ૫

અબ મેં પ્રણમું પરમેષ્ટી ભગવંતજી,
અપરનામ નવકાર અનાદિ અનંતજી;
આત્મદ્રવ્યકા જાનો એ પંચ સ્વરૂપજી,
આત્મહિતાર્થે ચિંતો ચિત ધરી ચૂંપજી. ૬
પ્રથમ પ્રણમું અરિગંજન અરિહંતજી,
ભજો ભાવસેં ભયભંજન ભગવંતજી;
અનંત ચતુષ્ટય આદિ સુગુણ અનંતાજી,
ચોત્રીસ અતિશય પેંતીસ વાણી ગુણવંતાજી. ૭

દૂજે પદમેં પ્રણમું સિદ્ધ અનંતજી,
સર્વે કારજ સિદ્ધ કિયા ભગવંતજી;
શુદ્ધ બુદ્ધ સોહે સાદિ અનંતજી,
નિકલ નિરંજન નિત્યમુક્ત જયવંતજી. ૮
તીજે પદમેં પ્રણમું શ્રીગણઈશજી,
પંચાચાર પાળે પળાવે મુનીશજી;
સારણ વારણ ચોયણ પ્રચોયણકારીજી,
ચારતીર્થકે અધિકારી ગણધારીજી. ૯
ચોથે પદમેં પ્રણમું શ્રી ઉવઝાયજી,
રહત નિરંતર ધ્યાનાધ્યયનકે માંહ્યજી;
સર્વ જિનાગમ આપ ભણે ને ભણાવેજી,
યુક્તિ પ્રયુક્તિ કરિકે વિવાદ મિટાવેજી. ૧૦
પંચમેં પદમેં લોકમેં સર્વે સાધુજી,
સર્વ ગુણાકર સાધુ–પદ આરાધુંજી;

રત્નત્રયાદિ સુગુન ગુણાંશકે ધારીજી,
    મુખ્ય પ્રત્યક્ષ પ્રણમું શ્રી અણગારીજી. ૧૧
ઇન વિધ જાનો પરમેષ્ટી પદ પાંચજી,
    જેહને પ્રણમ્યાં પૂજ્યાં ટળે દુઃખઆંચજી;
સમજ સયાના સાંઇકો પ્યારો સાચજી,
    કોડ પ્રકારે રત્નકો ન હુવે કાચજી. ૧૨
અબ મેં પ્રણમું સમ્યગ્ દર્શણ શુદ્ધજી,
    સર્વ ગુણાંશ અપરનામ કહે બુદ્ધજી;
ધર્મવૃક્ષકા સમ્યગ્ દર્શણ મૂળજી,
    ઇન બિન જાનો સર્વ ક્રિયા પ્રતિફૂલજી. ૧૩
પ્રણમું પ્રેમેં સમ્યગ્ જ્ઞાન પ્રધાનજી,
    સ્વપર હિતકારી શ્રી શ્રુત-ભગવાનજી;
જેહને સેવ્યાં પ્રગટે ભેદ વિજ્ઞાનજી,
    દર્શ જ્ઞાન દો કારણ કાર્ય પિછાનજી. ૧૪
નિત્ય નમું મેં ચારિત્ર પરમ પવિત્રજી.
    સ્થિરતા રૂપે સહજાનંદ વિચિત્રજી;
નિઃકષાય શાન્તિ પ્રણામ સ્વરૂપજી,
    લિંગાલિંગ આદિ અભેદ અનૂપજી; ૧૫
ઇચ્છારોધન તપ નમું તંત સારજી,
    બાહ્યાભ્યંતર તપકા બાર પ્રકારજી;
આતમ-સોનું કર્મ-કાટ અવધારજી,
    તપસા-અગ્નિ બાળ કરે સબ છારજી. ૧૬
એ નવ પદજી નવે નિધાન સમાનજી,
    શ્રી સુખસેતી આપ કહેં ભગવાનજી;
મયણાસુંદરી શ્રી શ્રીપાળ નરેશજી,
    નવપદ સેવી પામ્યા રત્નત્રયદેશજી. ૧૭
અબ મેં પ્રણમું ચોવીસોં ભગવંતજી,
    દર્શન જ્ઞાન ચરણ અનંતાનન્તજી;

વાર અનંતાનંત કરૂં પરણામજી,
અશુભ નિકાચિત કર્મ હરીજે સ્વામજી. ૧૮
પ્રથમ પ્રણમું ઋષભદેવ અવતારીજી,
વિનિતાનયરી પ્રગટયા પરમ ઉપકારીજી;
નાભી કુલગર તાત મરૂદેવી માયાજી,
ધોરી લંછન ધર્મ–ધુરંધર પાયાજી. ૧૯
દૂજા પ્રણુમું અજીત અજીત ગુણુધારીજી,
પુરી અયોધ્યા જન્મ્યા જિન જયકારીજી;
પિતા જીતશત્રુ વિજયાદે મહતારીજી,
હસ્તિ લંછન પામ્યા ધીરજ ધારીજી. ૨૦
ત્રીજા પ્રણમું સંભવ ભવભયહારીજી,
સાવસ્તિમેં પ્રગટ ભયા પુન્યકારીજી;
તાત જીતારી સેનાદેવી મહતારીજી,
અશ્વલંછન ઓપે આનંદકારીજી. ૨૧
ચોથા પ્રણમું અભિનંદન ભગવાનોજી,
પુરી અયોધ્યા પ્રગટયા ત્રિભુવનભાનોજી;
સંવર તાત સિદ્ધાર્થા મહતારીજી,
કપી લંછનકી જાઊં મેં બાલહારીજી. ૨૨
પંચમ પ્રણમું સુમતિ સુમતિદાતારીજી,
સુકૌશલપુર અવતરિયા અવતારીજી;
મેઘ પિતાજી મંગળાદેવી માતાજી,
ક્રૌંચ કોકકા ચિન્હ પિછાને જ્ઞાતાજી. ૨૩
છઠ્ઠા પ્રણમું પદ્મ પ્રભુજીકે પાયાજી,
પુરી કૌશમ્બીમાંહી મહાપ્રભુ આયાજી;
શ્રીધર તાત સુસીમાદે મહતારીજી,
પદ્મકમલકા લંછન પરમ ઉદારીજી. ૨૪
સપ્તમ પ્રણમું શ્રી સુપાસ જિણંદાજી,
બનારસીમેં પ્રગટયા જગદાનંદાજી;
તાત પ્રતિષ્ઠિત પૃથ્વીજી મહતારીજી,
સ્વસ્તિક લંછન સોહે સુંદરાકારીજી. ૨૫

અષ્ટમ પ્રણમું ચંદ્રપ્રભ ચિતધારીજી,
ચંદ્રપુરીમેં પ્રગટ ભયે તિમિરારીજી;
મહાસેન તાત લક્ષ્મણા મહતારીજી,
ચંદ્ર-લંછન સોહે ચરણ મઝારીજી. ૨૬
નવમા નમું સુવિધિ સુવિધિકે દાતાજી,
કાકંદીમેં પ્રગટયા ત્રિજગતાતાજી;
સુગ્રીવ તાત રામારાણી મહતારીજી,
મઘરકા લંછન લીજે નૈન નિહારીજી ૨૭
દશમા પ્રણમું શીતલ શીતળકારીજી,
ભદ્દિલપુરમેં અવતરિયા અવતારીજી;
દ્દઢરથ તાત નંદાજી મહતારીજી,
શ્રી વચ્છલંછન સોહે અચરિજકારીજી. ૨૮
ઇગ્યારમા પ્રણમું શ્રેયાંસ શ્રેયકારીજી,
સિંહપુરી પ્રગટયા જગઉપકારીજી;
વિશ્નુ પિતાજી વિશ્નુદેવી મહતારીજી,
ગેંડા-કેરા લંછન અતિ સુખકારીજી. ૨૯
બારમા પ્રણમું વાસુપૂજ્ય જગચંદજી,
ચંપાનગરી પ્રગટયા ઇંદ્ર સૌ વંદજી;
તાત વસુપૂજ્ય જયાજી મહતારીજી,
મહીષલંછન મહા પ્રભુકે મનહારીજી. ૩૦
તેરમે પ્રણમું વિમળ વિમળ મતિજી,
કંપિલપુરમેં પ્રગટયા ત્રિભુવનપતિજી;
પિતુ કૃતવર્મ શ્યામાજી મહતારીજી,
વરાહ-લંછન જાનો જગત જહારીજી. ૩૧
ચૌદમા પ્રણમું અનંત અનંત જ્ઞાનીજી,
અયોધ્યામેં પ્રગટયા પુરૂષપુરાનીજી;
પિતા સિંહસેન સુયશા મહતારીજી,
સીંચાનાકા લંછન નિરખો ધારીજી. ૩૨

પન્નરમા મેં પ્રણમું શ્રી ધર્મનાથજી,
રત્નપુરીમેં પ્રગટયા ધર્મકે સાથજી;
ભાનુ પિતા સુવ્રતાદેવી મહતારીજી,
વજ્રલંછન કર્મ-પહાડ પ્રહારીજી. ૩૩
સોળમેં પ્રણમું શાન્તિ શાન્તિ કર્સારીજી,
ગજપુર પ્રગટયા છ મહ પદ્વીધારીજી.
તાત વિશ્વસેન અચિરાદેવી માતાજી,
મૃગકા લંછન સોહે વિશ્વ વિખ્યાતાજી. ૩૪
સત્તરમા પ્રણમું કુંથુનાથ શિરનામીજી,
ગજપુર પ્રગટયા છ મહા પદ્વી પામીજી;
પિતા સૂરનૃપ શ્રીરાણી મહતારીજી,
સોહે પ્રભુકે અજલંછન જયકારીજી. ૩૫
અષ્ટદશમા અરનાથ અવિકારીજી,
ગજપુર પ્રગટયા છ મહા પદ્વીધારીજી;
પિતા સુદર્શન દેવીરાણી માતાજી,
નંદ્યાવર્ત્તકા લંછન અધિક સુહાતાજી. ૩૬
એગુણવીસમા પ્રણમું શ્રીમલ્લિદેવજી,
મિથિલાનગરી પ્રગટયા અલખ અભેવજી;
કુંભપિતાજી પ્રભાવતી મહતારીજી,
કુંભ કળશકા લંછન નયનાંહારીજી. ૩૭
વીસમા વંદું મુનિસુવ્રત વ્રતધારીજી,
રાજગ્રહીમેં જન્મ્યા પ્રભુ સુખકારીજી;
પિતા સુમિત્ર પદ્મમાવતી મહતારીજી,
કચ્છપલંછન ચરણકમલ સુવિચારીજી. ૩૮
ઇકકીસમા મેં નમી નમું નિત્યમેવજી,
મથુરાનગરી પ્રગટયા શ્રી જિનદેવજી;
પિતા વિજયનૃપ વિપ્રારાણી માયજી;
ઉત્પલકમલકા લંછન સોહે પાયજી. ૩૯
બાવીસમા મેં પ્રણમું નેમીકુમારજી,

સૌરીપુરમેં પ્રગટયા જગદાધારજી;
સમુદ્રવિજય તાત શિવા મહતારીજી,
શંખલંછન સોહે જનમનહારીજી. ૪૦
તેવીસમા શ્રીપુરૂષાદાની પાસજી,
વાણારસીમેં આય લિયો પ્રભુ વાસજી;
અશ્વસેન તાત વામાદે માતાજી,
સર્પકો લંછન સર્વ પ્રત્યે સુખદાતાજી. ૪૧
પ્રેમે પ્રણમું અંતિમ શ્રી વર્દ્ધમાનજી,
કુંડનપુરમેં પ્રગટ ભયે ભગવાનજી;
પિતા સિદ્ધાર્થ ત્રિશલાદે મહતારીજી,
કેશરીલંછન શાસનકા શિરદારીજી. ૪૨
ઇમ ચોવીસે ધર્મ–તીરથ વરતાવેજી,
તિન કારનસેં તીર્થંકર કહલાવેજી;
ઈમ ચોવીશી હુઇ હોસી અનંતજી,
જિનપદરત્ન પ્રણમું ભાવ અત્યંતજી. ૪૩
અબ મેં પ્રણમું વિદ્યમાન જિન વીસજી,
વિદેહ ક્ષેત્રમેં જયવંતા જગદીસજી;
ભાવલક્ષ્મી કરી સોહે વિશ્વાવીસજી,
ચોતીસ અતિશય વાણી ગુણ પેંતીસજી. ૪૪
પ્રથમ પ્રણમું શ્રીસીમંધર સ્વામીજી,
દૂજા પ્રણમું જુગમંધર શિરનામીજી;
ત્રીજા પ્રણમું બાહુ બાહુબલધારીજી,
ચોથા પ્રણમું સુબાહુ સુખકારીજી. ૪૫
એ ચઉ પ્રભુજી જંબુદ્વીપે બિરાજેજી,
નરવર સુરવર આદિ સેવા સાજેજી;
ગણધર આદિ પ્રભુજીકો પરિવાર જી,
જિનકે દર્શન સેવનસેં નિસ્તારજી. ૪૬
પંચમ વંદું શ્રી સુજાત સુખકારીજી,
છઠ્ઠા પ્રણમું સ્વયંપ્રભ સુવિચારીજી;

સપ્તમ વંદું શ્રીઋષભાનન સ્વામીજી,
અષ્ટમવંદું અનંતવીર્ય બહુનામીજી. ૪૭
નવમા વંદું સુરપ્રભ મહા શૂરાજી,
દશમા વંદું વિશાળજી ગુણ પૂરાજી;
ઇગિયારમા વંદું વજ્રધર વડભાગીજી,
બારમા વંદું ચંદ્રાનન વીતરાગીજી. ૪૮
એ અડ પ્રભુજી ધાતકી ખંડે બિરાજેજી,
નરવર સુરવર આદિ સેવા સાજેજી;
ગણધર આદિ પ્રભુજીકો પરિવારજી,
જિનકે દર્શન સેવનસેં નિસ્તારજી. ૪૯
તેરમા વંદું ચંદ્રબાહુ ચિતધારીજી,
ચૌદમા વંદું ભુયંગ ભવભયહારીજી.
પન્નરમા વંદું ઇશ્વર ઇશ્વરરૂપજી,
સોળમા વંદું નેમપ્રભુ જિનભૂપજી. ૫૦
સત્તરમા વંદું વીરસેન વયરાગીજી,
અષ્ટાદશમા મહાભદ્ર ભયત્યાગીજી;
એગુણવીસમા દેવજશા જશધારીજી,
વીસમા વંદું અજીતવીર્ય અવિકારીજી, ૫૧
એ અડ પ્રભુજી પુષ્કર દ્વીપે બિરાજેજી,
નરવર સુરવર આદિ સેવા સાજેજી;
ગણધર આદિ પ્રભુજીકો પરિવારજી,
જિનકે દર્શન સેવનસેં નિસ્તારજી. ૫૨
અઢીદ્વીપમેં જઘન્ય જિનેશ્વર વીસજી,
એકસો સિત્તેર ઉત્કૃષ્ટા જગદીસજી;
જગજીવનજી જીત્યા રાગ ને રીસજી,
સકલ પ્રભુકો નિત્ય નમાવું શીશજી. ૫૩
જઘન્યપદે હોય કોડી પ્રણમું કેવળી દેવજી,
ઉત્કૃષ્ટે પદ નવકોડકી કરૂં સેવજી;

દો સહસ્ર કોડી જઘન્ય પદેં નમું સાધુજી,
ઉત્કૃષ્ટે પદ નવ સહસ્ર કોડી આરાધુંજી. ૫૪
ઇન વિધ પ્રણમું તીર્થંકર ભગવંતજી,
જઘન્યોત્કૃષ્ટ કેવળી મુનિ ગુણવંતજી;
ભક્તિ ભાવેં આનોં ભવકો અંતજી,
નરતનરત્ન સફલ કરો સબ સંતજી. ૫૫

અબ મેં પ્રણમું સમુચ્ચે શ્રી ગણધારજી,
સરવે સંખ્યા ચૌદસેં બાવન સારજી;
લબ્ધી–સંપન્ન દ્વાદશાંગ–કર્તારજી,
શિરસેં વંદું અવર સર્વ સૂત્રકારજી. ૫૬
અબ મેં પ્રણમું એકાદશ ગણધારજી,
વીર પ્રભુકા શાસનકા રખવાલજી;
એ ઇગ્યારે નિર્મળ ગુણમણિમાળજી,
પ્રણમું પ્રેમે કરી અંજળી નિજ ભાલજી. ૫૭

પેહેલા પ્રણમું ઇંદ્રભૂતિ અણગારજી,
ગૌતમ નામ દૂજો જગમેં જહારજી;
વીર પ્રભુપેં આયા ધર અહંકારજી,
બોધ પામિયા દેખી વીર દીદારજી. ૫૮

દૂજા પ્રણમું અગ્નિભૂતી અવિકારીજી,
પ્રભુપેં આયા મનમેં અચરિજ ધારીજી;
નયનાનંદે નિરખ્યો વીર–દીદારજી,
સંશય મેટી હો ગયા આજ્ઞાકારજી. ૫૯
ત્રીજા વંદું વાયુભૂતીજી ધરી પ્યારજી,
એ ચલ આયા વડ બંધવકી વ્હારજી;
પ્રભુમુખ પેખી ચરણ રહ્યા લપટાઇજી,
એ તીનોઇ સગા સહોદર ભાઇજી. ૬૦
ચોથા પ્રણમું વ્યક્ત વ્યક્ત ગુણવંતજી,
સંશય ભંજન આય ભેટયા ભગવંતજી;

દર્શન માત્રસેં મિટગઈ મનકી ભ્રાન્તજી,
　　વાણી સુણુતાં હોય ગયા ઉપશાંતજી. ૬૧
પંચમ પ્રણુમું શ્રી સૌધર્મ ગણુધારીજી,
　　વીર પ્રભુકા પટ્ટોધર જયકારીજી;
આરાઅંતલગેં વર્તેંગા તીરથ ચ્યારોજી,
　　સો સબ જાનો ઇનહીકો પરિવારોજી. ૬૨
છઠ્ઠા પ્રણુમું મંડિતપુત્ર મહંતજી,
　　સપ્તમ પ્રણુમું મૌર્યપુત્ર મતિવંતજી;
અષ્ટમ પ્રણુમું અકંપિત અડોલજી,
　　નવમા નમું અચલભ્રાત અમોલજી. ૬૩
દશમા વંદું મેતારજ મતિધારીજી,
　　એકાદશમા શ્રી પ્રભાસ બ્રહ્મચારીજી;
એ એકાદશ બ્રાહ્મણકુલ ઉત્પન્નજી,
　　ચાતુર્દશ મહા વિદ્યામેં વ્યુત્પન્નજી. ૬૪
એ એકાદશ યજ્ઞકારી અધિકારીજી,
　　એ એકાદશ પ્રત્યેક સંશય ધારીજી;
એ એકાદશ આયા સહ પરિવારીજી,
　　ચુમાલીસસો સર્વે સંખ્યા સારીજી. ૬૫
એ સઘળાહી સમજ્યા એકણુ સાથેજી,
　　સંયમ લીનો વીર પ્રભુને હાથેજી;
ધન્ય ધન્ય માત પિતા ગુણુખાણીજી,
　　ઉત્તમ કુળમેં ઉપના ઉત્તમ પ્રાણીજી. ૬૬
એ એકાદશ દ્વાદશાંગ શ્રુતધારીજી,
　　એ એકાદશ લબ્ધીપાત્ર સુખકારીજી;
નવ ગણુધરજી વીર છતાં લહી મોખજી,
　　દો ગણુધરજી પીછે હુવા નિરદોષજી. ૬૭
યોં અનુક્રમે ગણુધરરત્ન ઇગ્યારજી,
　　થાપ્યા પ્રભુજી નિજ શાસન સુખકારજી;

શ્રી જિનવરકા જોગબલ જયવંતજી,
તર્યો તરે તરશે જીવ અનંતજી. ૬૮
અબ મેં પ્રણુમું સોળે સતી ભગવંતીજી,
સંકટ પડિયાં શીલ રાખ્યો સત્યવંતીજી;
અનેક સતીઆં હોય ગઇ અનમોલજી,
પિન મુખ્યતાએ સતી કહાઇ સોલજી. ૬૯
પ્રથમ પેહેલી બ્રાહ્મી સુંદરી સાથેજી,
અંકાક્ષરકી વિદ્યા ભણી પ્રભુ હાથેજી;
અકનકુંવારી જીત્યો મહા રિપુ મેનજી,
ભરત બાહુબલ દોનોંકી દો બ્હેનજી. ૭૦
દૂજી ચંદનબાળા બાળકુમારીજી,
સંકટ સહી રાખ્યો શીલ સુવિચારીજી;
અડદ બાકુળા પડિલાભ્યા મહાવીરજી,
પ્રભુને દાને પામી ભવનો તીરજી. ૭૧
તીજી સતી રાજેમતિ રાજ્યકુમારીજી,
તોરણુસેંતી નેમ ત્યાગી નિરાધારીજી;
તો પિન સતીએં ન તજ્યો નેમકો પ્રેમજી,
ભગવંત ભેટયા પ્રતિબોધી રહનેમજી. ૭૨
ચોથી સતી દ્રૌપદી દ્રૌપદબેટીજી,
દુષ્ટ દુશાસન મર્યાદા સબ મેટીજી;
મહાસતીકે શીલસેં દીની સહાયજી,
અઠ્ઠોત્તરસો નવનવ ચીર પુરાયજી. ૭૩
પંચમી સતી કૌશલ્યાજી કુળવંતીજી,
દશરથ નૃપકી પટ્ટરાણી દીપંતીજી;
શીલસંતોષે પામી પરમ સુખ શાતાજી,
જગજનવંધ રામચંદ્રકી માતાજી. ૭૪
છઠ્ઠી સતી મૃગાવતી મહામતીજી,
શીલ રાખવા રચી અપૂરવ યુક્તીજી;

સાતમી સતી સુલસાજી સત્યવંતીજી,
સાચે ભાવે શીલ પાળ્યો ગુણવંતીજી. ૭૫
સીતા સતી સતીઆંમેં શિરદારજી,
રામનારકો વનમેં હુવો અપહારજી;
પાછી આણી આયો અણહુંતો આળજી.
ધીજ ઊતરી છોડયો જગજંજાલજી. ૭૬
નવમી સતી સુભદ્રાજી સુકમાલજી,
સાધુસેવા કરતાં ચઢીઆં આળજી;
કાચે તારે ચાલણીસેં જલ કાઢીજી,
શીલ પ્રભાવે ચંપાં પોળ ઉઘાડીજી. ૭૭
દશમી સતી શિવા શિવકર્તારીજી,
શીળ પાળીએ। પતિવ્રતા વ્રતધારીજી;
કુન્તાજીકા શીલથકી સુખ ચેંનજી,
પાંડવમાતા દશો દશારકી બ્હેનજી. ૭૮
બારમી સતી શીલવતી નામ પ્રણામજી,
શીલપ્રભાવે પામ્યા સુખ અભિરામજી;
તેરમી સતી દમયંતી નલરાણીજી,
શીલપ્રભાવે કષ્ટ ટળ્યો દુઃખખાણીજી. ૭૯
ચોદમી સતી પુષ્પચૂલા પ્રમાણીજી,
પંચદશમી પ્રભાવતી જગ જાણીજી;
સોળમી સતી પદ્મમાવતી પતિવ્રતાજી,
ઇન વિધ જાનો સોળે સતીએ સુવ્રતાજી. ૮૦
ઇનમેં કેતીક સર્વથા બ્રહ્મકુમારીજી,
કેતીક સતીએ પતિવ્રતા વ્રતધારીજી;
ઈન સબ સતીએં શીલ પાળ્યો ખગધારજી,
તીન કરણ તીન યોગ એકતારજી. ૮૧
ઇનકે નામે સંકટ કષ્ટ પુલાયજી,
ભાવે પ્રણમ્યાં ભવ ભવ પાતિક જાયજી;

ઇત્યાદિ બહુ ધર્મી જીવોંકા અધિકારજી,
ધર્મકથાનુયોગમેં કહ્યા ગણધારજી. ૮૨
ધર્મિજીવકા સાંભળી ચરિત્ર ઉદારજી,
ધડો લેઈ અનુકરણ કરો નર નારજી;
અનન્ય ભક્તિ સ્વસ્વરૂપાનુસંધાનજી,
તિનકા કારણ ભક્તિરત્ન યહ જાનજી. ૮૩
અબ મેં પ્રણમું પ્રકીરણ ગુણધારીજી,
ન્યારા ન્યારા દાખવું સુગુન ઉચારીજી;
ગુણગ્રાહી હો ગુણવંતકા ગુણગાઓજી,
સ્વશ્લાઘીકા ભર્મમેં મત ભરમાઓજી. ૮૪
નમો નમોજી શુભેચ્છાકે ધારીજી,
નમો નમોજી હિત મિત મધુર ઉચારીજી;
નમો નમોજી નિયમિત કાયા-ધારીજી,
નમો નમોજી તીનો યોગ શુભકારીજી. ૮૫
નમો નમોજી પ્રત્યેક વિષય વિરક્તજી,
નમો નમોજી સર્વ વિષય અનાશક્તજી;
નમો નમોજી જીવ જે આર્ય-વિચારીજી,
નમો નમોજી જીવ જે આર્ય-આચારીજી. ૮૬
નમો નમોજી દાનરૂચીકે ધારીજી,
નમો નમોજી શીલવંત અવિકારીજી;
નમો નમોજી નિરઆશા તપકારીજી,
નમો નમોજી શુભ ભાવકે ધારીજી. ૮૭
નમો નમોજી જીવ જે માર્ગાનુસારીજી,
નમો નમોજી સપ્તવ્યસનપરિહારીજી;
નમો નમોજી અભક્ષ્યકે પરિહારીજી,
નમો નમોજી અષ્ટ મૂલગુણધારીજી. ૮૮
નમો નમોજી કારૂણ્ય ભાવના-ધારજી,
નમો નમોજી પ્રમોદ ભાવ-ઉદારજી;

નમો નમોજી મૈત્રીભાવ સમસ્તજી,
નમો નમોજી માધ્યસ્થ ભાવ પ્રશસ્તજી. ૮૯
નમો નમોજી પ્રતીત સમકિતવંતજી,
નમો નમોજી ક્ષાયિકવંત મહંતજી;
નમો નમોજી એક-દેશ વ્રતધારીજી,
નમો નમોજી સર્વદેશ અણગારીજી. ૯૦
નમો નમોજી અહિંસાવ્રતધારીજી,
નમો નમોજી નિરવદ્ય સત્ય--ઉચ્ચારીજી;
નમો નમોજી ચોરીકે પરિત્યાગીજી,
નમો નમોજી બ્રહ્મચારી વૈરાગીજી. ૯૧
નમો નમોજી અપરિગ્રહી અવિરોધીજી,
નમો નમોજી સમતાધારી અક્રોધીજી;
નમો નમોજી માનરહિત ગુણવાનજી,
નમો નમોજી સરલ સ્વભાવી સુજાનજી. ૯૨
નમો નમોજી નિરલોભી મહાભાગજી,
નમો નમોજી રાગ રહિત વીતરાગજી;
નમો નમોજી દ્વેષરહિત અદ્વેષીજી,
નમો નમોજી કલહરહિત સુવિશેષીજી. ૯૩
નમો નમોજી જે નવિ દે પર આળજી,
નમો નમોજી તજે જે ચાડીકા ખ્યાલજી;
નમો નમોજી પરપરિવાદ ન બોલેજી,
નમો નમોજી રતિ અરતિ સમતોલેજી. ૯૪
નમો નમોજી માયામૃષાસેં જે ન્યારાજી,
નમો નમોજી મિથ્યાશલ્ય જિનેં ટાર્યાજી;
નમો નમોજી સરવે સજ્જન સન્તજી,
નમો નમોજી ઈત્યાદિક ગુણવંતજી. ૯૫
ઇણ વિધ ગાયો ગુણિજનકા ગુણગાનજી,
ગુણીગુણગાતાં ચિત હોવે એક તાનજી;

એક તાનસેં પ્રગટે અપૂરવ ભાનજી,
અપૂર્વ ભાને જીવિત-જન્મ પ્રમાનજી. ૯૬

ગુણીગુણગાતાં વિનય મિથ્યાત્વ ન જાણોજી,
વિનય મિથ્યાત્વી ન લહે સ્થાન પ્રધાનોજી;
સમકિત માને પોષી દેહાભિમાનોજી,
તિનકા કહોજી કિસ વિધ હોય કલ્યાનોજી ? ૯૭

ઉગણીસેં ને પેંસઠ સાલ સુસાલજી,
કાર્તિક માસેં દિવસ વડા દીપમાળજી;
ડીસા-નયરે ગુંથી એ ગુણમાળાજી,
ભણતાં સુણતાં વરતે મંગલમાળાજી. ૯૮

એ ગુણમાળઃ સ્વર ધરકેં જો ગાસીજી,
તિન ભવ્યોંકી જીવ્હા પાવન થાસીજી;
એ ગુણમાળા સુણસી જે એક ચિત્તજી,
તિનકા હોસી હૃદય કર્ણ પવિત્રજી. ૯૯

એકસો ગિનતાં છેવટ આવે એકજી,
તિનકો ભવિજન કીજો ચિત્ત વિવેકજી;
તિનહી એકકો એ સઘળો વિસ્તારજી,
સોહી એક પ્રણમું શ્રી ૐકારજી. ૧૦૦

સો ઓળખાયો શ્રી સદ્ગુરૂ ભગવંતજી,
તિન કારણસેં પ્રણમું વાર અનન્તજી;
શ્રી ગુરૂરાજ જાનો રતન સમાનજી,
જિનકા દર્શન માત્રસેં કોડ કલ્યાનજી. ૧૦૧


ઇતિ શ્રી સ્તવનાશતક અપરનામ ગુણમાળા સંપૂર્ણ.

(સંવત્ ૧૯૬૫ મુ૦ ડીસા.)

---:o:---

પદ્ય ૧ લું.

શ્રી સદ્‌ગુરૂ ભગવંતકી સ્તુતિ ચોપાટબંધ છંદ.



સરસ શુદ્ધ ઉચ્ચાર વાની રહી અમી સમ વરસ,
સરવ ગુણ સંયુક્ત દેખણ રહ્યો મધુકર તરસ;
સરત નહી પલ એક ભૂલ્યાં યાદ આવે દરસ,
સરદ પૂનમ ચન્દ્રહિ સુસ્વામી શીતલ સરસ. ૧

(સંવત ૧૯૪૬. મુ. ઝાલોર.)

પદ્ય ૨ જું.

પરમ નિર્ગ્રંથ સદ્‌ગુરૂકી જયમાલા—પદકી દેશી.

યાદ નિત આવે મોય શ્રી ગુરૂ દીનદયાળા,
જે જિનશાસન અજુવાળા, યાદ નિત આવે મોય શ્રી૦ ૧ (ટેક.)

અહિંસઈ સત્યભાષી દત્તગ્રહી, નિઃકામિ ધનત્યાગી;
મોહ અજ્ઞાન મારકોં મારે, જ્ઞાનદશા જસ જાગી. યાદ૦ ૨
શીતકાલમેં શીત પ્રભાવે, અજમ વસ્તુ જમ જાવેં;
સરતટ તટિનીતટ પરમગુરૂ, આતમ ધ્યાન લગાવે. યાદ૦ ૩
ગ્રીષ્મ ગંજ તાવરા-કેરા, ગિરિશ્રૃંગ પરે ઘનેરા;
અતિ તાપમેં લહે આતાપન, દહે કર્મ-વન ઘેરા. યાદ૦ ૪
મેઘઝરી અરૂ પવનઝકોરા, પાવસમેં વનકેરા;
આસ નિરૂંધી વાસા વસે વન, તાપદ ઢોક હમેરા. યાદ૦ ૫
કરૂણાશીલ સહજાત્મસ્વરૂપી, સ્વરૂપાચરણી સ્વામી;
નિઃકષાય શાન્તિ પરિણામી, સહજ સમાધિ જિન પામી. યાદ૦ ૬
સ્વરૂપધર્મમેં અડગ મેરૂપર, ધરણીકી પર ધીરા;
રત્નત્રય ધારી શ્રીસતગુરૂ, મેટો ત્રિવિધ મમ પીરા. યાદ૦ ૭

(શુભ સંવત્ ૧૯૪૭—મુ૦ મેડતા.)

પદ્ય ૩ જું.

શ્રી સતસન્તના વિરહવિષે-હોરી.

સતસંગવિના જિયા તરસેંજી, મ્હેં તો આન પર્યા ઇન દુઃષમકાલમેં;
સતસંત વિના મન તરસેંજી. (એ ટેક.)
શ્રી સદ્ગુરૂ સકલગુણસંપન્ન, ધૈર્યવંત મહિસરસેં. મ્હેં તો૦ ૧
શ્રી સદ્ગુરૂ બિરૂદ નિર્વાહક, અચલવૃાન્ત મહિધરસેં. મ્હેં તો૦ ૨
શ્રી સદ્ગુરૂ સર્વવિધિ દેશક, પરોપકારી જલધરસેં. મ્હેં તો૦ ૩
સદ્ગુરૂ વિન અંતઃકરણ તપતહૈ, સો લિખિ જાય ન કરસેં. મ્હેં તો૦ ૪
તિન સદ્ગુરૂ આન આરાધન, જે ભવ્ય ઉદ્યમ કરસેં. મ્હેં તો૦ ૫
તે ભવ દુઃષમકાલ કાલકે માંહિ, ફિર અવતાર ન ધરસેં. મ્હેં તો૦ ૬
ઇમ જાનતહી ફંદ પરતહું, મુજ કારજ કિમ સરસેં. મ્હેં તો૦ ૭
જાનું સરધોંપેં ફરસ્યો ન જાય, જોર ન ચાલે જબરસેં. મ્હેં તો૦ ૮

ચરનસેં હીરા ડાર હાથસેં, મૂંઠિયા ભરલી કંકરસેં. મ્હેં તો૦ ૯
તદપિ સમ્યગ-રત્ન-પ્રભાવે, મુજ મનવંછિત ફલસે. મ્હેં તો૦ ૧૦
સો દિન રત્ન અમૂલખ હોસી, જા દિન સર્વજ્ઞ મિલસે. મ્હેં તો૦ ૧૧

(સંવત્ ૧૯૫૭. મુ. શ્રીગધરાણા.)

પદ ૪ થું.

શ્રી સદ્દગુરૂ-ઉપકાર-પચ્ચીશી.

(સોરઠા.)

સતગુરૂકા ઉપકાર, ભવ્યાતમ પર ભૂરી હૈં;
કહતાં કુણ લહે પાર, પિણ મતિ સારૂ વર્ણવું. ૧

(ચોપાયા છંદ.)

આગે વિષયતણે વશ પડિયો, કરિ કષાય ભવવન આથડિયો;
સો અબ જાન્યા શત્રુ સારા, એ પરતાપ સુગુરૂજી થારા.૧ (એ ટેક)
ધન નારીકી મૂર્ચ્છા આણી, પાપ કિયા બહુ જાણી જાણી;
તિણ સબસેં અબ હૂવા ન્યારા, એ૦ ૨
સાંસારિક સુખનો ઉમાહ્યો, બાટી સાટે ખેત ગમાયો;
અબ સો સુખ સબ લાગા ખારા, એ૦ ૩
આગે ઉદર ભરનકેતાંઇ, કરતો જણ જણપેં નરમાઇ;
અબ સબ હૈં કર કર મનુહારા, એ૦ ૪
આગે સબ દેતા રેંકારા, કહેતા રાંક ગરીબ બિચારા;
અબ સબ દેવે આવ પધારા, એ૦ ૫
કર્મ અનારજકે કુલમાંઇ, કર્મ કિયા સો કહ્યા ન જાઇ;
તિણ સબસેં અબ હૂવા ન્યારા, એ૦ ૬
આગે ઘરમેં કરતા ખેતી, [1]ટાટ ઘસીજતી ભારાંસેંતી;
અબ [2]ઘણુ ઘી અરૂ ઘણુ [3]જીકારા, એ૦ ૭

---

૧ માથાની ટાલ. ૨ ઘણા. ૩ જીહા કરનારા.

આગે પરઘર નોકર રહતો, તાસ વચન સઘળાં શિર વહતો;
સો ખટકા અબ મિટગયા સારા, એ૦ ૮
તેલી માળી કુંભાર સુનારા, તેહતણા કૃતકર્મ દુઃખારા;
તિણ સબસેં અબ હૂવા ન્યારા, એ૦ ૯
આગે ઘરમેં વિણજણી કરતા, ગામ ગામ ઘરઘરમેં ફિરતા;
અબ ધાર્યા નિર્વદ્ય વ્યાપારા, એ૦ ૧૦
ઇમ ભવ ભમતાં કાલસ્વભાવેં, નદીકાંકરાકેરે ન્યાવેં;
ધર્મનામ મુજ લાગ્યા પ્યારા, એ૦ ૧૧
તબ ઘર તજ પાખંડમત ધારા, તિન પાખંડકા ભેદ અપારા;
આગમસોં જાન્યા વિસ્તારા, એ૦ ૧૨
આગે સેવ કુદેવકી કીની, અર્હંતપદ મહિમા નહિ ચીની;
અબ જાના વિન દોષ અઠારા, એ૦ ૧૩
આગે કુગુરૂ ભરૂંસા રાખ્યા, તાતેં દુર્ગતિકે ફલ ચાખ્યા;
અબ ઉર ગુરૂ ધાર્યા અણગારા, એ૦ ૧૪
આગે કુધર્મમેં મત ભેળી, નહિ જાની જિનમતકી શૈલી;
વિનયમૂલ ધર્મ અબ ધારા, એ૦ ૧૫
આગે દ્રવ્યસ્વરૂપ ન લખતો, અજ્ઞપણે આવે જ્યું બકતો;
અબ મેં જાન્યા ન્યારા ન્યારા, એ૦ ૧૬
આગે પદારથજ્ઞાન ન પાયો, અટ્ટ સટ્ટ કહી જગ ભરમાયો;
(અબ) જાન્યા ભિન્ન ભિન્ન વિસ્તારા, એ૦ ૧૭
આગે તપગુણ પ્રગટયો તનમેં, ક્રોધ નિદાનતો રહતે મનમેં;
અબ અનિદાન ક્ષાન્તિ યુત ધારા, એ૦ ૧૮
જ્ઞાનતણો ક્ષાયોપશમ હૂવો, તો ક્રિયાતેં રહ ગયો જૂવો;
જ્ઞાન ક્રિયા દોનૂ અબ ધારા, એ૦ ૧૯
ઇહ ભવમેં ગુણ પ્રગટ લખાવે, પરભવમેં સંશય કિમ આવે;
સંશય મોહકોં દૂર પછારા, એ૦ ૨૦
નર સુર અસુર ઇન્દ્ર અહમિંદ્રા, ઇન ચઉપદતેં અધિક મુનિંદા;
સો દુર્લભપદ અબ મેં ધારા, એ૦ ૨૧

જિન ગુણધરકી પદવી લહિયે, તહાં મૂલ મુનિકો પદ ચહિયે;
સો અલભ્ય પદકોં મેં ધારા, એ૦ ૨૨
ગુરૂ-સેવી ગુણ-શ્રેણી જાણી, ક્રમે ક્રમંતો ઉત્તમ પ્રાણી;
યાવત લહે ભવોદધિ પારા, એ૦ ૨૩
ગુરૂપદકો ઉપકાર હૈ એસો, ધારો ઉર જિનમતકી રેસો;
અવગુણ છોડ ગ્રહો ગુણ સારા, એ૦ ૨૪
કહાંલોં કરૂં વખાન ગુરોંકો, મેટ દિયો આતમકે વાંકો;
કંકરકા સુરત્ન કર ડારા, એ પરતાપ સુગુરૂજી થારા. ૨૫
(સંવત ૧૯૫૯ મુ૦ આણંદપુર.)

પદ્ય ૫ મું.

ॐ તત્-સત

(મંગલાચરણ-હરિગીત-છંદ.)

અહો શ્રી સત્પુરૂષકે વચનામૃતં જગહિતકરં,
મુદ્રા અરૂ સત સમાગમ સુતિ ચેતના જાગૃતકરં;
ગિરતિ વૃત્તિ સ્થિર રખે દર્શનમાત્રસેં નિર્દોષ હૈં,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલસદ્‌ગુણકોષ હૈં. ૧
સ્વ સ્વરૂપકી પ્રતિતી અપ્રમત્ત સંયમધારણં,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણં;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતારહૈં,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈં. ૨
"સહજાત્મ" "સહજાનન્દ" "આનન્દ ઘન" નામ અપાર હૈં.
"સતદેવ" ધર્મસ્વરૂપદર્શક સુગુરૂ પારાવાર હૈં;
ગુરૂભક્તિસોં લહે તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈં.
ત્રિકાલ જયવંત વર્ત્તો શ્રીગુરૂ "રાજ" નમસ્કાર હૈ. ૩

એમ પ્રણમી શ્રી ગુરૂદેવકે પદ આપ પરહિત કારણું,
જયવંત શ્રી જિનરાજવાણી કરૂં તાસ ઉચ્ચારણું;
ભવભીત-ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
"શ્રીરત્ન"ત્રયની ઐકયતા લહિ સહી સો નિજ પદ લહે. ૪
(સંવત્ ૧૯૬૫ મહાવદી ૧૧ મુ. કલોલ.)

પદ્ય ૬ ઠું.

શ્રીસદ્‌ગુરૂ ભગવંતસેં પ્રાર્થના.

આપકો આધાર સદ્‌ગુરૂ આપકો આધાર. (એ ટેક.)
શ્રી સહજ આત્મ સ્વરૂપ સ્વામી, શુદ્ધ ચૈતન્ય ધાર;
ઇસ અસાર સંસાર માંહી, દેખ્યો ઇતનો સાર. સદ્‌ગુરૂ૦ ૧
યોગક્ષેમ કરે સો નાથ, એહ શબ્દ વિચાર;
હાથ પકડ સનાથ કીનો, વાત મુખ-ઉચ્ચાર. સદ્‌ગુરૂ૦ ૨
કાહુકે કન કાહુકે ધન, કાહુકે પરિવાર;
મેરે તો હે શરણુ સાચે, સુગુરૂ ગુણભંડાર. સદ્‌ગુરૂ૦ ૩
વિપત્તીવારિધીમાંહી બૂડત, કો કરે મમ સાર ?
આપ નિર્યામિક હોકર, ઊતારો ભવ-પાર. સદ્‌ગુરૂ૦ ૪
લહુ કહે બહુ માની લીજે, મેરી યહ પુકાર;
રત્નત્રય બક્ષીસ કીજે, દયા દિલમેં ધાર. સદ્‌ગુરૂ૦ ૫
(સંવત્ ૧૯૬૫ મુ૦ ડીસા શહેર.)

પદ્ય ૭ મું.

શ્રી સદ્‌ગુરૂપ્રાપ્તિહર્ષપ્રદર્શનાર્થ આનન્દોદ્‌ગાર.

(મીરાં ભક્તિ કરે પરગટકી નાથ તુમ જાનતહો.—એ રાગ.)
કૌન સુધારતે કાજ, રાજબિન, કૌન સુધારતે કાજ.
કૌન રખે મેરી લાજ, રાજબિન, કૌન રખે મેરી લાજ. (એ ટેક.)

શ્રી સહજાત્મસ્વરૂપ સોહાવે, શુદ્ધચૈતન્યસામ્રાજ;
  પરભવકા પૂરાવા માટે, શ્રીગુરૂ રાજાધિરાજ. રાજભિ૦ ૧
કર્મ કીચસોં નિકસન અર્થે, શોધે અનેક ઈલાજ;
  રાજવાકયામૃત રૂપી પાવન, પાગઇ પહોળી પાજ. રાજ૦ ૨
સત હુંઢનકું હુંઢક બનકેં, હુંઢે અનેક સમાજ;
  સ્વપ્નેમેં ગુરૂ રાજકોં નિરખત, ગઈ સબ ભ્રમણા ભાજ. રાજ૦ ૩
સંસ્કારબલ સત્ય અભાવેં, રહતા ચિત્ત નારાજ;
  કૃપાનાથ કર પકર્યો જબસેં, તબસેં મિટિ મન દાજ. રાજ૦ ૪
દુઃખ-દરિયો ઉલ્લંઘન અરથેં, કીના અનેક ઇલાજ;
  શ્રીગુરૂ રાજ સ્વરૂપી પાઇ, સહજે સફરી જહાજ. રાજ૦ ૫
શ્રીગુરૂ રાજ વૈદ્ય મિળ્યા મુજ, મેરો કીનો ઇલાજ;
  લાજખાજ દાજ રોગ મેટકેં, આતમબલ દિયો સાજ. રાજ૦ ૬
શ્રી ગુરૂ રાજ મહારાજ સુણીજે, મેરી અરજ-અવાજ;
  ગરિબનિવાજ રત્નત્રયી રૂપી, બગસીજે સ્વરાજ. રાજ૦ ૭
(સંવત્ ૧૯૬૫. મુ૦ ડીસા શહર.)

પદ્ય ૮ મું.

શ્રી સદ્‌ગુરૂ વિરહ.

(કિન વન હુંઢુંરીમાઈ. એ રાગ.)

કહો કહોં હુંઢુંજી સ્વામી,
  સ્વામીજી મેરા શ્રીસહજાત્મ સ્વરૂપ, કિસ વિધ પાઉંજી સ્વામી;
સ્વામીજી મેરા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ,
  કિસવિધ પાઉંજી સ્વામી ? (એ ટેક.)
મોહમયી સંસારશહરમેં, ગયા સહજાત્મ દુરાઇ;
  સહજાત્મ અસહજ ભએ ઐસી, કુબુદ્ધિ કહાંસેં આઈ ? કહો૦ ૧
એક સહજાત્મ સ્વરૂપ બિના સબ, ભાંસે જગત દુઃખદાઈ;

શ્રી સહજાત્મસ્વરૂપ સ્વામી બિન, કહાં પુકારો જાઈ? કહો૦ ૨
સહજાત્મતા સહજેહી પ્રગટે, કયોં મરો ધાઇ ધાઈ;
કોડી ઉપાય કરે કયોં કૂડા, સમઝકેં રહો સમાઈ. કહો૦ ૩
શ્રીસહજાત્મસ્વરૂપી સ્વામી, હૈ તુઝકા તુઝમાંહી;
ખોજ પકરી વિશ્વાસ ધરો દૃઢ, આઈ મિલેગા સાંઈ! કહો૦ ૪
જ્ઞાનનેંન ગુરૂગમ વિન ન મિલે, સહજાત્મ સુખદાઈ;
રત્નરાજ ગુરૂદેવ પ્રસાદે, સહજાતમતા પાઇ. કહો. ૫

(સંવત્ ૧૯૬૫. મુ૦ ડીસાશહર.)

પદ્ય ૯ મું.

પુનઃ સુગુરૂવિરહ.

(શ્રીવીરપ્રભુ સિદ્ધ થયા—એ દેશી.)

શ્રીસહજાત્મ સ્વરૂપજીરે, શ્રીશુદ્ધ ચૈતન્ય જ્યોતિ;
જોગ બળે કરી જગતમાંરે, કરતા ધર્મ ઉદ્યોતરે—
સતગુરૂ સાંભળો, સેવકની અરદાસરે;
દરશદેખાડિયે, જિમ મન લહે વિશ્વાસરે. સદ્દગુ૦ ૧
આર્ય દેશ કુળ ઊપનારે, જીવ જે ભવ્ય સ્વભાવ;
સુલ્લભબોધિ કર દિયારે, ધન્ય તુમ વચન પ્રભાવરે. સદ્દગુ૦ ૨
પરદેશોથી આવતારે, પ્રશ્ન અનેક પ્રકાર;
ઉત્તર દેતા ઉલ્લસીરે, સ્વાનુભવ આધારરે. સદ્દગુ૦ ૩
વાણીસુધા વરસાવતારે, હેતુ અનેક સમાય;
તે વચનોના [1]સાંખળાજી, સબ મુમુક્ષુસમુદાયરે. સદ્દગુ૦ ૪
સૂરત તો દીસે નહીંરે, પલ પલ આવે યાદ;
પરિચયી ને અપરિચયીરે, અધિક કરે વિષવાદરે. સદ્દગુ૦ ૫
ભરતક્ષેત્રમાંહી પડયોરે, વીર પ્રભુનો વિયોગ;

---

૧ ઉમેદવારી.

તેમજ આ કળી કાળમાંરે, બનિયો સહી સંયોગરે. સદ્‌ગુ૦ ૬
સબસમુદાયને આપનોરે, મોટો થયો આધાર;
ગમ્ય ક્ષેત્રમાં કોયે નહીંરે, તુમ સમ જ્ઞાનદાતારરે. સદ્‌ગુ૦ ૭
સૂત્ર-રહસ્ય તુમ સારખીરે, કોઈ ન ખોલનહાર;
વાદીકે સારે નહીં રે, પૂછે સોહી તૈયારરે. સદ્‌ગુ૦ ૮
મનના સંશય પૂછવારે, આવતા સંત અનેક;
રાજી થઈ બતલાવતારે, વારૂ અધિક વિવેકરે. સદ્‌ગુ૦ ૯
વાતો તો સત્પુરૂષનીરે, લખી હૈયાને માંય;
યાદ ઘણાને આવશેરે, ભૂલી તે નવ જાયરે. સદ્‌ગુ૦ ૧૦
રત્નતુલ્ય ગુરૂદેવનોરે, વિરહ સહ્યો નવિ જાય;
પણ બાંધી પૂરવ ભવેંરે, ઉદય થઇ અંતરાયરે. સદ્‌ગુ૦ ૧૧

(સંવત્ ૧૯૬૫ મુ૦ ડીસા શહર.)

પદ્ય ૧૦ મું.

શ્રી સદ્‌ગુરૂસેવા-મહિમા.

(રાગ જીંદવા કાફી હોરીકી ચાલમેં.)

સતગુરૂકી આન શિરધરરે, દૃઢ વિશ્વાસ પકરરે. (એ ટેક.)
શ્રીશુદ્ધચૈતન્ય દેવકી સેવકો, આન મિળ્યો અવસરરે;
શ્રીસહજાત્મ સ્વરૂપ સુગુરૂકોં, સર્વ સમર્પણ કરરે. સત૦ ૧
શ્રીસતગુરૂજી સત્યસેં રીઝે, તાતેં કપટ પરિહરરે;
અસદ્‌ગુરૂવત્ શ્રીસત ગુરૂસેં, દંભ ન આવે બરરે. સત૦ ૨
સતગુરૂ રૂપ જહાજમેં બેઠી, દુસ્તર ભવજલ તરરે;
સતગુરૂ વચનામૃતકો પાનકર, હો જા અજર અમરરે. સત૦ ૩
સતગુરૂ ચરણકમલકે માંહીં, મધુકર હોય વિચરરે;
સ્વગુણસુગંધ સ્વભાવેં સંપજે, ચિત્તમેં રાખ સબરરે. સત૦ ૪
સતગુરૂદેવકી સેવકે માંહીં, મતિ આણે અંતરરે;

સતગુરૂ દેવ બરોબર જાની, દિલકી દુવિધા હરરે. સત૦ ૫
સતગુરૂકી મહિમા સતશાસ્રેં, આપ કહે જિનવરરે;
સો સતગુરૂજી ન જાય પિછાન્યા, વિન અનુભવકી નજરરે. સ૦ ૬
કુગુરૂકી કરતૂત દેખકેં, ભ્રમજંજાલ મ પરરે;
શ્રીસતગુરૂજીકે સુપ્રસાદેં, અનંદ ગુરૂસેં ઉગરરે. સત૦ ૭
સિંહકી ખાલ શિયાળ ઓઢકેં, કરત સિંહ સરભરરે;
તૈસેંહી ભેખી ભર્મકી મુંઠીવત્, છાના ન રહત આખરરે. સ૦ ૮
નવ ઘાટી લંઘી નરભવ પાયો, સમજ સયાના નરરે;
સતગુરૂસેવ પ્રમાદ વાદ ત્યજી, કર લે સફલ સફરરે. સત૦ ૯
દેહાભિમાનાદિ સર્વ બંધનસેં, છૂટા હો જા સુઘરરે;
સતગુરૂકે શરણે જો આવે, તિનકો કહો ક્યા ડરરે? સત૦ ૧૦
શ્રીસતગુરૂકા દર્શ માત્રસેં, તૂટે કુકર્મકા થરરે;
રત્નરાજ ઉપકારી સુગુરૂકો, શ્વાસોશ્વાસ સમરરે. સત૦ ૧૧
(સંવત ૧૯૬૫, મુ૦ ડીસા.)

પદ ૧૧ મું.

શ્રી સદ્ગુરૂ ભગવાનકી જયમાલ.

(દોહરા.)

ગુરૂપદ અનંત ગુણાત્મક, કો બુદ્ધિ પાવે અંત;
પિણ સ્વ પરહિત કારણે, ગુણ વરણવે ગુણવંત.
"जं सम्मंति पासह, तं मुणंति पासः
जं मुणंति पासह, तं सम्मंति पास."

(લાવણી.)

હમારે ઉરમાંહિ વસ્યા,
સહજાત્મ સ્વરૂપ ગુરૂરાજ, હમારે ઉરમાંહિ વસ્યા,
પંડિતજનશિરતાજ, હમારે દિલમાંહિ વસ્યા,

તારણતરણ જિહાજ, હમારે દિલમાંહિ વસ્યા,
સ્વામી સાચા ગરીબનિવાજ. હમારે૦ (એ ટેક.)
સમ્યગ્ દર્શન જ્ઞાન ચરણ કર, જો સાધે શિવપંથ;
સો સાચા સમકિતી સાધુ, જેહ ભાવ-નિર્ગ્રંથ. હમારે૦ ૧
એક અભેદ સ્વરૂપ વિચારે, દ્વિવિધ ધર્મ દરશાય;
તીન તત્વ સચ્ચા દર્શાવક, છાંડે ચ્યાર કષાય. હમારે૦ ૨
પંચયામ નિરતા નિત્ય ધારે, ષટ્ કાયા પ્રતિપાલ;
સમભયકર આપ અભીતા, આઠાં મદ દિએ ગાલ. હમારે૦ ૩
નવવિધિ વાડ વિશુદ્ધ બ્રહ્મચારી, દશલક્ષણ ધરે ધર્મ;
એકાદશ શ્રાવકની પડિમા, જાણે તિનકો મર્મ. હમારે૦ ૪
દ્વાદશાંગશ્રુતકેં પારંગત, તેર ક્રિયાકે સ્થાન;
ત્યાગે ચઉદે ભૂતગ્રામકું, જાણે જીવ સમાન, હમારે૦ ૫
પનરે પરમાધામી-કેરા, દુઃખસેં રાખે ઝાલ;
ષોડશકારણ ભાવના ભાવે, સંયમ ગુણમણિમાલ. હમારે૦ ૬
વીસ અસમાધિ દોષ પરિહરે, એકવીસ સબલા દોષ;
બાવીસ પરિસહ સહે સમભાવે, ચિત ચોટયો જાકો મોખ. હ૦ ૭
તેવીસ પદવીકે મર્મજ્ઞ, શ્રી ચોવીસે દેવ;
આરાધે આદર અધિકેરે, લહેત સુસેવકો ભેવ. હમારે૦ ૮
પંચ મહાવ્રત-કેરી ભાવે, ભાવન નિત્ય પચવીસ;
પરિહરે પાપસૂત્ર ગુણીતીસાં, મહા મોહની સ્થાનક ત્રીસ. હ૦ ૯
ઇગતીસ સિદ્ધગુણ ચાહે ચિતમેં, બત્તીસ સંગ્રહ યોગ;
તેત્રીસ સુગુરૂ આશાતના ટાળે, પાળે સયલ નિયોગ. હ૦ ૧૦
મૂર્છારહિત દેહરક્ષાર્થે, અસનાદિક ગ્રહિવાય;
આહારશુદ્ધિ સર્વશુદ્ધિ અર્થે, ભોગવે જે સમભાવ. હ૦ ૧૧
બાવન અનાચિર્ણ ટાળે, બાવન પ્રાણ પ્રતિપાલ;
દયા ભગવતી માતા-કેરા, સાઠ બોલ સુવિસાલ. હમારે૦ ૧૨
શ્રીજિનશાસનકે વિષેજી, રવિસમ ગુરૂ ભગવંત;
દિનકર તો દિનકા તપેજી, ગુરૂ તપતેજ સતંત. હમારે૦ ૧૩

શ્રી જિનશાસનકે વિષેજી, સદ્ગુરૂ જેમ મયંક;
ચંદ્રકલંકી જાણિયેજી, શ્રી સદ્ગુરૂ નિઃકલંક. હમારે૦ ૧૪
શ્રીજિનશાસનકે વિષેજી, ગુરૂ મહિ મહિધર તોલ;
મહિ મહિધર કંપે કદીજી, સુગુરૂ અકંપ–અડોલ. હમારે૦ ૧૫
શ્રીજિનશાસનકે વિષેજી, કલ્પવૃક્ષ ગુરૂ આપ;
કલ્પિત કલ્પ યાચ્યાં દિયેજી, ગુરૂ દિયે કરી સંલાપ. હ૦ ૧૬
શ્રીજિનશાસનકે વિષેજી, ચિંતામણિ ગુરૂ આપ;
ચિંતિત દે ચિંતામણિજી, સુગુરૂ અચિંત્ય અમાપ. હ૦ ૧૭
શ્રીજિનશાસનકે વિષેજી, ઇંદ્ર પરે ગુરૂ આપ;
સામાનિક સમ મુખ્ય મુમુક્ષુ, સુરગણ અવરશું થાપ. હ૦ ૧૮
કામકુંભ ચિત્રાવેલીજી, સાગર વર ગંભીર;
કિં બહુના જ્ઞાની ગુરૂજી, વર્તમાન મહાવીર. હમારે૦ ૧૯
ધન્ય તેહ જનપદ પુર ક્ષેત્ર, માત તાત પરિવાર;
ધન્ય કૃતપુન્ય સો નરનારી, નિરખ્યો જિને સુગુરૂદીદાર. હ૦ ૨૦
કવન કવન ગુણ ઓપમ વરણવું, મુજ મતિ મંદ અપાર;
સકલ શુભોપમ યુત સતગુરૂજી, ગુણમણિરત્નભંડાર. હ૦ ૨૧

(સંવત્–૧૯૬૫ ડીસા શહેર.)

પદ ૧૨ મું.

સકારણસંસારપરિભ્રમણ વિષે.

(રાગ પરજ.)

સહજાત્મ સ્વરૂપકોં ભૂલાજી, ભટક્યો યોં ભવમેં,
અસહજ સ્વરૂપમેં ફૂલાજી, ભટક્યો યોં ભવમેં;
દાઝયો દુઃખ દવમેં. (એ ટેક.)
નિત્ય નિગોદકે માયો, મેં કાલ અનંત ગમાયો;
તિહાંસેં ફિર ઇતરમેં આયોજી. ભ૦ ૧

પ્રત્યેક નામ મેં પાઇ, પ્રત્યેક સ્થાનરકે માંઈ;
  દુઃખ સહ્યા સો કહ્યા ન જાઇજી. ભટ૦ ૨
ત્રસ લબ્ધિ મેં લહાઈ, ઉપજ્યો વિકલ ત્રય પાઇ;
  તિનકા દુઃખ પ્રગટ લખાઈજી. ભટ૦ ૩
પંચેંદ્રી દો વિધ પાઇ, તહાં કુત્સિત કર્મ કમાઈ;
  મેં લહી નરકગતિ પ્રાઇજી. ભટ૦ ૪
મિશ્રધાર સંજોગ મેં, નરતન લહ્યો મનોજ્ઞ;
  તિહાં પિન વેદ્યા દુઃખ શોગજી. ભટ૦ ૫
નિરતિશય પુન્યપસાયો, મેં સ્વર્ગતણાં સુખપાયો:
  તિહાં પિન આરતિ મન લાયોજી. ભટ૦ ૬
યોં ચારોં ગતિ કહાઇ, વળી લાખ ચોરાસી માંઇ;
  મેં ભમ્યો ન સ્થિરતા પાઇજી. ભટ૦ ૭
અબ સતગુરૂ સત્સંગ ખાસા, મેં ઉજ્વળ ભાવ ઉપાસ્યા;
  ભવભ્રમણ સ્વપ્ન સમ ભાસ્યાજી. ભટ૦ ૮
જિન સ્વરૂપસેં સ્વામી, તુમ અવિચલ પદવી પામી;
  રત્ન હૈ તિનકા કામીજી. ભટ૦ ૯

(સંવત ૧૯૬૫ ડીસા શહેર.)

પદ ૧૩ મું.

(દોહરા.)

શ્રીશુદ્ધ સત્ય સનાતન, સ્વયંસિદ્ધ સુખદાય;
  સંપ્રદાય સત્પુરૂષકા, હમ નિવસેં તિન માંય.
રત્નસુસંચયકાવ્યકા, જાનો એહ સુરત્ન;
  રત્નસેંહિ ઇન રત્નકા, પૂરણ ભયા પ્રયત્ન.
રત્નત્રય અભિલાષિકું, એહ રત્ન સુખદાન:
  રત્નપારખુ પારખે, રત્ન રત્નકી ખાન.

જો સુપરીક્ષક જૌહરી, સો જાને ઇહ રત્ન;
  કુપરીક્ષક કંકર ગિને, તાકા નહિ કો યત્ન. ૪
તિવ્રમતિ ખુરસાન પર, એહ રત્ન આરોપ;
  પ્રેમ પેલકોં પાડતેં, આપે આછી ઓપ. ૫
સ્વપર આલંબન અરથ, ઉદ્યમ ઉદયાધીન;
  ભયા અર્થ પરમાર્થકે, પરખી જો પરવીન. ૬
શબ્દાનુભવનેત્રસોં, સૂઝે નિજ સર્વાંગ;
  ઇન વિન જાનો અંધતા, અથવા વિકલ વિભંગ. ૭
સુગુરૂ અભાવે ગ્રંથ ગુરૂ, સુગુરૂ ગ્રંથમેં ભેવ;
  મારગદર્શક ગ્રંથ વિન, મર્મ લહે ગુરૂદેવ. ૮
શબ્દાડંબરી પંડિયા, ક્રિયાધમંડી શઠ્ઠ;
  અનુભવિક વિરલા રતન, કંકરસાકો ઠઠ્ઠ. ૯

(સં. ૧૯૬૫ મુ૦ ડીસા શહર.)

પદ્ય ૧૪ મું.

શ્રીમદ્ સદ્ગુરૂરાજ નમસ્કારાત્મક અંતર્લાપિકા—દોહરા.

  ૐકારં બિંદુ સહિત, નમો નિત્ય ચિત લાય;
મનન કરો મનકે વિષે, શ્રી દા ધી ધૃતિ દાય. ૧
  મહેર કરી મમ ઊપરે, દરશન દીનો દેવ;
રાખી પૂરવ પ્રીતડી, જગત ન જાણે ભેવ. ૨
  ચંદ્ર બિંબ સમ ઉજ્વળો, દ્રવ્ય ભાવ સુખદાય;
દેખ્યો દર્શ દયાલકો, વર્ણન કહ્યો ન જાય. ૩
  રત્નરાજકોં નિરખતાં, રત્ન રાજ સમ હોય;
રત્ન રાજકે ભેદકોં, બૂઝે વિરલાહ કોય. ૪

(સંવત્ ૧૯૬૫ મુ૦ ડીસાશહર.)

પદ્ય ૧૫ મું.

(અંતર્લાપિકા-દોહરા.)

શ્રીમદ્ સદ્‌ગુરૂદેવજી, સહજાતમ પદ રૂપ;
દમ દયા દાનાદિ મહા, ગુણગણકેરા ભૂપ. ૧

રૂચિ પ્રગટે નિજપદતણી, શુદ્ધ ચૈતન્ય સુપસાય:
કર્ત્તા કર્મ ક્રિયા ત્રય, દેખાયે નિજ માંહ્ય. ૨

વસ્તુવિચાર વિવેકથી, જીવાજીવ જણાય;
સાચા ગુરૂ સંયોગથી, હેયોપાદેય સમજાય. ૩

બલિહારી ગુરૂરાજકી, જીવજીવનઆધાર;
નમો નમો ગુરૂપદ પ્રત્યે, મહાપદના દાતાર. ૪

(સં૦ ૧૯૬૬-મુ૦ અમદાવાદ.)

પદ્ય ૧૬ મું.

(પુનઃ અંતર્લાપિકા--દોહરા.)

શ્રી સહજાત્મ સ્વરૂપજી, દેવ દેવાધિદેવ:
લક્ષણ ગુણ વેદનવડે, વળી વળી કીજે સેવ. ૧

લુપ્ત ચૈતના થઈ રહી, કર્મ ભર્મ સંયોગ;
જીનનાં દર્શન માત્રથી, રહે ન અંતરરોગ. ૨

સ્વાનુભવથી જો કરે, નર નારાયણ ધ્યાન;
મિથ્યાગ્રહના ત્યાગથી, જીવિત-જન્મ પ્રમાન. ૩

(સંવત ૧૯૬૬ મુ૦ સ્તંભતીર્થ-ખંભાત.)

પદ્ય ૧૭ મું.

શ્રીસદ્દગુરૂદેવનું ભજન.

(ઐસાહૈ કોઈ સંત મિલાવેજી—એ દેશી.)

ઐસે સદ્દગુરૂરાજકો ધ્યાવોજી, જિનકોં પરખ હરખ ગુન ગાવો;
જિનકે ચરનોમેં શીશ નમાવો. (એ ટેક.)
શ્રી સહજાત્મ સ્વરૂપ અભિધાનજી, શુદ્ધ ચૈતન્ય સ્વામી પિછાન;
પરમકૃપાળુ દેવ પ્રમાનજી, શ્રીમદ્દ સદ્દગુરૂ ભગવાન. ઐસે૦ ૧
જિનકી આત્મખ્યાતિ આત્મ જગાવૈજી, પ્રમાદ આદિ નિંદ ભગાવૈ;
કષાયાદિ બલકોં દબાવૈજી, જિનકે યોગબલેં બલ આવૈ. ઐ૦ ૨
જિનકી મુખમુદ્રા શુભ શાન્તિ સોહાવૈજી, નિરખત શાન્તિ પ્રગટાવૈ;
પેખત પાતિક દૂર પુલાવૈજી, જિનકે દર્શન દર્શતેં થાવૈ. ઐ૦ ૩
વચનસુધારસઘન મનભાવેંજી, શ્રવણે સુણતાં તૃપ્તિ ન થાવે;
મનન મહા મંગલ ઉપજાવેજી, નિદિધ્યાસને અનુભવ આવે. ઐ૦ ૪
સત્સંગ જિનકી જયવંતજી, જિનસેં નાસે કુમતિ એકાન્ત;
ભાસે અનાદિ અનંતકો તંતજી, પ્રકાશે સુમતિ અનેકાન્ત. ઐ૦ ૫
જિનકા મારગ સત્ય સરલ અવિનાશીજી, કાઢે કર્મ ભર્મકી ફાંસી:
મેટે ચાર ચોવીસ ચોરાસીજી, એક સ્વરૂપાચર ન સુખરાસી. ઐ૦ ૬
દુવિધા સકલહી દૂર નિવારેજી, દુઃખ ત્રયકા મૂલ ઉખારે;
શ્રીગુરૂરાજ સુકાજ સુધારેજી, કિંબહુના ! રત્નત્રય ધારે. ઐ૦ ૭
(સં. ૧૯૬૬ મોરબી.)

પદ્ય ૧૮ મું.

શ્રીજીવન્મૂર્તિ સદ્દગુરૂભગવાનકા યતકિંચિત્ આત્મનિવેદન સહિત ગુણાનુવાદરૂપ અષ્ટક.

(દોહરા.)

જિન શુદ્ધાતમ નિમિત્તસેં, પામીજે નિજજ્ઞાન;
તિન સંજીવન મૂર્તિકો, માનો ગુરૂભગવાન. ૧

જંગમ મૂર્તી મુખ્ય હૈ, સ્થાવર ગૌન પ્રધાન;
સ્વાનુભવિ સત્પુરુષકે, વચન પ્રાવચન જાન. ૨
તાતેં નિજ ઉપકારિકોં, ઘો ઉચિત સન્માન;
આપ ધરો ગુરુગોદમેં, જ્યું હોવે કલ્યાન. ૩

(લાવણી.)

કરૂં શ્રીપરમેષ્ટિ પદસ્થ સર્વકી સેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રી ગુરૂદેવ. (એ ટેક.)
શ્રી પરમકૃપાળુ દેવકે કૃપાપાત્ર (૨),
જિનકી સત્સંગતસેં સુધરે બહુ છાત્ર;
એ જીવનમૂર્તિ જંગમ-ધર્મકી યાત્ર (૨),
હૈ શુદ્ધાતમ અરૂ નિરમલ મન વચ ગાત્ર;
બાહિર વ્યવહારી અંતર અલખ અભેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રી ગુરૂદેવ. ૧
ગુરૂ સમજ સમાહી સુરૂચિ સ્વભાવેં વેદી (૨),
ગુરૂ બાલકપનસેં રહે પ્રાય નિર્વેદી;
શોધે પિન ન મિલે સદ્‌ગુરૂજ્ઞાનિ અભેદી (૨),
તાતેં વહુન શકે બાહ્ય ઉપાધિ છેદી;
યહ અંતર્ચર્યા જાન શકે ન અવેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રી ગુરૂદેવ. ૨
પરેચ્છાવત્ કરે પ્રાય જગતકી રીતિ (૨),
પિન શુભ સંસ્કારે ઠરે ન તામેં ચિત્ત;
સદ્‌ગુરૂકા નામ સુન ઉપની અપૂર્વ પ્રીતિ (૨),
ભાસન દર્શનસેં ભઈ પૂર્ણ પ્રતીતી;
ગુરૂ રાજ વચનસેં ટળ્યા ભર્મ તતખેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રી ગુરૂદેવ. ૩
જિનકી આતમમેં સકલ સુગુણકા વાસ (૨),
યોં જો કછુ કહેના સો સબ વાગ્‌વિલાસ;
એ વાગ્‌વિલાસસેં હોવે ચિત્ત ઉલ્લાસ (૨),

ઇન ચિત ઉલ્લાસસેં કર્મપાસકા નાસ;
યું જાની કીજે ગુણિકા ગુણ નિતમેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રીગુરૂદેવ. ૪
મેરી એક જીભ સદ્‌ગુરૂમેં સુગુણ અનેક (૨),
સો કિમ કહેજાએં તાકા કરો વિવેક;
નિજ અરૂ સદ્‌ગુરૂકોં જબ જાનોગે એક (૨),
ગુરૂપદકી ગુરૂતા લહો ગહો શુભ ટેક;
સદ્‌ગુરૂ સાહબકે કછુ ન લેવાલેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રીગુરૂદેવ. ૫
મેરે જબસેં શ્રીસદ્‌ગુરૂ પર જાગા પ્રેમ (૨),
તબસેં મિટગયે સબ પૂર્વકાલકા વ્હેમ;
મેને કિયા સમર્પન ગુરૂકું નિજકૃત નેમ (૨),
મેરે વર્ત્યા આનંદ મંગલ કુશલ ને ક્ષેમ;
મેરા સત્ય પુરૂષ સુપસાય ટળ્યા અહમેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રીગુરૂદેવ. ૬
પૂરવ તીર્થંકરકે બિચરે સંતાન (૨),
સો વર્ત્તમાન તીર્થેશકી શિરવહેં આન;
વો જો ન વહેં તો ન લહેં કેવલજ્ઞાન (૨),
એ પ્રવચનવચન વિચારી તજો મન તાન;
એ જાનું પ્રત્યક્ષ પરોક્ષકે ભેદ તથૈવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રીગુરૂદેવ. ૭
શ્રી મેત્રાણાજી અતિશય ક્ષેત્ર વિશાલ (૨),
તહાં વર્ષગાંઠકા આય મિળ્યા શુભકાલ;
મેરી ચિરંકાલકી ફલી મનોરથમાલ (૨),
મને કુમત કુહરસેં કાઢયા નિજ કર ઝાલ;
જયવંતા વર્તો "રત્નરાજ" ગુરૂદેવ (૨),
મૈં મમ ઉપકારી પ્રણમું શ્રીગુરુદેવ. ૮
(સંવત ૧૯૬૪ માહા સુદિ ૧૩ મુ૦ મેત્રાણાજી—અતિશય ક્ષેત્ર.)

પદ્ય ૧૯ મું.

શ્રી વિશ્વાસઈકવીસી—દેશી ભજનની.

મને તે દિનનો વિશ્વાસ છે, અને હાંહાંરે સત ગુરુજી તુમ્હારો;
અને હાંહાંરે સાહેબજી તુમ્હારો, મને એ રે દાડાનો વિશ્વાસ છે.
દ્રવ્ય તેમ ભાવે પણ, હતા નિકટના દેશી;
કોઈ સંસ્કારતણે બળે, થયા તે પરદેશી. મ૰ ૧
વીત્યા ભવની વારતા, કહો કેમ કહેવાય;
તેથી વૃત્ત વર્ત્તમાનનો, કહું અતિ સંકોચાય. મ૰ ૨
કચ્છ નવી નાલમાં સાંભળ્યો, નામ જેમ જલ લીહા;
સહજ સાધારણ ઊપની, મળવાની ઇહા. મ૰ ૩
મધુરપુરી હરિમુખ સુણ્યો, વિશેષ વૃત્તાન્ત;
અનુકરણ કરવા ભણી, ઉપની મન ખાંત. મ૰ ૪
શ્રીમોક્ષમાળા મૂળગી, વળી ભાવનાબોધ;
સાક્ષાત સરસ્વતી, વાંચી કરી શોધ. મ૰ ૫
મરૂધરથી ગુર્જર ભણી, આવ્યો દર્શનકાજ;
પૂરવની અંતરાયથી, નવિ સિદ્ધયું તે કાજ. મ૰ ૬
વીરમગામમાં સાંભળી, દેહોત્સર્ગની વાત;
વજપાત પરે તે સમે, લાગ્યો મુજને આઘાત. મ૰ ૭
આ જન્મની અંતરાયથી, થયો ચિત્ત નારાજ;
પણ પાંડવ પેરે તે થયો, મુજ રૂડાને કાજ. મ૰ ૮
માર્ગમાંહિ મુજને મિળ્યા, વેષધારી અનેક;
પણ તિહાં આર્દ્રકુમર પેરે, વર્ત્યો મુજ સુવિવેક. મ૰ ૯
આત્મસિદ્ધિ શાસ્ત્રનો, એક દોહરા માત્ર;
વિચારતાં અતિ થઇ ગયો, મારો શિથિલ ગાત્ર. મ૰ ૧૦
"શ્રીમદ્રાજચંદ્ર" નામનો, મોટો પુસ્તક જેહ;
વિચારતાં વૃદ્ધિ પામી, મુજ સ્નેહની રેહ. મ૰ ૧૧
વગતી શ્રીલલ્લુજી સ્વામીનાં, થયાં મુજને દર્શન;

અરસપરસની વાતથી, ભાગીમનની ભ્રાન્ત. મ૦ ૧૨
રાજનગરમાં હું આવિયો, ધારી મનમાં ખાન્ત;
શ્રીગુરૂદેવના દર્શને, ભાગી મનની ભ્રાન્ત. મ૦ ૧૩
પાલનપુરના પરિસરે, આંબાવાડી ખાસ;
મેહેતાજીના બંગલાવિષે, કારણે થયો વાસ. મ૦ ૧૪
અસત્સંગની બીચમેં, રહું મેં સ્વતંત્ર;
વચનામૃતને મુજ કને, સંજીવન મંત્ર. મ૦ ૧૫
ગરમીથી ગરમી મિટે, ભયથી ભયનાસ;
અસત્સંગથી અસત્સંગને, એમ ટળ્યો અધ્યાસ. મ૦ ૧૬
અક્ષયતૃતીયાની આગલી, નિશિને ચરમંતે;
દીન જાણીને દર્શન દિયો, પોતે શ્રી ભગવંતે. મ૦ ૧૭
શુભ સ્વપ્ન અથવા સહી, સવિકલ્પ સમાધિ;
કેવલ ભક્તિ પ્રભાવથી, તે મેં સહુજેં લાધી. મ૦ ૧૮
અક્ષયતૃતીયાને દિને, અક્ષયત્રય પામ્યો;
પ્રભુદર્શન ઉપદેશથી, થયો મુજ મન કામો. મ૦ ૧૯
પ્રત્યક્ષ ઉપકારી મમ, શ્રીગુરૂદેવજી સ્વામી;
પૂરવના અનુભવતણી, જેથી સમજણ પામી. મ૦ ૨૦
ચરમ લક્ષણ સમકિતને, રત્નરાજને ગૂઢ;
સ્તંભતીર્થ ગુરૂપંચમી, થયો પત્રારૂઢ. મ૦ ૨૧

(સંવત્ ૧૯૬૬ ચૈત્રવદિ ૫ ગુરૂવાર. સ્થંભતીર્થ-વડવા.)

પદ્ય ૨૦ મું.

મુખ્યપણે જયંતિ અવસરેં ગાનેકી જયમાલ.—રાગ પીલૂ બરવો.

(આજ સહેરમાં હર્ષ વધાઈ, સમવસરણકી રચના બનાઈ—એ દેશી.)

દેવ દિવાળી દિન મંગલકારી, (આનંદકારી),
પરમ પુરૂષ પ્રગટે અવતારી;

(સત્ય પુરૂષ પ્રગટે સંસ્કારી),દેવ દીવાળી દિન૦ (એ ટેક.)
ઓગણીસેં ચોવીસ રવિવારી,
બંદર વવાણિયા સોરઠ મઝારી;
રવજી મહેતા કુલ કીરતીધારી,
દેવા દેવ જાયો જયકારી. દેવ૦ ૧
જન્મમહોત્સવવિધિ કરી સારી,
હર્ષિત ભયે સજ્જનજન ભારી;
શ્રીમદ્ રાજચંદ્ર નામ ઉચારી,
મંગલ ગાવત નિજકુલ નારી. દેવ૦ ૨
બાલખ્યાલ પિન જનમનહારી,
સરવ સુરીતિ અલૌકિક ધારી;
મહા લઘુવયમાં તત્ત્વ વિચારી,
મતિ સ્મૃતિ અતિ અચરિજકારી. દેવ૦ ૩
મુખમુદ્રા શુભ શાન્તિકારી,
વચન સુધારસઘનકી ધારી;
સમજાવણુકી શૈલી ન્યારી,
સમજે સહજે ભવ્ય સંસ્કારી. દેવ૦ ૪
બાહ્યાચરણ ઉદય અનુસારી,
પિણ અંતરગત ગગનવિહારી;
શ્રી ગુરૂરાજ રત્નત્રય ધારી,
જિનકે પદકજ ઢોક હમારી.

(સંવત્ ૧૯૬૭ કાર્ત્તિક સુદિ ૧૫ શ્રીસિદ્ધક્ષેત્ર—પાલીતાણા.)

પદ ૨૧ મું.

(શ્રી સદ્‌ગુરૂ ભગવાનકી સ્તુતિ—રાગ સારંગ.)

શ્રીસદ્‌ગુરૂ શિરમોર, હમારે અબ, શ્રીસદ્‌ગુરૂ શિરમોર૦ (એ ટેક.)
શ્રીમદ્ સદ્‌ગુરૂ રાજ ચંદ્રવત્, હમ તો ચરન ચકોર;

શ્રી સદ્‍ગુરૂ સૂરજકે ઉદયે, મિટયો મોહ તમ ઘોર. હમારે અબ શ્રી૦ ૧.
જિનકી મુખમુદ્રા અવલોકત, ભાસે એક ચિહુંઓર;
જિનકા વચનામૃત પાનસેં, ભયે હમ નવલ કિશોર.હમારે અબ શ્રી૦૨
જિનકી શિક્ષાકું ઉરધારત, ભગે અનાદિકે ચોર;
જિનકા જોગ બળેં કરી હમરે, જગ્યો સુઆતમ જોર.હમારે અબ શ્રી૦૩
જિનકી આત્મદશા અવલંબત, મિટ ગઈ આત્મમરોર;
જિનકી સત્સંગત સુપસાયેં, ભયે હમ સીધે દોર. હમારે અબ શ્રી૦૪
જિનકા સત્ મારગ સુપસાયે, મિટ ગઈ જગકી ઝોર;
રત્નરાજ ગુરૂદેવ પ્રસાદે, ગઈ ખજાને ખોર. હમારે અબ શ્રી૦ ૫
(સંવત્ ૧૯૬૭ કારતક વદી ૯ જુનાગઢ.)

પદ ૨૨ મું.

શ્રી સદ્‍ગુરૂના પૂર્વ ઉપકાર છતાં અપૂર્વ ઉપકાર વિષે ભક્તિ.

(આટલો સંદેશો મારા ગુરૂજીને કહેજો–એ ચાલમાં.)

પૂરવ સ્નેહી મારા પૂરવ સ્નેહી, પૂરવ સ્નેહી ગુરૂ રાજ વિદેહી, મારા૦
એ તો ભાવેં મુનિ નેં દ્રવ્યેં ગેહીરે, મારા પૂરવ. (એ ટેક૦)
ઇચ્છાયોગ મને લઘુવયેં પ્રગટયો, હું તો થયો ઐહિકનો ઉપેહીરે. મા૦૧
સત્ય શોધવા સંકટ સહિયાં, તેની વાત કહું કેહી કેહીરે. મારા૦૨
અસદ્‍ગુરૂ મનેં આડારે આવ્યા, એતો દ્રવ્યેં લિંગી ને ભાવેં ગેહીરે.મા૦૩
સદ્‍ગુરૂ જાણી અસદ્‍ગુરૂ સેવ્યા, જાણ્યું મને પાર કરેહીરે. મા૦ ૪
સત્યઅભાવેં ન સાંપડી શાન્તિ, ત્યારે તેનો પણ હું થયો ઉપેહીરે.મા૦૫
સત્ય સંકલ્પ કર્યો શુભ ભાવેં, હવે સદ્‍ગુરૂ શરણે લેહીરે. મારા૦ ૬
સહજે સહજાત્મ પ્રભુ મળિયા, એ તો સ્નેહી છતાં અસ્નેહીરે.મા૦ ૭
ગોખતહી પહિચાન લિયા મેં, મારા સાચા સદ્‍ગુરૂ એહીરે. મારા૦૮
હસ્તાલંબન દેઇ મુજ તાર્યો, શ્રીમુખ ધન્યકારો દેહીરે. મારા૦ ૯
સદ્‍ગુરૂ વિવિધ રૂપમેં પ્રગટે, પણ સ્વરૂપે તેહીના તેહીરે. મા૦ ૧૦
શ્રી ગુરૂ રાજ રત્નત્રય સેવે, એતો દેહ છતાં અદેહીરે. મારા૦ ૧૧
(સંવત્ ૧૯૬૭ મૌન એકાદશી માગસર સુદી ૧૧. વવાણિયા બંદર.)

પદ ૨૩ મું.

શ્રી સદ્દગુરૂ ભગવાનકી સ્તુતિગર્ભિત સાતવારોપદેશ—દોહરો.

પ્રણમી સદ્દગુરૂ રાજકા, સાતવારકા સાર;
સદ્દગુરૂ સ્તુતિગર્ભિત કહું, સ્વપરનો હિત ધાર. ૧

(આ ભવ રત્નચિંતામણિ સરીખો—એ ચાલમાં.)

સાતું વાર સફલ કરો પ્રાણી, એ જ્ઞાનીકી વાણીજી;
જ્ઞાની અજ્ઞાનીકી વાણીકો જાણો, સ્યાદ્વાદ સહનાણીજી, સાતું૦ ૧
સબહી સુદિવસ સરખા જાણો, સબહી વાર સુવારજી;
જિસ દિન આત્મ અવનતિ હોવે, સોહી વાર કુવારજી. સાતું૦ ૨
સૂરજ વારે સદ્દગુરૂ સૂરજ, કથની કીરન સમાનીજી;
લગત ભર્મ બુદ્ધિ દૂર પુલાની, સ્વસંપત્તિ ઓળખાણીજી. સાતું૦ ૩
સોમવાર દિન સૌમ્ય સ્વભાવી, સદ્દગુરૂ પૂરણ ચંદાજી;
વિષય કષાયાદિ ઝહર નસાવન, વચનામૃત સુખકંદાજી. સાતું૦ ૪
મંગલવારે મંગલમૂરતી, શ્રી સદ્દગુરૂની સોહાવેજી;
દર્શને સર્વ અમંગલ જાવે. અક્ષય મંગળ થાવેજી. સાતું૦ ૫
બુધવારે શુદ્ધ બુદ્ધકું શોધી, બુદ્ધિ સફળ કરીજેજી;
બુધ ભગવાનકી આન આરાધી, શુદ્ધ બુદ્ધ પદ લીજેજી. સાતું૦ ૬
ગુરૂવારે ગુરૂદેવ આરાધો, ગુરૂ વિન ગુરૂતા ન હોયજી;
પ્રત્યક્ષ સદ્દગુરૂ શોધી સેવો, મન મતિ-કલ્પના ખોયજી. સાતું૦ ૭
શુકરવારે સૂકૃત જાગે, સુગુરૂ સંયોગ લહીજેજી,
અશરણશરણ સુગુરૂ ચરણમેં, સર્વ સમર્પણ કીજેજી. સાતું૦ ૮
શનિવારે શનૈઃ શનૈઃ પણ, સત્ય સાધ્ય સાધીનેજી;
સદ્દગુરૂ સાનિધ્ય સાધ્યારાધ્યે, તસુ અનુમોદન કીજેજી. સાતું૦ ૯
સાતોંવાર સુણી સમચિત્તે, શુભ ભાવ આદરશેજી;
તે ભવ્ય અશુભકોં છેદી પ્રાંતે, શુદ્ધભાવ અનુસરશેજી. સાતું૦ ૧૦
વારકા સાર વિશેષ વિચારના, વારકા સારહે નેકીજી;
વારંવાર રત્નત્રય સેવમેં, વાર ન કરે વિવેકીજી. સાતું૦ ૧૧

(સંવત ૧૯૬૭. ના પોષ સુદી ૫. મુ. માન્ડલ.)

પદ્ય ૨૪ મું.

શ્રીસહજાત્મસ્વરૂપ સદ્‌ગુરાજરાજેશ્વર નમોનમઃ

શ્રીગુરૂરાજ-પ્રણામ-પચ્ચીશી.

(ચાલ શિખિછંદ અથવા ચોપાઇ.)

[ગૈસાજિન ૩ હૈ-એદેશી.]

પ્રણમું પ્રથમહિ શ્રીઁકાર, જો હૈ શ્રીનવકારકા સાર;
પ્રણમું પુનિ શ્રી નવકાર, જો હૈ સર્વ જિનાગમસાર. ૧
પ્રણમું શ્રીસિદ્ધાન્ત ઉદાર, જિનકા મૂલ શ્રીજિનકર્ત્તાર;
પ્રણમું શ્રીગણધર ગુણધાર, જો હૈ સૂત્ર-ગ્રંથ-કર્ત્તાર. ૨
પ્રણમું સદ્‌ગુરૂ શિરદાર, જો હૈ પરમાગમકે પાર;
પ્રણમું સદ્‌ગુરૂ મહાજ્ઞાની, જિનસેં જિનવાની પિછાની ૩
પ્રણમું શ્રીસદ્‌ગુરૂ-ભૂપ, જિનસેં ભાજ્યા સબ ભ્રમકૂપ;
પ્રણમું પરમ કૃપાલુ દેવ, જીન્નેં ટાળી અનાદિ કુટેવ. ૪
પ્રણમું પુનિ સદ્‌ગુરૂ દેવ, જિનસેં લહ્યો અંતરભેવ;
પ્રણમું ગુરૂ દેવ દયાલ, જિનેં કીનો મુજકોં નિહાલ. ૫
પ્રણમું ગુરૂ કૃપાનાથ, જીન્નેં સંબોધ્યો ગ્રહી હાથ;
પ્રણમું સદ્‌ગુરૂ સોલ્લાસ, જિનસેં કટ ગયે કુગુરૂકા પાસ. ૬
પ્રણમું સદ્‌ગુરૂકે પાયા, જીન્નેં ષટપદ પ્રગટ બતાયા;
પ્રણમું સદ્‌ગુરૂ શિરનાઁય, મૂલ મારગ દિયો બતલાય. ૭
પ્રણમું સદ્‌ગુરૂ શુદ્ધ શાન્ત, જિનસેં ટળી મનભ્રાન્ત;
પ્રણમું સદ્‌ગુરૂ અનેકાન્તી, જિનસેં પામી અપૂર્વ શાન્તિ. ૮
પ્રણમું સદ્‌ગુરૂ સપ્રેમ, જિનસેં સફલ ભયે સબ નેમ;
પ્રણમું સદ્‌ગુરૂ શિરમોડ, જિનસેં મિટગઈ જગકી ઝોડ. ૯
પ્રણમું ગુરૂ સચ્ચિદાનન્દ, જિનસેં ટળ્યો મહાન્ સ્વચ્છંદ;
પ્રણમું સદ્‌ગુરૂ નિર્દ્વંદ્વ, જિનસેં છુટયો મહા પ્રતિબન્ધ. ૧૦
પ્રણમું ગુરૂ પરમ પુનીત, જિનસેં લાગી ભવદુઃખભીત;
પ્રણમું ગુરૂ પરમ પુનીત, જિનસેં જાગી અપૂરવ પ્રીત. ૧૧

પ્રણમું સદ્‌ગુરૂજી અદ્વીત, જિનસેં પ્રગટી પૂર્ણ સુપ્રતીત;
  પ્રણમું સદ્‌ગુરૂજી અજીત, જિનસેં પાયો અનુભવ મિત્ત. ૧૨
પ્રણમું સદ્‌ગુરૂ નિરદોષ, જિનસેં પાયો નિજગુન કોષ;
  પ્રણમું સદ્‌ગુરૂ સર્વજ્ઞ, જિનસેં ભયે આપમેં મગ્ન. ૧૩
પ્રણમું પરમહિતોપદેષ્ટા, જિનસેં ટળી સર્વ કુચેષ્ટા;
  પ્રણમું ગુરૂ નિરવિકલ્પ, જિનસેં ટળે કુજલ્પ વિકલ્પ. ૧૪
પ્રણમું સદ્‌ગુરૂ ભગવાન, જિનસેં દૂર ભયે અજ્ઞાન;
  પ્રણમું સદ્‌ગુરૂ નિરમોહ, જિનસેં છુટે મહામોહ. ૧૫
પ્રણમું સદ્‌ગુરૂ વીતરાગ, જિનસેં છૂટે મહારાગ;
  પ્રણમું સદ્‌ગુરૂ પરમેશ, જિનસેં છૂટે મહાદ્વેષ. ૧૬
પ્રણમું ગુરૂસમતાધારી, જિન્નેં તામસ-તપત નિવારી;
  પ્રણશું સદ્‌ગુરૂ નિરમાની, જિન્નેં કોમલતા દિલ આની. ૧૭
પ્રણમું સદ્‌ગુરૂજી અમાઇ, જિન્નેં કપટ કુટિલતા નસાઇ;
  પ્રણમું સદ્‌ગુરૂ જિતલોભ, જિનસેં તૂટયો લોભકો મોભ. ૧૮
પ્રણમું સહજાત્મ સ્વરૂપ, જિન્નેં પાયો સહજ સ્વરૂપ;
  પ્રણમું શુદ્ધ ચૈતન્ય સ્વામી, જિનસેં જાની નિજ ખામી. ૧૯
પ્રણમું ગુરૂચુત પ્રણિધાન, જિનસેં લહ્યો ભેદ વિજ્ઞાન;
  પ્રણમું સદ્‌ગુરૂ ભલભાવ, જિન્નેં પામ્યો સ્થિરતા સ્વભાવ.૨૦
પ્રણમું ગુરૂ અશરણશરણ, જિનસેં લહ્યો સ્વરૂપ આચર્ણ;
  પ્રણમું શ્રીમદ્‌ગુરૂરાજ, જિનસેં ટળી દિલકી દાઝ. ૨૧
પ્રણમું શ્રીસદ્‌ગુરૂરાજ, જિનસેં લહ્યો સત્યસમાજ;
  પ્રણમું સદ્‌ગુરૂજી પ્રત્યક્ષ, જિનસેં વશ ભયે મનઅક્ષ. ૨૨
પ્રણમું સદ્‌ગુરૂજી પ્રત્યક્ષ, જિંનસેં હમ ભયે નિરપક્ષ;
  પ્રણમું ગુરૂ વાર અપારી, નિષ્કારણ કરૂણાકારી. ૨૩
પ્રણમું સબ સન્ત મહન્ત, પ્રણમું મેં શેષ ગુણવંત;
  પ્રણમું આદિ અંત ગુરૂરાજ, પ્રણમું રત્નત્રય શિરતાજ. ૨૪

(સં. ૧૯૬૭ પોષ શુકલા ૧૧ મુ૦ માંડલ.)

પદ્ય ૨૫ મું.

શ્રીસાક્ષાત પ્રત્યક્ષ સદ્દગુરૂ ભગવાનને વિજ્ઞપ્તી.

(રાગ ધનાશ્રી અથવા ગરબી.)

ત્હારાં દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાગીરે;
મ્હેં તો લોકલાજની કુટેવ, સરવે ત્યાગીરે. ૧
સહજાત્મનો નિરખી સ્વરૂપ, ઠરે છે નેણાંરે;
રૂડાં લાગે છે રસકૂપ, વ્હાલા તારાં વેણાંરે. ૨
મ્હેં તો પ્રીતિ કરી પ્રભુસાથ, બીજેથી તોડીરે;
હવે શ્રી સદ્દગુરૂ સંઘાત, બની છે જોડીરે. ૩
મ્હેં તો પરિહર્યા પટ આઠ, નથી કાંઇ છાનોરે;
મ્હેં તો મ્હેલ્યો સર્વ ઉચાટ, માનો કે ન માનોરે. ૪
મ્હેં તો હૃદય રડાવી લોક, રાખ્યાં હતાં રાજીરે;
હવે એમ ન બનશે ફોક, બદલી ગઈ બાજીરે. ૫
તોડો દાસની આશનો પાસ, પૂરો આશારે;
મ્હને તો તમારા સુખરાસ, છે દૃઢ વિશ્વાસારે. ૬
જોઈ હૃદયનેત્ર વનક્ષેત્ર, પધારો પ્રીત્યેરે;
ત્હારા રત્નત્રયની સાથ, રહો રસ રીતે રે. ૭

(સંવત્ ૧૯૬૭ ના પોસવદી ૫. મુ૦ માન્ડલ.)

પદ ૨૬ મું.

શ્રી પ્રભુપ્રાર્થના. મેરે ઇતનો ચાહિયે—પ્રભાતી.

પરમકૃપાળુ દેવજી, મેં તો ઇતનો ચાહું;
સત્ સહજાત્મ સ્વરૂપકા, સહજે દર્શન પાઉં. પરમ૦ ૧
આદિ દર્શ અવિનાશિકે, પ્રગટયો પ્રગટ પ્રકાશ;
અનાદિ વિદ્યા અજ્ઞાનકી, ઉપશમ ભઇ ત્રાસ. પરમ૦ ૨

પ્રમિતકાલ પીછે તિન વિષે, પ્રતિભાસી ઝંખાસ;
 ઉદિત અસ્ત સૂર્યકી પરે, ભઇ પ્રગટ લલાસ. પરમ૦ ૩
તદનંતર તિણુ દર્શને, માંડયા અભિનવ ખ્યાલ;
 ક્ષણુ અગ્ની ક્ષણુ ઉદકમેં, સંડાશીકી મિશાલ. પરમ૦ ૪
જબ જબ દર્શન હોતહૈ, તબ તબ ચિત રાજી;
 જબહી અદર્શન હોતહૈ, તબ બિગરત બાજી. પરમ૦ ૫
જબ પ્રભુ ઘટમેં પ્રગટ થશે, તબ સમ્યગ્ સૂઝે;
 અંતરધ્યાન હો જાતહૈ, તબ કાંઈ ન સૂઝે. પરમ૦ ૬
નિમિષ માત્રકા વિયોગસેં, યોગીજન અકુળાય;
 વખત વીતે વિયોગિકા, મન કયોં ન મુંઝાય ? પરમ૦ ૭
અંતરપટ અલગો કરો, અહો અંતરયામી;
 અખંડ દર્શન અનુભવું, તો મેં સબ ભર પામી. પરમ૦ ૮
નિજ દર્શનકા વિયોગકો, વિયોગ કરી જે;
 ભોગ યોગેં ભુલું નહીં, ઐસી દઢતા દીજે. પરમ૦ ૯
હાલ હાર્દ હૃદયેં ધરી, બ્રહ્માંડકા ભૂપ;
 સમ્યગ્ શુદ્ધ સ્વરૂપ દ્યો, રત્નત્રય રૂપ. પરમકૃપાળુ૦ ૧૦
 (સંવત્ ૧૯૬૭ પોષવદિ ૯ સોમવાર મુ૦ માંડલ.)

પદ્ય ૨૭ મું.

શ્રીસદ્‌ગુરૂ ભગવાન પ્રત્યે પ્રાર્થના-ગરબી.

 પ્રથમ નમું પરિબ્રહ્મને, ગુરૂ જ્ઞાનીજી,
જે છે સહજાત્મ સ્વરૂપ, અંતરધ્યાનીજી;
 શુદ્ધ ચૈતન્ય સ્વામી નમું, ગુરૂ૦ જેનાં વચનામૃત રસકૂ પ.અંત૦ ૧
સત્યદેવ ગુરૂ સંતને, ગુરૂ૦મેં ગણી સદા એકત્ર. અંત૦
 સહુ પહેલી સાષ્ટાંગથી, ગુરૂ૦ પ્રણમું શ્રી ગુરૂ શિરછત્ર. અંત૦ ૨
પરમકૃપાળુ દેવના, ગુરૂ૦ જે પરમ કૃપાના પાત્ર. અંત૦
 પ્રણમું પ્રેમેં તે સહુ, ગુરૂ૦ નિત્ય નમાવી ગાત્ર. અંત૦ ૩

શ્રીમદ્દ સદ્ગુરૂ રાજને, ગુરૂ૦ કરૂં અરજ આત્મ હિતકાજ. અંત૦
આપો સૂઝ્યો આપને, ગુરૂ૦ હવે કાજ સુધારો રાજ.અંત૦૪
દાસતણી અરદાસ એ, ગુરૂ૦ મને દીજે દ્દઢ વિશ્વાસ; અંત૦
ત્રાસ ન લહું ભવવાસનો, ગુરૂ૦ કરો આશનો સત્યાનાશ.અં૦૫
સમય સમય સમરણ કરૂં, ગુરૂ૦ મ્હારે મન એ આલ્હાદ; અં૦
એહવી અપૂરવ દ્યો દશા, ગુરૂ૦ કદિ કરવા ન પડે યાદ. અં૦ ૬
સર્વ સુગુણસંપન્ન તમે, ગુરૂ૦ મ્હારે તે ગુણની સ્હાય; અં૦
દીપકથી દીપક પેરે, ગુરૂ૦ કહો કિમ નહિં ગુણ પ્રગટાય. અં૦ ૭
હૃદય હર્ષ ન સમાય છે, ગુરૂ૦ મ્હને જડયો અચુક ઉપાય; અંત૦
રાજતણો યુવરાજ હું, ગુરૂ૦સુણો દાખું તેહનો ન્યાય. અં૦ ૮
ધર્માપત્ય હું આપનો, ગુરૂ૦ છો આપ ધર્મના તાત; અં૦
વારસના ગુણ વારસે, ગુરૂ૦ ઉતરે એ જગવિખ્યાત. અં૦ ૯
તિમ તુમ ગુણ મમ આત્મમાં, ગુરૂ૦ ઉતરશે એ નિરધાર; અં૦
તુમ ગુણગણ મિલકતતણો, ગુરૂ૦ અથવા હું છું હક્કદાર. અં૦ ૧૦
તો પણ ચેષ્ટા ચારથી, ગુરૂ૦ દર્શાવું છું દિલ સ્હાય; અંત૦
લૌકિકમાં પણ ખ્યાત છે, ગુરૂ૦ વણ માગ્યે ન પીરસે માય. અં૦૧૧
તે કારણ કરી વંદના, ગુરૂ૦ કરૂં વિનતી વારંવાર. અં૦
ધીરજ જીવ ધરે નહીં, ગુરૂ૦ કરૂં બાલની પરે પુકાર; અં૦ ૧૨
યોગ્યતા બક્ષો બાપજી, ગુરૂ૦ તમે યોગ ક્ષેમકર્તાર; અં૦
જિમ હું શકું પ્રભુ જાળવી, ગુરૂ૦ નિજ રત્નત્રય ભંડાર. અં૦૧૩
(શુભ સં. ૧૯૬૭ પોષ વદી ૧૦ વાર બુધ. મુ૦ માન્ડલ.)

પદ્ય ૨૮ મું.

પ્રાથનારૂપ સ્વાત્મનિવેદન-ગરબી.

(હાંરે મારે આજની ઘડી રળીયામણી રે-એ દેશી.)

સહજાત્મ સ્વરૂપ તમે સાંભળો રે,
કરૂં વીનતી મૂકીને મન આમળો રે; (ટેક.)

મ્હારી વારવારની વીનતી ફળો રે,
મહારાજનો વિયોગ વેગે ટળો રે. સહ૦ ૧
મ્હને જાગી રૂચિ તે કેમ સત્યની રે,
કેવી રીતે હું ઉગર્યો આમી અણીરે;
કેમ પામ્યો હું શિર ધિંગાધણીરે,
ત્હેની વાત કહું જે જે બનીરે. સહ૦ ૨
જ્યારે હું તો હું બાલકવેશમાં રે,
ત્યારે હતા પ્રભુ નિકટ પ્રદેશમાં રે;
પ્રભુ મળવાતણા આવેશમાં રે,
હું તો દેશ ત્યજી ગયો પરદેશમાં રે. સહ૦ ૩
હું તો પડયો પાંખડિયોના કલેશમાં રે,
થયો પરવશ વેશના આવેશમાં રે;
કર્યું પરિભ્રમણ દેશ દેશમાં રે,
સહ્યાં સંકટ વિકટ વિદેશમાં રે. સહ૦ ૪
મ્હેં તો મત મમત્વનો નિશો કર્યો રે,
તેણે સહજ સ્વભાવ મ્હારો આવર્યો રે;
કાલ પામી સહજે નિશો ઊતર્યો રે,
ત્યારે મૂળ સ્વભાવ મ્હને સાંભર્યો રે. સહ૦ ૫
પછે જિનપ્રવચનની પેટી જડીરે,
પણ આપમતે તે ન ઊઘડી રે;
દુષ્ટ કર્મોતણી કાઢી કડી રે,
મ્હને મ્હોટી વિચારણા થઈ પડી રે. સહ૦ ૬
વળી વચનામૃત એકાન્તમાં રે,
મ્હેંતો વાંચ્યાં વિચાર્યાં દિન રાતમાં રે;
સહજ શાન્તિ પામ્યો મ્હારો આતમારે,
પણ સમજ્યો નહીં મૂળ વાતમાં રે. સહ૦ ૭
ગુરૂરાજે જણાવ્યું ગદ્ય-ગાથમાં રે,
આત્મદ્રવ્યની કુંચી છે ગુરૂહાથમાં રે;

તેથી રજુ થયો મ્હારો આતમારે,
ત્યારે શીઘ્ર શોધ્યા મેં મહાતમારે. સહ૦ ૮
મ્હને પૂર્વના સંસ્કારી મળ્યારે,
દિવ્ય દર્શનથી સાંસા ટળ્યા રે;
પ્રથમ સમાગમેં અઢળક ઢળ્યારે,
મ્હારા મનના મનોરથ સહુ ફળ્યારે. સહ૦ ૯
પછિ થયા પ્રગટ સહજાતમારે,
મ્હને સમજાવ્યો એક સ્યાતમાં રે;
મ્હારો હાથ ગ્રહી નિજ હાથમાં રે,
મ્હને રાખ્યો ઘણો નિજ સાથમાં રે. સહ૦ ૧૦
તેના પછી મ્હારી જે દશા થઇ રે,
તે તો વચનથી કિમ જાયે કહી રે;
સદ્દગુરૂને ચરણે આત્મા રહી રે,
અથવા શ્રી રત્નત્રયીમયી રે. સહ૦ ૧૧
(શુભ સંવત્ ૧૯૬૭ પોષ વદી ૧૧ શ્રીમદ્દસદ્દગુરૂ સમર્પણ-મુ૦ માંડળ)

પદ ૨૯ મું.

શ્રીસહજાત્મ સ્વરૂપ ભગવાનની પધરામણી.

(દોહરો.)

અંતરભક્તિને અરથ, બાહ્યભક્તિ પહિચાન;
ભક્ત થાય ભગવાન એ, સીમ ભક્તિકી જાન. ૧.

(મહાવીર પ્રભુ ઘેર આવે-એ દેશી.)

સહજાત્મ સ્વરુપ ઘર આવે, અંતરાત્મા એ:ભાવના ભાવે રે. સ૦
આતમ-મંદિર નિજ ભાવે, પ્રભુ આવવા યોગ્ય બનાવે;
સર્વ પરિકરને સમજાવે, સત્યોધમદાસ બોલાવે રે. સ૦ અં. ૧
પ્રથમાત્મભૂમિ સમરાવે, કર્મકચરો કાઢી નંખાવે;
ઉપર ઉપશમ જલ છંટકાવે, સુ'મનના સુમન વરસાવે રે. સ૦ ૨
કરણીવડે ભીત ધોળાવે, સ્થિર ચિત્ત ચિત્ર ચિતરાવે;

પ્રભુ-સ્મરણ માળ લટકાવે, અષ્ટ મૂળ ગુણ મંગળ ઠાવેરે. સ૦ ૩
ચોખા ચિત્તના ચંદરવા બંધાવે, સુતર્કના તોરણ ફાવે;
જયણાની જરી પથરાવે, ઘર અંતર બ્હાર શોભાવે રે. સ૦ ૪
કીર્ત્તિથંભ ઊભો કરાવે, ધૃતિ રૂપ ધજા લહકાવે;
યશની ફરરી ફરકાવે, ગુણદૃષ્ટિ નિશાન ચઢાવે રે. સ૦ ૫
અમારિ પડહ વજડાવે, સત્યની શરણાઇ સોહાવે;
ધ્વનિ રૂપ નોબત ધુરાવે, પંચ શબ્દિ સઝાય સુણાવેરે. સ૦ ૬
સત્સંગ મેળો મંડાવે, ચર્ચારૂપ ચરિત્ર સુણાવે;
સ્તવ સ્તુતિ ગીત ગવરાવે, દેવનો 'આગમ' દરસાવેરે. સ૦ ૭
પછી ભાવ-ભોજન નિપજાવે, પહેલાં ભક્તિનીરવડે ન્હાવે;
મર્યાદાનો ચોકો લગાવે, અંધઃકર્માદિ દોષ ન લાવે રે. સ૦ ૮
અન્નદાનનાં અસન રંધાવે, દયા દાનની દાળ બનાવે;
સુરૂચિનાં શાક સોહાવે, સમભાવથી સુખડી ભાવે રે. સ૦ ૯
શુભ લક્ષણ લાડુ બંધાવે, ખમ દમનાં ખાજાં મંગાવે;
સંતોષની સેવ સોહાવે, કરૂણાની કઢી તે કરાવે રે. સ૦ ૧૦
શુદ્ધ અધ્યવસાય જળ લાવે, સદ્દવિચારને ગલણે ગળાવે;
શાન્તિરસ સુગંધ સોહાવે, કુંભકરૂપ કુંભમાં ઠાવે રે. સ૦ ૧૧
મૃદુ ગુણનો મેવો મગાવે, દિલ કોમળ દ્રાક્ષ સોહાવે;
પિસ્તાં પાપપસ્તાવાનાં થાવે, બહુમાન બદામ બનાવેરે. સ૦ ૧૨
મન પ્રસન્નતા મુખવાસ ઠાવે, શુભવાસના એલચી ભાવે;
શુભ લક્ષ્યના લવિંગ લાવે, ચિત્ર વિચિત્ર ચૂર્ણ કહાવે રે. સ૦ ૧૩
એમ સર્વ તૈયારી કરાવે, તેનાં નામ સુણ્યાં સુખ થાવે;
ખાધાથી ભુખ દુઃખ જાવે, એ ભોજન પુન્યવંત પાવે રે. સ૦ ૧૪
વિનયરૂપી થાળ મંજાવે, ત્હેમાં સર્વ ભોજ્ય ગોઠવાવે;
શુદ્ધિરૂપી સુવસ્ત્રે ઢંકાવે, અતિચાર અશુદ્ધિ ન આવેરે. સ૦ ૧૫
વળી શીળજળે ભરી ન્હાવે, બાહ્યાન્તર અશુચી હઠાવે;
સુલજ્જા રૂપ વસન સજાવે, ગુણભૂષણ સર્વાંગે ઠાવેરે. સ૦ ૧૬
ગૃહદ્વાર પ્રદેશમાં આવે, દ્વારા પ્રેક્ષણ કરે મન ભાવે;
ઉભાં વાટ જોવે ચિત ચ્હાવે; પેખત પ્રભુને પડઘાવે રે. સ૦ ૧૭

કરી અંજળી ભાલ ચઢાવે, સત્તરૂપય સન્મુખ જાવે;
કરે ત્રણ પ્રદિક્ષણા ભાવેં, ભવભ્રમણ તે ભ્રમણેં ભગાવે રે. સ૦ ૧૮
દંડવત્ સાષ્ટાંગ નમાવે, ગુરૂસન્મુખ દૃષ્ટિ લગાવે;
પદકજ—રજ શીશ ચઢાવે, પાદોદકેં પાવન થાવે રે. સ૦ ૧૯
પછી પ્રભુજીની પૂજા રચાવે, અંગ અગ્રાદિક મન ભાવે;
શુદ્ધ દ્રવ્ય સર્વ સમરાવે, મૌનયતા મુખકોશ જણાવેરે. સ૦ ૨૦
નયનામૃતે ન્હવણ કરાવે, શુદ્ધ ચરણચંદન ચરચાવે;
અક્ષ જયરૂપ અક્ષત ઠાવે, પ્રમોદનાં પુષ્પ ચઢાવે રે. સ૦ ૨૧
શુદ્ધ ધ્યાનનો ધૂપ ધરાવે, જ્ઞાનદીપક જ્યોતિ જગાવે;
નવપદ નૈવેદ્ય ધરાવે, ફળ ઠામે શિરફળ ઠાવે રે. સ૦ ૨૨
નિષ્કામના અર્ઘ્ય ચઢાવે, ગંધોદક નેત્ર લગાવે;
અરતિની આરતિ ઉતરાવે, જયઘોષના ઘંટ વજાવેરે. સ૦ ૨૩
એમ પૂજા કરી મન ભાવે, આનંદે અંગ વિકસાવે,
પ્રભુને સર્વ શુભોપમ ઠાવે, પ્રભુના હર્ષ હર્ષ ગુણગાવેરે.સ૦ ૨૪
પછી સુમતિરાણીને તેડાવે, તે પણ ઉલ્લસંતી આવે;
ઋદ્ધિ સિદ્ધિ સખી સંગ લાવે, ચાર બુદ્ધિને ભૂલી ન જાવે રે.સ૦ ૨૫
સમકિતસ્વસ્તિક પૂરાવે, ચહું ગતિની ચિંતા ચુરાવે;
ત્રણ પુંજ રત્નત્રય ઠાવે, ચંદ્રાર્દ્ધથી સિદ્ધ સંભાવે રે. સ૦ ૨૬
મુક્તિ—ફળ શ્રીફળ ઠાવે, મનમુક્તાફળથી વધાવે;
પછિ પ્રભુને પંચાંગ નમાવે, ગુણગ્રામની ગહુંલી ગાવે રે. સ૦ ૨૭
એમ ભક્તિ કરે ભલે ભાવે, જિનશાસન સોહ વધાવે;
જેથી બોધબીજ બહુ પાવે, પછે નિજઘર પ્રભુ પધરાવે રે. સ૦ ૨૮
પૂર્વ ભોજન ભકતે કરાવે, સમતા પય પાવન પાવે;
તન્મયતા તામ્બુલ ઠાવે, વિવેક વિંઝણે વાયુ ઢોળાવેરે. સ૦ ૨૯
સદ્ય સહજ સિંહાસન ઠાવે, ત્રણ તત્ત્વનાં છત્ર ધરાવે,
ચોસઠ સંપદા ચમર ઢળાવે, રહે અંતરિક્ષ નિરદાવે રે. સ૦ ૩૦
પછી પ્રભુ ઉપદેશ સુણાવે, ભેદાભેદે અભેદ બતાવે;
દૃઢ યુક્તિ બળેં સમજાવે, શાને કરી ભાન જગાવે રે. સ૦ ૩૧

એકાગ્ર પણે સમભાવે, સહુ શ્રવણુ કરે ચિત્ત ચ્હાવે;
વચનામૃતેં તૃપ્તિ ન થાવે, સહુ સંશય શીઘ્ર પુળાવેરે. સ૦ ૩૨
પછી પ્રાર્થના કરે ભાવે, રોમ રોમ રોમાંચિત થાવે;
હર્ષાશ્રુ નયન વહાવે, ગદ્ ગદ્ સ્વરે અરજ સુણાવે રે. સ૦ ૩૩
અહો નાથ તમે નિરદાવે, દીધાં દર્શન ઉપદેશ ભાવે;
આત્મા અખંડ સેવા ચ્હાવે, ત્હારા ચરણુ શરણુમાં સમાવેરે. સ૦ ૩૪
પછી મહા પ્રભુ તે પ્રસ્તાવે, નિષ્કારણુ કરૂણા લાવે;
આત્માની અરજ સ્વીકરાવે, આત્મ પરમાત્મા પદ પાવેરે. સ૦ ૩૫
એમ સેવ્ય સેવે જે ભાવે, અખંડિત સેવા લાવે;
નિજાત્મવીર્ય ઉલ્લસાવે, રત્નત્રયની ઐકયતા પાવે રે. સ૦ ૩૬

અંતરાત્મભાવન.ષટ્‌ત્રિંશિકા સમાપ્તા:

(સંવત્ ૧૯૬૭ મેરૂત્રયોદશી, પોષ વદી ૧૩ શુભસ્થળ–મંડલીકપુર.)

પદ ૩૦ મું.

શ્રીસદ્‌ગુરૂ ભગવાન પ્રત્યે વિનંતીરૂપ આત્મબળ ભાવના.

(હવે ન છોડું ત્હારો છેડલોરે–એ રાગ)

સહજાત્મ સ્વરૂપ સુણો વીનતીરે,
હું તો વીનવું વિનયે દિનરાત, મ્હારા નાથ,
હવે ન ચુકું ત્હારી ચાકરી રે. (ટેક) ૧
મ્હારા આત્માતણી કરો ઉન્નતીરે,
તમે સાચાં મ્હારાં માત તાત. મ્હારા૦ હવે૦ ૨
હું તો બાલપણે ન ઓળખી શકયો રે,
મ્હેં તો જાણી સાધારણ વાત. મ્હા૦ હ૦ ૩
પછી મત મમતેં ઉન્મત્ત થયોરે,
મ્હેં તો કીધા અનેક ઉતપાત. મ્હા૦ હ૦ ૪
કોઇ પૂર્વના શુભ સંસ્કારથીરે,
મ્હેં તો સુણ્યા ત્હારા અવદાત. મ્હા૦ હ૦ ૫

વળી વચનામૃત સુવિચારિયાંરે,
મ્હને લાગ્યાં તે ખરાં ખરેખાત. મ્હા૦ હ૦ ૬
ત્હારા કૃપાના પાત્રની કૃપાવડે રે,
મ્હને મળ્યા તુમે સાક્ષાત. મ્હા૦ હ૦ ૭
પ્રભુ કેમ ભૂલું કોઈ કાળમાંરે,
મ્હને સંબોધ્યો ગ્રહી હાથ. મ્હા૦ હ૦ ૮
મ્હેં તો પ્રત્યક્ષ સદ્ગુરૂ ભેટિયારે,
મ્હારો અંતરાત્મા હર્ષીત. મ્હા૦ હ૦ ૯
હું તો પૂર્વ ભણેલ સર્વ ભૂલિયોરે,
મ્હેં તો પામી અપૂરવ વાત. મ્હા૦ હ૦ ૧૦
મ્હારે અસત્સંગની આખડીરે,
સત્યસંગે હૃદય ઉલ્લસાત. મ્હા૦ હ૦ ૧૧
મ્હને ડાહ્યા ગણાતા ગણે ગાંડિયોરે,
તેથી અંતરંગ નહીં અકળાત. મ્હા૦ હ૦ ૧૨
મ્હને ભ્રષ્ટ ગણીને ભાંડે ઘણારે,
તે સુણી સુણી થઉં રળિયાત. મ્હા૦ હ૦ ૧૩
કદી ઘોર પરિસહ ઊપજે રે,
ત્હેની ચિન્તા નહિ તિલ માત. મ્હા૦ હ૦ ૧૪
પણ વ્હાલા તમારા વિયોગનોરે,
દુઃખ નિમિષ માત્ર ન સહાત. મ્હા૦ હ૦ ૧૫
મ્હને દીજે અખંડ ઉપાસનારે,
સદ્ગુરૂ સત્સંગનો સાથ. મ્હા૦ હ૦ ૧૬
વળી રત્નત્રયની દીજે ઐકયતારે,
હું તો માગું ચરણ ધરી માથ. મ્હા૦ હ૦ ૧૭

(સંવત્ ૧૯૬૭ પોષવદી ૧૪ મુ૦ વીઠ્ઠલપુર.)

પદ્ય ૩૧ મું.

(શ્રી સદ્દગુરૂ ભગવાન-નમસ્કારાષ્ટક—દોહરો.)

શ્રીમદ્દ સદ્દગુરૂદેવજી, રાજરાજેશ્વર રાજ;
નમન સુગુણ અષ્ટક ભણું, અષ્ટ આત્મ ગુણકાજ. ૧

(સવૈયા એકત્રીસા—મનહર છંદ.)

જાને ત્યાગી ભાવહિંસા જાકે સત્ય હ્રદય વસ્યા—
જાને છોરી ભાવચોરી શુદ્ધ બ્રહ્મચારી હૈં,
જાકે નિજાતમ બિના ઔર પરિગ્રહ નાંહી—
ઐસે ભાવ પૂરવક પંચ યામ (યમ) ધારી હૈં;
બાહ્ય આડંબર ટારી અંતરંગ ક્રિયાધારી—
અસલ આચારી અરૂ ગગનવિહારી હૈં,
જાકે વિકથા ન વાત જાકે નાંહિ પક્ષપાત—
ઐસે ગુરૂ રાજ તાકાં વંદના હમારી હૈં. ૧
જાકે દરસનેં હમ પાયે દરસન નિજ—
જાકે વચનામૃતસેં જાની નિજ ખામી હૈ,
જાકે યોગબલ હમ પાયે નિજ આત્મબલ—
જાકી સતસંગસેં સહજ શાન્તિ પામી હૈ;
જાકી સત્ય શિક્ષારૂપ દીક્ષાકોં ધારત હમ—
જાકે સત્ય મારગસેં ભયે શિવગામી હૈ,
આત્મવિસરામી નિષ્કામી હૈં ત્રિકાલ સ્વામી—
ઐસે ગુરૂરાજ તાકાં મથ્થેણવંદામી હૈ.
શાન્તિકે સમુદ્ર ઉપશાન્તિકે અખાત માનો—
ભ્રાન્તિ ભય ભાંજવેકાં ભાસ્કર લલામ હૈં,
ક્ષાન્તિકો ખજાનો નમ્રતાઇકો નિધાન માનો—
કૈસેં કહેજાત સુસકલ ગુનધામ હૈં;
લૌકિક કુદૃષ્ટિ વારી શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ ધારી—
પર્યાય કુબુદ્ધિ ટારી અંતર અકામ હૈં,

જાકે નામ સ્મૃતિમાત્ર સ્મરકો વિનાશ હોત—
ઐસે ગુરૂ રાજ તાકોં હમારા પ્રણામ હૈં. ૩

સદા નિષ્કારણ કરૂણા-રસ-સાગર હૈં—
દુઃખ ત્રય ટાલક રતનત્રય-ધાર હૈં,
જગ-જીવ મુમુક્ષુકે શિરકે સુછત્ર સમ—
મસ્તક મુકુટ અરૂ હૃદયકા હાર હૈં;
આંખનકી કીકી અરૂ કલેજાકી કોર સમ—
જીવનકી જડી અરૂ આતમદાતાર હૈં,
જગજીવ તારવેકોં ધર્યો અવતાર જિન—
ઐસે ગુરૂરાજકોં હમારા નમસ્કાર હૈં. ૪

ભાવરૂપ ભોજન વિજ્ઞાન નિરમલનીર--
સ્વાદિમ સુશાન્તિ સત્ય સ્વાદિમમેં તૃપ્ત હૈં
જાકોં સબહે વિદિત ઠાને નહીં હાર જીત--
સબસેં અજીત જાકે મત ન મમત હૈ;
સત્ય સનાતન રીત ધરત હૈં તાસોં પ્રીત—
આતમસ્વરૂપસ્થિત કભી ના ડુલત હૈં,
જાકો નિરાકુલ ચિત્ત દેહ હોતે દેહાતીત--
ઐસે ગુરૂરાજકોં હમારા દંડવત હૈં. ૫

ભોગીજન જાનત વીર્યાસ્રવ અરોક જૈસેં—
તૈસે જ્ઞાની દેવ કહ્યો ઉદય અરોક હૈ,
ઐસે વિષમોદયકોં વેદે અનાશક્ત ભાવ—
શુભાશુભ માંહી જાકે હર્ષ હૈ ન શોક હૈ;
આતમવિચાર જાકે રહત સતત શુદ્ધ—
ઐસે પૂર્વકે અભ્યાસી રત્નસમ સ્તોક હૈ,
મહાભયંકર અતરંગ વ્રત આરાધે હૈં—
ઐસેં ગુરૂ રાજકોં હમારી પાવ ઢોક હૈ. ૬

જાકે દૃઢ હૈ વિશ્વાસ સદા હૈ નિજાત્મ આશ--
પર પરમાણુ માત્ર જિનકે હરામ હૈ,

જો હૈ નિઃસ્પૃહ રહૈં આલમમેં અંબુજ જ્યોં—
દોસ્ત દુશમન જાકે સરીખે તમામ હૈં;
જાકે ખાવિંદસોં પ્યાર જાનત સંસાર છાર--
ખુદાકી ઇબાદતમેં રહે આઠોં જામ હૈં,
દામસેં ન હામ અરૂ કામસેં ન કામ જાકે—
ઐસે ગુરૂ રાજ તાકોં હમારી સલામ હૈ. ૭
માર્યો જિન્નેં મોહમીર માર્યોહૈ મિથ્યાવજીર—
આહણ્યો અજ્ઞાનભટ્ટ આદિકો ગનીમ હૈં,
અરૂ રાગ દ્વેષ આદિ આહણે અંતર અરિ—
ભયે જીતશત્રુ તબ હિયો ભયો હીમ હૈં;
સત્યધર્મધારક વિદારકપાખંડપાપ—
કરમભરમ રૂપ રોગકે હકીમ હૈં,
યોગ્ય જીવાત્માકોં હરે રાગકે નિયોગ જાકે—
ઐસે ગુરૂ રાજકોં હમારી તસલીમ હૈ. ૮

(દોહરો.)

જય જય સદ્‌ગુરૂ દેવજી, જય જય સંત મહંત;
રત્નત્રય ગુણવંતકી, જય બોલો સબ જંત. ૧

(સંવત્ ૧૯૬૭ માઘ શુકલા દ્વિતીયા મુ૦ શંખલપુર-અતિશય ક્ષેત્ર.)

પદ ૩૨ મું.

શ્રીસદ્‌ગુરૂદેવ પ્રત્યે નિરાગ્રહ ભાવે આગ્રહરૂપ તથા અબાલ ભાવે બાલકરૂપ વિજ્ઞપ્તિ.

(નહિ છોડું રે દાદાજી ત્હારો છેડલો—એ દેશી૦)

નહીં છોડું રે સદ્‌ગુરૂ ત્હારો છેડલો, નહિં મૂકું રે કૃપાળુ ત્હારો કેડલો;
મ્હને મોક્ષનગરિયેં પહોંચાયહો, નહિ છોડું રે સદ્‌૦ (એ ટેક.)

હાંરે વ્હાલા ભવઅટવીમાં ભટકતાં, ભાગ્યયોગે ભાળ્યા ભગવાનરે;
વ્હાલા જે જેહનેં ભાણે મળ્યો, પ્યારા તે તેહને પકવાનરે. ન० ૧
હાંરે વ્હાલા વીતી વાત વિસારીને, કહું વર્ત્તમાનની વાતરે;
વ્હાલા પ્રત્યક્ષ સદ્ગુરૂ પામિયો, મ્હારી ભેદાણી સાતે ધાતરે. ન० ૨
હાંરે વ્હાલા ત્હારી સુકૃપાકટાક્ષથી, પામ્યો રાજ-મારગ સુખસાજરે;
વ્હાલા વળી ત્હારા સુપ્રસાદથી, મ્હારાં રાજ સુધારશે કાજરે. ન० ૩
હાંરે વ્હાલા અહંમમેતિ સંસાર છે, હું તું ત્યાં લગેં પંથ-કલેશરે;
વ્હાલા એ ઓળંઘી આગળ લહે, એકત્રભાવ નિજ દેશરે. ન० ૪
હાંરે વ્હાલા જ્યાં લગેં ન લહ્યો દેશ એ, ત્યાં લગેં કેમ છોડું દયાલરે;
વ્હાલા ઠેઠ પહોંચાડો સ્વધામમાં, ત્હારાં કોલ વચનને સંભાલરે.ન०૫
હાંરે વ્હાલા વળગી ત્હારા વિશ્વાસને, તોડી નિસર્યો હું પાખંડવાડરે;
વ્હાલા વાર લગાડો છો કેમ તુમે, ત્હારો પ્રપૂર્ણ દેશ દેખાડરે.ન० ૬
હાંરે વ્હાલા લૌકિકમાં પિણ રીત એ, વળાઉ તે પહોંચાડે ઠેઠરે;
વ્હાલા આ લૌકિકની રીતથી, ત્હારી રીતિ અલૌકિક શ્રેષ્ટરે. ન० ૭
હાંરે વ્હાલા લક્ષણ ત્હારા સુલક્ષથી, મ્હારા લક્ષમાં વર્ત્તે અલક્ષરે;
વ્હાલા લક્ષ વાતે પણ અક્ષથી, અધક્ષણ નવિ મ્હેલું દક્ષરે. ન० ૮
હાંરે વ્હાલા મોક્ષમોક્ષ બહુધા કહે, ચહે ડોકરી વાળી મોક્ષરે;
વ્હાલા એહવી મોક્ષ ન મેં ચહું, હું તો મોક્ષ ચાહું અપરોક્ષરે.ન०૯
હાંરે વ્હાલા અંતરંગની ભાવના, મ્હારી જાણો છો સર્વજ્ઞરે;
વ્હાલા હોય અપરાધ અવ્યક્ત તો, કરો માફ ગણી અલ્પજ્ઞરે.ન०૧૦
હાંરે વ્હાલા દુવિધા બાહિર ભાવની, સૂચવી વાક્યરચનાદ્વારરે;
વ્હાલા પણ અંતરની ઐક્યતા, જાણો રત્નત્રય શિરદારરે ન० ૧૧
(શુભ સં. ૧૯૬૭ માઘકૃષ્ણ ૭ ચંદ્ર શ્રી ઉમરદશી શુભસ્થળ વનક્ષેત્ર.)

પદ્ય ૩૩ મું.

શ્રીસદ્ગુરૂ ભગવાન પ્રત્યે વિજ્ઞપ્તિ રૂપ અનુભવપંચવિંશતિકા.

(વિરતિ પણે હું વીનવું, પ્રભુ અમઘર આવો-એ દેશી.)

વિનયેં વળી વળી વીનવું, અહો સદ્ગુરૂ દેવા;
હાંહાંરે અહો સદ્ગુરૂ દેવા. (એ ટેક०)

હું તો અખંડ ચાહું છું, પ્રભુદર્શન સેવા, હાંહાંરે પ્રભુ૦ ૧
દર્શન સેવથી સંપજે, પ્રભુચરણની સેવા; હાં૦ પ્ર૦
ચરણની સેવ મિળ્યા પછી, કાંઈ લેવા ન દેવા, હાં૦ કં૦ ૨
એ સેવાના ભાવમાં, ભાવ પંડિત બૂઝે; હાંરાંરે ભાવ૦
બૂઝે તે મુંઝે નહીં, તેને અગમની સૂઝે, હાંહાંરે તેને૦ ૩
જેહને તે સૂઝે એહમાં, ત્હેની તો મતિ મૂંઝે; હાંહાંરે ત્હેની૦
મુંઝે પણ બૂઝે નહીં, તે તો ઉલટા ઝૂઝે, હાંહાંરે તેતો૦ ૪
જૈની સમ કૈની નહીં, એક રીતે જોતાં; હાંહાંરે એક૦
સાક્ષાત સત્યને અવગણી, ખાય થોથાંમેં ગોતાં, હાં૦ ખા૦ ૫
પરોક્ષના પક્ષપાતમાં, પ્રત્યક્ષને ભૂલે; હાંહાંરે પ્રત્ય૦
અથવા પ્રત્યક્ષ પરખતાં, સંશયમાં ઝૂલે, હાં૦ સંશ૦ ૬
પરોક્ષ પ્રતિમા પેખકેં, ફરિ ફરિ મન ફૂલે; હાં૦ ફરિ૦
પ્રત્યક્ષ પ્રભુપ્રતિમા પ્રત્યેં, વરતે પ્રતિકૂલે, હાં૦ વ૦ ૭
મ્હેં તો પ્રત્યક્ષ પ્રભુતણો, વિણ દામકો દાસ; હાંહરે વિણ દા૦
પ્રત્યક્ષ અર્થે પરોક્ષની, કરૂં સેવ સૌલ્લાસ. હાંહાંરે કરૂં૦ ૮
સગુણ સંજીવન મૂર્ત્તિના, ભણું ધર્મ-સનેહ; હાંહાંરે ભ૦
કિંગારે મધુરેં સ્વરે, મોર સાંભળી મેહ, હાંહાંરે મોર સાં૦ ૯
તુમ તો પ્રભુ વિલમી રહ્યા, નિજ સજ્જનસંગે; હાંહાંરે નિજ૦
અમે વિરહ દુઃખ વેદિયે, નિજ કર્મપ્રસંગે, હાંહાંરે નિજ૦ ૧૦
વાસર વીતે વર્ષ સમો, નિશિ છગણી ગણાય; હાંહાંરે નિશિ૦
પહોર ઘડી પલ સમયનો, લેખો લેખ્યો ન જાય, હાંહાંરે લે૦ ૧૧
સેવક ત્હારે અનેક છે, નિજ આતમ ભાવે; હાંહાંરે નિજ આ૦
મ્હારે સેવ્ય તું એક છે, નિજ શુદ્ધ સ્વભાવેં, હાં૦ નિ૦ શુ૦ ૧૨
વિરહવ્યથા ન જણાય જે, નિજ આતમ શાખે; હાંહાંરે નિજ૦
તો આવર્ણના ઓટ છે, એમ પંડિત ભાખે, હાંહાંરે એમ૦ ૧૩
આતમ એક સ્વરૂપ છે, એમ સહજે ભાસે; હાં૦ એ૦
તો પણ પૂર્વાધ્યાસથી, સાંસો પડે વાંસે, હાં૦ સાં૦ ૧૪
સાંસાને વાંસે પડે, ત્યારે સાંસો નાસે; હાં૦ ત્યા૦
ગતસંશય સહજાતમા, સહજે સુપ્રકાશે, હાં૦ સ૦ ૧૫

ઘટ ઘટ અંતરમાં વસે, પોતે શ્રી ભગવાન; હાં૦ પો૦
કહ્યા અનેક જે આતમા, તે એ અનુમાન, હાં૦ સ૦ ૧૬
અથવા સહજ સ્વરૂપ તે, સર્વત્ર જણાયે; હાં૦ સ૦
બહુરૂપી તેથી કહ્યા, એહ ન્યાય ગણાય, હાં૦ એ૦ ૧૭
તિહાં ઇહાં ને અન્ય સ્થાનકેં, પ્રભુ પ્રગટ ભાસે; હાં પ્ર૦
એ ન્યાયેં દૂરે તથા, વળી કહિયે પાસે, હાં૦ વ૦ ૧૮
જેનાથી સૂઝે સહુ, ત્હેને તેહ ન સૂઝે; હાં૦ ત્હે૦
ત્હેને મળે જો આરસી, તો સહુ પ્રતિબૂઝે, હાં૦ તો૦ ૧૯
તિમ આત્માથી સૂઝે સહુ, ત્હેને તેહ ન સૂઝે; હાં૦ ત્હે૦
તેને મળે જો સદ્ગુરૂ, તો સમ્યક્ સૂઝે, હાં૦ તો૦ ૨૦
પારદર્શક શ્રીસદ્ગુરૂ, પારદર્શક સ્થાને; હાં૦ પા૦
તે કારણ ગુરૂ-સેવના, મ્હારે મન માને, હાં૦ મ્હા૦ ૨૧
હૃદયદર્શન હૃદયમાં, પ્રભુ આપ્યાં આવી; હાં૦ પ્ર૦
તોપણ બાહ્ય-નિમિત્તની, મહિમા દરસાવી, હાંહાંરે મ. ૨૨
એ વ્યંગ વાણિ વિયાણસેં, ગુરૂ મુખી સોલ્લાસેં; હાંહરે ગુરૂ૦
ગુરૂ બે મુખ બે મુખ રહી, મતિ કલ્પના ગાસે, હાંહાંરે મતિ૦ ૨૩
પ્રત્યક્ષ સદ્ગુરૂ શોધિને, જે ગાશે પાસે; હાંહાંરે જે ગાશે૦
ત્હેને જ્ઞાનીના હૃદયનો, હારદ સમજાશે, હાંહાંરે હાર૦ ૨૪
રત્નત્રયની સુણો વિનતી, રત્નત્રયી રૂપ, હાંહાંરે રત્નત્રય૦
રત્નત્રય નેં સંભાળજો, રત્નત્રયભૂપ, હાંહાંરે રત્ન૦ ૨૫

(શુભ સંવત ૧૯૬૭ના માહવદિ ૧૪ ચંદ્રવાસર
મુ૦ ઉમરદશી-વનક્ષેત્ર-શિવરાત્રિ.)

પદ્ય ૩૪ મું.

શ્રીમદ્ સદ્ગુરૂ ભગવાનની સ્તુતિ-રાગ ધોળ.

સુગુરૂ નિત્ય સાંભરે, વ્હાલા શ્રી સહજાત્મા સ્વરૂપ;
અનામ અરૂપ રત્નત્રય-ભૂપ, સુગુરૂ નિત્ય સાંભરે. (એ ટેક૦)

પંચમ આરે અવતર્યા રે, સદ્‌ગુરૂ સત અવતાર;
મૂળ મારગ પ્રગટ કર્યો, સ્વામી ખોલ્યાં છે મોક્ષનાં દ્વાર. સુ૦ ૧
શ્રી ગુરૂ રાજચંદ્ર સારિખારે, વાણી અમૃતધાર;
મ્રતથી સંજીવન કર્યા, સ્વામી આત્મરતનદાતાર. સુ૦ ૨
સદ્‌ગુરૂ સવિતા સારિખારે, કથની કિરણ વિચાર;
આ જડ જગની ભૂમીથી, સ્વામી ખેંચી લીધો નિજ સાર૦ સુ૦૩
આ ભવઅટવીને વિષે રે, સદ્‌ગુરૂ સાર્થવાહ;
નિરભય નિજપુર દેશમાં, સ્વામી પહોંચાડે ગ્રહી બાંહ્ય. સુ૦ ૪
દુઃખદરિયો ઓળંઘવા રે, સદ્‌ગુરૂ ઝાઝ સમાન;
બેસી જાઓ શિવદ્વીપમાં, ભવ્ય બાલક વૃદ્ધ યુવાન. સુ૦ ૫
કર ગ્રહીને સંબોધીઓ રે, શ્રીશુદ્ધ ચૈતન્ય સ્વામિ;
સ્વરૂપાચરણ સમજાવીને, સ્વામી મેટી છે સઘળી ખામી. સુ૦ ૬
નિષ્કારણ કરૂણાધણીરે, કર્યો અનંત ઉપકાર;
તાર્યા બહુ ભવ્ય જીવને, સ્વામી અંતર વ્રત ધરનાર. સુ૦ ૭
દરશે અંતર્દર્શીને રે, શ્રી સદ્‌ગુરૂપદમૂળ;
દરશે બાહિરદર્શીને રે, સત્યપુરૂષનું ઉદયિક સ્થૂળ. સુ૦ ૮
ભાળ્યા વગરનું ભાવતે રે, સાધારણ કહેવાય;
પણ સાક્ષાત પ્રત્યક્ષથી રે, પરોક્ષ તે પ્રત્યક્ષ થાય. સુ૦ ૯
સાક્ષાત પ્રત્યક્ષ સદ્‌ગુરૂ રે, શ્રી ગુરૂદેવ સહાય;
ઓળખિયા ગુરૂ રાયને, મારી ટળી છે અલાય બલાય. સુ૦ ૧૦
મહિમા સદ્‌ગુરૂપદતણી રે, વચને કેમ કહેવાય;
રત્નરાજ ગુરૂ દેવના, રહ્યો ચરણ શરણમાં સમાય. સુ૦ ૧૧

(સંવત્ ૧૯૬૭ ચૈત્ર કૃષ્ણાપંચમી ભોમ—ઉમરદશી.)

પદ ૩૫ મું.

શ્રીસદ્‌ગુરૂ સંપ્રાપ્તિવૃત્તાન્તોપયોગી.

(ભલેરે મળ્યા મ્હારા મુનિવર સાધુ—એ દેશી.)

તેહ તો સુદિવસ મનોરથ ફળિયા,
સહજ સ્વભાવે સહજાત્મ પ્રભુ કળિયા હે;
ભલેરે મળ્યા મારા પૂર્વ સનેહી,
જન્મસુધારણ ગુરૂ રાજ વિદેહી હે. (એ ટેક૦) ૧
સંવત ઓગણીસેં ને પાંસઠની સાલે,
હૃદય-દર્શન દીધો દીનદયાળેરે. ભલે૦ ૨
પુન્યક્ષેત્ર પ્રલ્હાદનપુર બ્હારે,
આંબાવાડી માનસનોવરપાલે હે. ભલે૦ ૩
મહેતાજીને બંગલે કારણે થયો વાસ;
અસત્સંગયોગે ચિત્ત ઉદાસ હે. ભલે૦ ૪
અક્ષયતૃતીયાની આગલી રાત,
રાતવીતી થયો ચાહે છે પ્રભાત હે. ભલે૦ ૫
તે અવસર આવશ્યક અનુસરતાં,
વધતે વૈરાગ્ય છેલ્લો કાઉસગ્ગ કરતાં હે. ભલે૦ ૬
દ્રવ્ય તેમ ભાવે વીતંતી રાત,
આનંદ સમાધિ લહી સાક્ષાત હે. ભલે૦ ૭
બંધ મોક્ષાર્થેં કરતાં વિલોપાત,
ઇશાનખૂણેથી ત્હેવે પ્રગટયા શ્રીનાથ હે. ભલે૦ ૮
બંદીમોચન ગ્રહી હાથથી હાથ,
દેઈ આશ્વાસ લોહ્યાં અશ્રુપાત હે. ભલે૦ ૯
વળી શ્રીમુખથી કહ્યું સાક્ષાત,
દિલગીર ન થઇયે ધીરજ ધરો ભ્રાત હે. ભલે૦ ૧૦
તવ કહ્યો પાછો નેત્ર કરી હેઠાં,
પાખંડી મૂલમાર્ગ રોકી બેઠા હે. ભલે૦ ૧૧

ધીરજ ધારી કેહને શરણે જઈયે,
પરમ કૃપાળુ પ્રકાશ્યા તૈયેં હે. ભલે૦ ૧૨
વિરેચન યોગથી વેદના જાશે,
તેથી તમોને સુખશાતા થાશે હે. ભલે૦ ૧૩
ઉદ્ધત સ્વભાવે પાછો બોલ્યો ઓછો,
તમારા જેવા અમને કીધાં ચાહો છો હે. ભલે૦ ૧૪
બીજું ન બોલતાં પ્રાણ–આધાર,
પ્રસન્નવદને દીધા ત્રણ ધન્યકાર હે. ભલે૦ ૧૫
પ્રભુવચનથી ભ્રમણા ભાગી,
પાંચનો ટકોર થતાં ઉઠયો જાગી હે. ભલે૦ ૧૬
રત્નત્રયિપંથ પરગટ ભાળ્યો,
અસદ્ અધ્યાસ અનાદિનો ટાળ્યો હે. ભલે૦ ૧૭
(શુભ સંવત્ વૈશાખ સુદિ ૩ અક્ષયતૃતીયા.
મુ૦ પુન્યક્ષેત્ર—પાલણપુર.
શુભ સ્થળ મગનભાઈ કોઠારીનો બંગલો.)

પદ ૩૬ મું.

શ્રીસદ્‌ગુરૂ દર્શનાભિલાષી વૃત્તિના આનન્દોદ્ગાર.

(ક્યારે હરિ દેખું રે હસતા–એ રાગ.)

ક્યારે ગુરૂ દેખું રે ઉલ્લસતા, મ્હારા હૃદયકમલમાંહિ વસતા. ક્યારે ગુ૦
ઉન્મનિમાંહી ગરકાવ થઇને, સહજ સમાધિ રસપસતા. ક્યારે ગુરૂ૦ ૧
મિથ્યા નામ રૂપ દ્રવ્ય ઉવેખીને, અદૃશ્ય આપ વિલસતા. ક્યારે ગુ૦ ૨
જેનારે દર્શને દર્શન થઇને, કર્મ આવરણ જાય ઘસતા. ક્યારે ગુ૦ ૩
આસન ભવ્યોના પુન્યોદયથી, અમૃતવાણી વરસતા. ક્યારે ગુ૦ ૪
રત્નત્રય નિજ દેશ ત્યજીને, અણું ક્ષણું નહિ ખસતા. ક્યારે ગુ૦ ૫
(શુભ સંવત્ ૧૯૬૭ના શ્રાવણ વદિ ૦)) મુ૦ ઉમરદશી-વનક્ષેત્ર.)

પદ ૩૭ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાન્ પ્રાર્થનાભજન—ભક્તિ.

(જીહો શિવજી ઉમયાદેવી શિવજીને પૂછે જી જી—એ ચાલ.)

જીહો સદ્‌ગુરૂ હૃદયકૃપાથી અમે ભક્તિ આદરિયે જી જી
 ત્હારી ભકિતથી ભવજલ તરિયેજી (એ ટેક.)
જિહ્વા સદ્‌ગુરૂ ધર્મસન્યાસ અંગીકૃત કરિયે જી જી,
 ત્હારી કૃપાથી ભવભય હરિયેજી, ૧
ભક્તિ આપો તો અમે મુકિત વિસરિયે જી જી,
 ત્હારી ભકિત મુકિત ચિત ધરિયે જી જી૦ સ૦
સર્વ સમર્પણ તમને કરિયે જી જી,
 અમે સહજ સ્વરૂપમાં ઠરિયેજી જી૦ સ૦ ૨
તમારી કૃપા તે સમ્યગ્‌દર્શન જી જી,
 તેહ જ્ઞાન ચરણ મન પ્રસન્ન જી જી૦ સ૦
તમારી કૃપાના પાત્ર જે જન જી જી,
 તેહ કૃત-પુન્ય ધન્ય ધન્ન જી જી૦ સ૦ ૩
તમારી કૃપા વિના દર્શન મિથ્યાત્વ જી જી,
 જ્ઞાન નામ નહીં પાવે જી જી૦ સ૦
ચોખે ચિત્ત કોઈ ચરણ આરાધે જી જી,
 તોહી કુચરણી કહાવે જી જી૦ સ૦ ૪
જીહો આપતો શુદ્ધ સ્વરૂપ સહાઇ જી જી,
 એક અભેદ મન ભાવેંજી જી૦ સ૦
જે જન પરિણુતિ પરિણમાવે જી જી,
 ત્હારી કૃપા રત્ન તે પાવે જી જી૦ સ૦ ૫

(શુભ સંવત્ ૧૯૬૭ ભાદ્રપદ કૃષ્ણ ૩ ચંદ્રવાસર
ઉમરદશી-વનક્ષેત્ર શ્રી સિદ્ધાસન પરિસરે.)

પદ ૩૮ મું.

શ્રીમદ્ સદ્‌ગુરૂ ભગવાન જન્મમંગલ-પદ.

(અડિયલ છંદની ચાલ.)

જન્મ્યા શ્રી ગુરૂ રાજ જગતહિત કારણે,
કરવા અમ ઉદ્ધાર વારિ જાઉં વારણે;
શોભન સોરઠ દેશ મૂળ મન ભાવતો,
હાલ કાળમાં કાઠિયાવાડ નામે છતો. ૧
તેમાં બંદર વવાણિયા મોરબીનૃપતણો,
વસે વર્ણ શુભ ચ્યાર પ્યાર પરસ્પર ઘણો;
દશા શ્રીમાળી વણિક વંશમાં ઓપતા,
રવજી મહેતા તાત સકળમાં શોભતા. ૨
માત દેવાનંદા નામ કે સત્યવતી સતી,
ઉભય ધર્મ વિશુદ્ધ કે સોહે દંપતી;
તસ ગૃહગગનમેં અભિનવ ઉદયો દિનકરૂ,
કુળદીપક કુળચંદ્ર સત્ય સુત સુરતરૂ. ૩
વિક્રમ સંવત વેદ[૪] યુગમ[૨] નિધિ[૯] બ્રહ્મ[૧] પરે,
દેવદીવાળી આદિતવાર શુભ અવસરે;
પ્રગટ્યા પુત્રરત્ન્ન ભાગ્યમાં નહિ મણા,
સધવ કુલાંગના ગાવે હર્ષ-વધામણા. ૪
જન્મમહોત્સવ અરૂ સંસ્કાર સવે કરે,
નિરખી નયનાનંદ નંદ આનંદ ધરે;
શ્રીમદ્ રાજચન્દ્ર નામ ઠવે મનહારણો,
શુકલપક્ષ-શશિ જેમ વધે સુખકારણો. ૫
ક્ષેત્રાપેક્ષાએં દધિઉપકંઠે અવતર્યા,
તિમ હિજ ભાવાપેક્ષાએં ભવદધિનિસ્તર્યા;
લીલા લલિત સુલક્ષણ લક્ષિત લાલજી,
મતિ વિલક્ષણ સુસ્મૃતિ પરમ વિશાળજી. ૬

માત તાત કુલ જાત જ્ઞાત સવિ સાથના,
  પૂરે પૂરવ પુન્ય મનોરથ મનતણા;
લઘુવયેં સહજે તત્ત્વ પ્રેમ ઉલટ્યો ઘણો,
  કહો શીખવે કોણ ? હંસસુત ચાલણો ! ૭
કોકિલસ્વર નૃત્યમોર દશા એ સંસ્કારની,
  તિમ પરમારથ પ્રીતિ રીતિ અભિનવ બની;
કાવ્યકુશળતામાં પણ પરમારથ મુખે,
  શુભ તરતમ સંસ્કાર તેહ કહો કિમ લુકે. ૮
કિશોરવયે અવધાન પ્રયોગ શરૂ કર્યાં,
  આઠ બાર અરૂ યાવત શત કરી પરિહર્યાં;
મૂલમાર્ગ મહાવીર–તણો ઉદ્ધારવા,
  છોડયો લોકપ્રસંગ સત્ય અવધારવા. ૯
પરિગ્રહ અરૂ પરમાર્થ ઉભય હોડે વધે,
  પણ અંતરગત સ્વરૂપાચરણ સાધન સધે;
શરણાગત સાધાર કૃપાળુ દેવજી,
  કઇએક યોગ્ય જીવાત્માની ટાળી કુટેવજી. ૧૦
આગ્રહ અભિનિવેશ કઇકના ટાળિયા,
  જાતા અનુશ્રોતપૂર કઇકને વાળિયા;
પ્રતિશ્રોત મોક્ષમાર્ગ પ્રકાશે સાદરે,
  નિકટ ભવ્ય આત્માર્થે આદરેં આદરેં. ૧૧
શ્રીસહજાત્મસ્વરૂપ સહજ કરૂણા કરી,
  શાસનપુનરૂદ્ધારકરણ મનસા ધરી;
ભાવનાબોધ સુબોધ મોક્ષમાળા સચી,
  કરવા આત્મત્ત્વસિદ્ધિ આત્મસિદ્ધિ રચી. ૧૨
કર્યા સોભાગ્ય સુભાગ્ય અચળને ચળાવિયા,
  જુઠાને કરી સત્ય સત્યપંથ લાવિયા;
બદષ્ટ કલ્યાણી અનેક નેકમાં ઉદ્ધર્યા,
  પ્રતિમાપૂજકને પણ પ્રભુપૂજક કર્યા. ૧૩
મુદ્રા શાન્તિસ્વરૂપ વચન અવિરૂદ્ધતા,

અતિ જાગૃત ઉપયોગ હૃદયમાં શુદ્ધતા;
હૃદય નેત્ર વાણી અને હાજરી આગરે,
અસાધારણ આકર્ષણ શક્તિ ધરે. ૧૪
હાથે હાથ ગ્રહી નાથ લિયો મમ ઉદ્ધરી,
બોધિ સમાધિ પ્રદાન કર્યો કરૂણા કરી;
શ્રીમદ્ શ્રીગુરુ રાજ દેવ નિષ્કામી છે,
શ્રીશુદ્ધચૈતન્ય સ્વામી રત્નત્રય સ્વામી છે. ૧૫

શ્રીમદ્ સદ્ગુરુચરણાર્પ્પણમસ્તુ !

વિક્રમાર્ક સંવત્ ૧૯૬૮ કાર્તિક શુકલા ૧૫ પુર્ણિમા ચંદ્ર, દેવદીવાળી, } ઉમરદશી–વનક્ષેત્ર શ્રીસિદ્ધાસન પરિસરે, મહંતશ્રી ઉત્તમપુરીઆશ્રમે ચતુર્માસ સ્થિતં, શ્રી કલ્યાણમસ્તુ.

પદ્ય ૩૯ મું.

શ્રી રાજમાર્ગપ્રાપ્તિ ધારણ–પાલણ–પોષણ–નિર્દૂષણતાવિષે સ્વપર પ્રેરક હર્ષોદ્ગાર !

(પ્રેમની વાત છે ન્યારી, ઓધાજી પ્યારે પ્રેમની વા૦–એ રાગ.)

રાજ–મારગ ચિત્ત ધારો, મુમુક્ષુપ્યારે, રાજ–મારગ ચિત્ત ધારો,
કુકલ્પિત પંથ વિસારો, મુમુક્ષુ૦ રાજ–મારગ પદ ધારો,
થાય જેમ આપણો સુધારો, મુમુક્ષુ૦ રાજ–મારગમાં પધારો,
જેમ થાય ઝટ નિસ્તારો, મુમુક્ષુ૦ રાજ–મારગમાં સિધારો,(એટેક.)
દર્શન સંપ્રદાય ઉભય પ્રકારે, રાજ–મારગ સુખકારો, મુમુક્ષુ૦ ૧
સંપ્રદાય રૂપે રૂપાન્તર દર્શે, દર્શન રૂપ એક સારો, મુ૦ ૨
ન્યાય નીતિ પ્રમાણીકતા પ્રગટે, નિજ હૃદય પૂર્ણ પ્રકારો, મુ૦ ૩
ત્યાંથી શરૂ રાજ–મારગ થાય છે, એહ પ્રથમ સુભૂમિકાસંભારો,મુ૦૪
રાજ–મારગ સંચરે શાહુકારો, જેનો છે શુદ્ધ વ્યવહારો, મુ૦ ૫
ગલી ગુંચળીના મારગ તાકે, તેહને જાણો કરજદારો, મુ૦ ૬
મોક્ષાર્થી ભવ્યોને રાજ–મારગ, પહોચાડે મોક્ષ પરભારો, મુ૦ ૭

સુખાર્થી સજ્જનોને રાજ—મારગ, સાતિશય સુખકારો, મુ૦ ૮
ભવવનમાં જાવાની પગ દંડિયો, ફાટકે વિવિધ અપારો, મુ૦ ૯
તે કારણે રાજ—મારગમાં પણ, વ્હેલો વળાવાની લ્હારો, મુ૦ ૧૦
વિશ્રામનાં સ્થાનક મારગે, પરિમિત પન્નર સુવિચારો, મુ૦ ૧૧
અવિશ્રામે ચાલતાં રાજ—મારગે, મુહૂર્ત્તમાં મળે મોક્ષદ્વારો,મુ૦ ૧૨
સર્વે સુપંથ મળે રાજ—મારગમાં, રખે કોઈ જાણતા ન્યારો,મુ૦૧૩
વ્યક્તિ સમષ્ટિને ભેદે રત્નત્રય, રાજ—મારગ એક ધારો,મુ૦૧૪

(શુભ સંવત્ ૧૯૬૮ ના પોષ વદી ૧૦ શુક્ર. બ્રાહ્માની ખેડ.)

પદ્ય ૪૦ મું.

શ્રીમદ્ સદ્ગુરૂ ભગવાનકા સદ્વૃત્તિ આવિષ્કાર રૂપે હૃદયદર્શન-લાભ હર્ષોદ્ગાર.

(રાગ ગરબી—સુણ ચતુરસુજાણ પરનારીની—એ દેશી.)

ધન્ય અવસર આ સદ્ગુરૂ રાજ પધાર્યા દર્શન દેવા,
જાણી પોતાનો લાવ્યા અનુભવ સુખડી અમૃત મેવા.(એ ટેક.)
ધન્ય ઓગણીસે અડશઠ માહ માસ,
ધન્ય ઇડર ગઢ નિવૃત્તિ વાસ;
જ્યાં આવ્યો અપૂર્વ ઉલ્લાસ,
ત્યાં ભાસ્યો પૂર્વનો પ્રતિભાસ. ધન્ય૦ જાણી૦ ૧
શુભ ક્ષેત્ર નિમિત્ત સહજ ભાવે,
ચિત્ત ચંચળ વૃત્તિ ઉપરતિ પાવે;
શુભ બાહ્યવૃત્તિ અંતર આવે,
ત્યાં એવા આવિષ્કાર પ્રગટાવે, ધન્ય૦ જાણી૦ ૨
શુભ દ્રશ્યતે સરલ હૃદય આવે;
તેહ દ્રશ્યથકી આનન્દ આવે;
તેહ આનંદે આનંદ—ઘન આવે,
તેહ કથ્યા લખ્યામાં કેમ આવે! ધન્ય૦ જાણી૦ ૩

વળી ઇષ્ટ સ્વરૂપ જે મન ભાવે,
શુભ હૃદય કૃપા તે દર્શાવે:
સુધી શુદ્ધ સ્વરૂપ નિશ્ચય લાવે,
મન્દ દ્વન્દ્વ ભાવેં અટકી જાવે. ધન્ય૦ જાણી૦ ૪
હવેં જોયા જેવા સદ્‌ગુરૂ દેવા,
લખી દર્શાવું તદ્દવત્ તેવા;
શ્રી ગુરૂગુણ ગાવાને હેવા,
બીજું કાંઈ નથી લેવા દેવા. ધન્ય૦ જાણી૦ ૫

કથનીમાં અંતર નવિ રાખું,
પણ અંતર રસ અન્તર ચાખું;
સ્વશકિત સારૂ અભિલાખું,
દિગ્દર્શ માત્ર સુદશ્ય દાખું. ધન્ય૦ જાણી૦ ૬
ગુરૂ યથા જાત લિંગે દેખ્યા,
અતિ ઉલ્લસિત ભાવેં પેખ્યાં;
દુઃખપ્રદ કુભાવ સબ ઉવેખ્યા;
દેખ્યા પેખ્યા લેખે લેખ્યા. ધન્ય૦ જાણી૦ ૭

કરિ પરિક્રમા ને પડયો પાયે,
તવ સંબોધ્યો સદ્‌ગુરૂ રાયે;
અહો પ્રિયતમ છો આનન્દ માંહ્યે,
કર જોડી કહ્યો પ્રભુ સુપસાયે. ધન્ય૦ જાણી૦ ૮
કરી અર્જ હું ભવવનમાં ભટકયો,
અસત્સંગ રૂપ ખીલો (કાંટો) ખટકયો;
વૃત્તિ પોષણમાં જ્યાં ત્યાં અટકયો,
હવેં તુમ દર્શનથી મન હટકયો. ધન્ય૦ જાણી૦ ૯
વૃત્તિક્ષય સુધર્મ આપ કહ્યા,
પણ મેં તસ મૂળ મરમ ન લહ્યા.
તેહથી નિષ્કારણ દેહ દહ્યો,
હવેં તેહ ઉપદેશને સહ્યો. ધન્ય૦ જાણી૦ ૧૦

અહો સદ્‌ગુરૂ આશા-વિશ્રામ,
રહો કે રાખો હૃદયધામ;
કરો સર્વ વૃત્તિનો વિરામ,
કરો કૃપાળૂ પૂરણ કામ. ધન્ય૦ જાણી૦ ૧૧
દેઇ આસ્વાસન સદ્‌ગુરૂ બોલે,
મુખ-બોલ અમોલ અમૃત તોલે;
જાણે ક્ષીરોદધિ ચઢિયો છોળે,
શ્રુતપટ સાથે ઘટપટ ખોલે. ધન્ય૦ જાણી૦ ૧૨
દાંતોમાં કૂચો અડિ જાયે,
ફરિ ફરિ જીંહા જાયે ત્યાંહીં;
જ્યારે તે કૂચો નિકળી જાયે,
ત્યારે જીંહા નિરઉદ્યમી થાયે. ધન્ય૦ જાણી: ૧૩
તેમ માયાકૂચો ખટકે ઘટમાં,
ત્યારે જીવ પડે સાધન-ખટપટમાં;
જ્યારે કૂચો ન ભાસે ચિત-પટમાં,
ત્યારે થાય નિરૂદ્યમી જ્ઞાની ઝટમાં. ધન્ય૦ જાણી૦ ૧૪
માટે ખેદ ત્યજી ભજો નિર્વેદો,
સમ ભાવે સહજ ઉદય વેદો;
જગનાં પુદ્‌ગલ જગને દે દો,
એમ ભેદ ત્યજી કહયો નિજ ભેદો. ધન્ય૦ જાણી૦ ૧૫
હર્ષ તોષ આનન્દ આવ્યો ભારી,
શ્રી સદ્‌ગુરુ રાજની બલિહારી;
પ્રગટ પુરૂષોત્તમ પદ પર વારી,
રત્નત્રય હૃદય કૃપા ધારી. ધન્ય૦ જાણી: ૧૬

(ચિત્તસ્મૃતિપટારૂઢ-અપેક્ષાયે—સંવત્ ૧૯૬૮ મહાસુદિ ૧૧ ઇડર
પત્રારૂઢ-અપેક્ષાયે— ,, ,, મહાવદિ ૧૩ બીજી.
શુક્રવાર-શિવરાત્રી.)

श्री साक्षात् प्रत्यक्ष सद्‌गुरुचरणार्पणं भवतु.

પદ ૪૧ મું.

શ્રી સદ્‌ગુરૂકી ભક્તિ કર અવસર સફલ કરને વિષે ઉપદેશ.

(રાગ વસંત–હોરી.)

ભજ સદ્‌ગુરૂરાજ વિદેહી, સફલ કર અવસર એહી, ભજ સદ્‌ગુરૂ૦
સફલ કર લે નરદેહી, ભજ સદ્‌ગુરૂ રાજ સનેહી. (એ ટેક.)

કલિમેં ભાર્ત્તવર્ષ–આર્ય્યખંડ, આર્ય્ય–સુકુલ અધિકાઇ;
માનવતન આરોગ્ય આયુબલ, પંચેન્દ્રી પટુતાઇ,
મિલિ સામગ્રી ચાંઈ. ભજ૦ સદ્‌૦ ૧

સત્સંયોગે સત્શાસ્ત્રનકો, શ્રવણત્રય કર ભાઇ;
સદ્‌વિચાર સુરૂચિ સત્યાર્થેં, કર સાધન સુખદાઇ,
સત્ય ઉદ્યમ ચિતલ્યાઈ. ભજ૦ ૨

નિજવત્ ભાષત તનહી તનકમેં, તનક તનાકર જાવે;
પ્રત્યક્ષપર પરિવારતણો તો, કો શુદ્ધિ અચરિજ લ્યાવે,
તાતેં નિત્ય રહો નિરદાવે. ભજ૦ ૩

પ્રાપ્ત સામગ્રીસેં પ્રાપ્તકી પ્રાપ્તિ, કરલ્યે કર ચતુરાઇ;
સાક્ષાત પ્રત્યક્ષ સદ્‌ગુરૂ દ્દષ્ટિએં, દર્શે નિજ ગુરૂતાઇ,
રહો ગુરૂચરણ–સમાઈ. ભજ૦ ૪

મારા અનેક માન્યા અજ્ઞાને, સો જીય શિરપર તાકે;
ધર્મકો મારો ઘટતામેં પરો, ચૂરો ચૂરો કરનાખે,
સુગુરૂ વિન કહો કુણ રાખે? ભજ૦ ૫

જગત ધર્મકા પક્ષપાત ત્યજી, ભજીલ્યે અધ્યાત્મસમાજ;
જગકા કાજ અકાજ ત્યજીકેં, કરલે આત્મિક–કાજ,
હો જા સબ જગશિરતાજ. ભજ૦ ૬

શ્રીમદ્ સદ્‌ગુરૂ રાજ સેવસેં, પુરૂષોત્તમપદ પાવે;
સગુરૂ રાજ પ્રગટ પુરૂષોત્તમ, રત્નત્રય એક ભાવે,

સહજાત્મ સ્વરૂપે સમાવે. ભજ૦ ૭
(ચિત્તસ્મૃતિવિચારોદ્દભવરૂપે શુભ સંવત ૧૯૬૮ માઘ
શુકલા વસંતપંચમી બુધવાર મુ૦ શ્રીસાતિશય ક્ષેત્ર ઇડર રાજધાની.
પત્રારૂઢ મુ૦ વડાલી. માઘકૃષ્ણા એકાદશી મંગલ.)

પદ ૪૨ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાનકી નામાવળી સહ પ્રભુ પ્રાર્થનાસપ્તવિંશતિકા.

(દોહરો.)

પ્રત્યક્ષ નિજ ઉપકારી પર, સુદ્રઢ પ્રતિતી ધાર;
પરમારથ અરથેં કરો, પ્રારથના સુવિચાર. ૧

(રાગ ધોળ.)

ૐતત્‌સત્ સાહેબજી, સહજાત્મ સ્વરૂપ સદા;
શુદ્ધ ચૈતન્યસ્વામીરે, ગુરૂરાજ ન વિસરૂં કદા. ૧
પરમ કૃપાળુ દેવરે, પ્રગટ પુરૂષોત્તમજી;
રત્નત્રય રૂપેંરે, સફળ કરો પરિશ્રમજી. ૨
શ્રીમદ્ સદ્ ગુરૂજીરે, સદ્ ગુરૂતા આપો;
સદ્ય સત્ય સનાતનરે, સ્વરાજને સ્થિર સ્થાપો. ૩
એક અલખ અખંડિતરે, અરૂપ અનામ કહો;
અર્હંત આદીશ્વરરે, અમાપ અચલ સદ્દહો. ૪
અજ અચિંત્ય અચ્યુતરે, અકલ અક્ષરધામ;
અલમસ્ત અવલિયારે, આલીમ આત્મારામ. ૫
અવધૂ અવિકારીરે, ઉસ્તાદ ઉપકારી;
અલ્લા અદબદ આદમરે, અજન્મા અઘહારી. ૬
અણુગાર અચંચલરે, આસે અજ્ઞાન હરો;
કવિ કેવળ જ્યોતિરે, અનંત જ્યોતિ પ્રસરો. ૭
ગણપતિ ગોસાંઇરે, ગરીબનિવાજ ગણી;
ચિદાનંદ ચાતુરરે, ચતુરમુખ ચિંતામણી. ૮

જોગી જંગમ જિનવરરે, જગતગુરૂ જગદીશા;
 જગવત્સલ જીવનરે, જન્મહર જોગીશા. ૯
તત્ત્વજ્ઞ ત્રાતારે, તીર્થંકર તારો;
 તપસ્વિ ને ત્યાગીરે, તામસ ઉલટી ધારો. ૧૦
દેવ દેવાધિ દેવરે, દયાળુ દીન ઉદ્ધરો;
 બુદ્ધ બોધિ બક્ષોરે, કૃપાળુ કૃપા કરો. ૧૧
નિત્ય નાથ નિરંજનરે, નિર્મલ નિર્દોષી;
 નિર્ગ્રંથ નરોત્તમરે, નિરૂજ નિર્મમ તોષી. ૧૨
પરમેષ્ટિ પરિબ્રહ્મરે, પ્રાજ્ઞ પરમેશ્વરજી;
 પરમ પુરૂષ પ્રધાનોરે, પુરાણુ પાવનકરજી. ૧૩
પીર પેગંબર પાદરીરે, ફકીર ફૂંગી ફિરંદા;
 ફિલસૂફ ફ્રીથીંકરરે, ખુદા ખુદ ખાવિંદા. ૧૪
ભગવંત ભટ્ટારકરે, ભક્ત-ભક્તિ ભાળો;
 ભુવનગુરૂ ભાસ્કરરે, શક્તિ શક્તિ આલો. ૧૫
મહા ભાગ્ય મહાત્મારે, મહંત મુનીશ્વરજી;
 મુર્શીદ ને મહર્ષિરે, મોહન મુક્તિવરજી. ૧૬
રૂષિરાજ રાજેશ્વરરે, રમતારામ વિભુ;
 રબ રહેમાન રમ્યરે, પરમગુરૂ પૂજ્ય પ્રભુ. ૧૭
સહજાનંદ સ્વામીરે, આનંદઘન ઘનનામી;
 લોકેશ લોકોત્તરરે, લાલન શિવપથગામી. ૧૮
વીતરાગ વિશ્વંભરરે, વિશ્વવંદ્ય વિદ્વાન;
 વૈરાગી વિધાતારે, વિજ્ઞ દો વિજ્ઞાન. ૧૯
શ્રીરંગ સુધાકરરે, શ્રમણ સંત સુખદાઇ;
 સમદર્શિ સુશોધકરે, સાધક સાધુ સિદ્ધ સાંઈ. ૨૦
સર્વજ્ઞ સ્વયંભૂરે, સ્વગત શુદ્ધિ સંન્યાસી;
 શોભન સૌમ્ય સૂરીશ્વરરે, દાતા ધણી સુખરાસી. ૨૧
દેવ ગુરૂપદ વાચકરે, શુભોત્તમ શબ્દ ઘણા;
 વાચ્ય વસ્તુ અનામીરે, ઉપાસો ત્યજી ભ્રમણા. ૨૨

ચિત્તજ્ઞાન સ્વરૂપેંરે, સકલ જગ દ્રષ્ટિપરે;
  સત્ત દર્શન રૂપેંરે, સત્યમાં ચિત્ત ઠરે. ૨૩
ચરણાનંદ રૂપરે, અખંડાનંદ ધરે;
  એક અખંડ આત્મારે, નિજાનંદમાં વિચરે. ૨૪
પથકકરણે રત્નત્રયરે, એકીકરણે એક આત્મા;
  એકીકરણ અભ્યાસેરે, ભાસે અવિરૂદ્ધ આત્મા. ૨૫
પ્રથકકરણ કરણમાંરે, પ્રમત મતિમંદ અડે;
  એકીકરણ કર્યાથીરે, સુગુરૂપદમૂળ જડે. ૨૬
પ્રાર્થના પામરનીરે, મયાળુ મનમાં ધરો;
  દેઈ ઉત્તમ ક્ષાન્તીરે, રત્નત્રય શાન્તિ કરો. ૨૭

શ્રી સદ્દગુરૂદેવનામોચ્ચારપૂર્વક પ્રભુ પ્રાર્થના સપ્તવિંશતિકા સંપૂર્ણ.
(શુભ સંવત્ ૧૯૬૮ ના માઘકૃષ્ણ પનરસ ૦)) આદિતવાર
મુ૦ વડાલી. ઈડરસંસ્થાન.)

પદ ૪૩ મું.

શ્રી સદ્દગુરૂરાજ વિરહ-રાગ પીલુ બરવો.

દર્શન દ્યો ગુરૂ રાજ વિદેહી,
તુમ બિન દુઃખ પાવત મુજ દેહી. દર્શ૦ (એ ટેક.)
શ્રી સહજાત્મ સ્વરૂપ સોહાવે, શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી ભાવે. દ૦ ૧
શ્રીમદ્ સદ્દગુરૂ અગમ અપારા, કૈહી કારણ કહો મોય બિસારા ? દ૦ ૨
ગૃહ જગજાલ ન પલક સોહાવે, ભોર ભયો મોસેં રહ્યા ન જાવે. દ૦ ૩
નેક ન રહી શકું નિરધારા, હરદમ પંથ નિહારૂં તિહારા. દ૦ ૪
અન્ન નહીં ભાવે નિંદ ન આવે, બેરબેર મોય બિરહ સતાવે. દ૦ ૫
જૈસેં મીન મરે બિન વારી, તૈસેં તુમ બિન દશા અમારી. દ૦ ૬
જૈસેં મણિ બિન ફણિ વિકરાળા, તૈસેં તુમ બિન હાલ હમારા. દ૦ ૭
જૈસે માત બિન બાલ બિચારા, તૈસેં તુમ બિન હમ ઓસિયારા દ૦ ૮
રત્નત્રયીમેં તુમ એક અપ્પા, મેટી ત્રિપુટી અબતો ન તપ્પા. દ૦ ૯

(શુભ સંવત્ ૧૯૬૮ ચૈત્ર શુકલા રામનવમી મુ૦ સિદ્ધપુર.)

પદ્ય ૪૪ મું.

શ્રીસદ્ગુરૂકા સહૃદયાદિ આકર્ષક ચતુષ્કકા સ્વરૂપ સદ્ગુરૂસે સદ્ગુરૂતા સંપ્રાપ્ત હોનેકા હર્ષ વિષે આનન્દોદ્ગાર.

(ચાલ—લાવણી.)

મિલે હમેં ગુરૂ બ્રહ્મજ્ઞાની, જિન્નેં કિયે હમેં ગુરૂ બ્રહ્મજ્ઞાની;
ધન્ય ધન્ય હમ ધન્ય ભાગ્ય હમારેં, મિલે હમેં ગુરૂ બ્રહ્મજ્ઞાની.
શ્રી સહજાત્મ સ્વરૂપ સુજ્ઞાની, શુદ્ધ ચૈતન્ય સ્વામી નિરમાની;
શ્રીમદ્ સદ્ગુરૂ બહુ અભિધાની,
છાની વાત પિછાની જિસને સોહી સદ્ગુરૂ નિરવાની. ધન્ય૦ ૧
આકર્ષક આર્દ્ર અરૂ ઉજ્વલ, સમ્યક્ શાન્ત સુદૃઢ સુકોમલ;
સ્થિર ગંભીર નિઃશલ્ય અરૂ નિરમલ,
હૃદયઅંડ બ્રહ્માંડ સમો જસ સો સદ્ગુરૂ લ્યો પહિચાની. ધન્ય૦ ૨
ભ્રમતમહરણ તરણતરણીસમ, શીતલતાએં ઘટે ચન્દ્રોપમ;
નયનાનન્દ સુરમ્ય મનોરમ,
અગમ અગોચર શ્રીસદ્ગુરૂકો મુખદર્શન હૈ સુખદાની. ધ૦ ૩
સહઅનુભવ સમ્યક્ સુખખાની, પૂર્વાપર અવિરૂદ્ધ પ્રમાની;
સબ જગજીવ લોકહિતઠાની,
સ્યાદ્વાદપદ લાંછન લાંછિત સુગુરૂવાનીકી સહનાની. ધ૦ ૪
જિનકા નિકટવાસ સુપસાય, સહજે સઘ અવિદ્યા જાય;
આત્માકાર વૃત્તી વરતાય (ઠહરાય),
રત્નત્રય સદ્ગુરૂકા સદ્ગુણ ગાયે સુનાવે હિત આની. ધ૦ ૫
(શુભ સંવત્ ૧૯૬૯ કાતી વદિ ૩ બુધવાર મુ૦ આબુરોડ શુભસ્થલ.)

પદ ૪૫ મું.

શ્રીસદ્ગુરૂદેવ સ્તુતિ—દેશી થાયની.

શ્રીમદ્ રાજતણા યુવરાજા શ્રી લઘુરાજજી સ્વામીજી,

શ્રી સહજાત્મ સ્વરૂપ સદોદિત શુદ્ધ ચૈતન્ય નિષ્કામીજી;
ક્ષમાશ્રમણ અપરાધ ખમો સબ અરજ કરૂં શિરનામીજી,
આજ કૃતાર્થ રત્નત્રય પ્રભુના પ્રત્યક્ષ દર્શન પામીજી. ૧
(શુભ સંવત ૧૯૬૯ મૃગશિર સુદિ ૫. મુ૦ વડનગર.)

પદ ૪૬ મું.

સાક્ષાત પ્રગટ પ્રભુને પ્રદક્ષિણા કરતી વખતે બોલવાનો દોધક-છંદ.

શ્રી સહજાત્મ સ્વરૂપ સ્વામી, શુદ્ધચૈતન્ય સ્વામી નિષ્કામી;
શ્રીમદ્ સદ્ગુરૂ દિલ આણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૧
પુણ્યયોગેં પ્રત્યક્ષ પ્રભુ મળિયા, નિજ ક્ષાયોપશમયોગેં કળિયા;
અબ આરાધો ઉલ્લટ આણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૨
રાજે પ્રભુ દિશિ રોકી જ્યારેં, કરકમલે પ્રદક્ષિણા હોય ત્યારે;
એ અપવાદ માર્ગ જાણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૩
બિરાજેં જબ પ્રભુ અવકાશેં, તવ હોય પરિક્રમા ફરી ચઉપાસેં;
એ ધોક માર્ગ લ્યો પિછાણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૪
ભમી ભમતીમાં કહો ગુરૂરાય, જુઓ આમ ભમ્યો હું ભવ માંહ્ય;
આ ભ્રમણથી ભ્રમણ ટાળો નાણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૫
જઘન્ય પ્રદક્ષિણા ત્રણ માનો, અષ્ટોતર શત ઉત્કૃષ્ટ જાનો;
યથાશક્તિ કરો સુખખાણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૬
શુદ્ધભાવે આવર્ત્તન ફરિયે, પ્રભુમુખ સન્મુખ પ્રણિપતિ કરિયે;
ફેરા ફરી વરિયે શિવરાણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૭
વળી વળી વ્હાલાને વીનવિયે, નમિયે ભમિયે વળી વળી સ્તવિયે;
પ્રભુ ચરણશરણમાં લ્યો તાણી, કરો પ્રદક્ષિણા પાવન પ્રાણી. ૮

(દોહરો.)

તન-દેવલમાં દીપતા, પ્રત્યક્ષ પ્રભુ દેવ;
ભેવ લહી તતખેવ એ, કરો રત્નત્રય સેવ. ૯
(શુભ સં. ૧૯૬૯ માગશિર શુકલા પુર્ણિમા. મુ૦ વીજાપુર.)

પદ્ય ૪૭ મું.

શ્રી સદ્‌ગુરૂરાજના સત્સંગરૂપ જહાજ વિષે—રાગ કાફી.

સત્સંગકી ઝાઝ, ગુરૂ રાજ ચલાવે;
બેઠે કલ્પના ત્યાજ, તાકું પાર લંઘાવે.
દુઃખદરિયો ઉલ્લંઘન અર્થે, સતસંગ સફરી ઝાઝ;
સાદિ સત્ય સનાતન સુખદા,
સાર્વજનિક સુખસાજ. ગુરૂ રાજ૦ સત૦ ૧
દેશ વેશ અરૂ વર્ણાશ્રમકો, નહિ કોઈ ભેદ પ્રકાર;
આત્માર્થિ ભવ્ય સર્વ જીવાત્માકોં,
બેઠનકો અધિકાર. ગુરૂ રાજ૦ સત૦ ૨
પાપકી પેટી કલ્પનાકો કોથળો, સંશય આદિ સામાન;
સર્વસ્વ ત્યાગ કર્યા બિન ઈનમેં,
નવિ પામે કોઈ સ્થાન. ગુરૂ રાજ૦ સત૦ ૩
ટેક્ષ ન લાગે ન ટાઈમકો ટકટક, નહિ કોઈ અન્ય અટકાવ;
નાવ તો નિત્ય ખડી હૈ તથાપિ,
ચહિયે નિજ પ્રસ્તાવ. ગુરૂ રાજ૦ સત૦ ૪
સત્સંગ–નાવકી સ્પર્ધા કરનકું, અસદ્‌ગુરૂ લહી દાવ;
શ્રૃંગારી મોહક કરી ઊભી,
ફૂટી પથ્થરકી નાવ. ગુરૂ રાજ૦ સત૦ ૫
મોહી મોહી ચઢે તિન ઊપર, આણી ચિતમાં ચાવ;
ભોળા ભર્મ માંહી ભરમાઈ,
બૂડે ભર દરિયાવ. ગુરૂ રાજ૦ સત૦ ૬
તાતેં નાવકા નિર્ણય કરકેં, બેઠો હોય સચેત;
રત્નત્રય સત્ય નાવ પ્રસાદેં,
પહોંચો શિવપુર ખેત. ગુરૂ રાજ૦ સત૦ ૭

(શુભ સં. ૧૯૬૯ પોષ સુદ ૭ મુ૦ માણુસા.)

પદ ૪૮ મું.

સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્ગુરૂ દેવવંદન વિષે અંતર્લાપિકા.

(દોહરા.)

શ્રી શ્રેયઃકેલીસદન, સકલ કુશલની વેલ;
દર્શન સદ્ગુરૂ દેવકો, ગુ—તમ કાઢે ઠેલ. ૧
રૂ—પ્રકાશ વાચક લખો, દેવતણો દીદાર;
વચનામૃત પ્રવચન સમા, નૈસર્ગિક સુખકાર. ૨
આત્માનન્દની મૂરતી, તત્ત્વમસ્યાદિ લક્ષ;
મમ અહંકાર રહિત સદા, ભાસે અન્તર અક્ષ. ૩
વેદક શુદ્ધ સ્વભાવનો, ત્રિગુણાતીત અદ્વીત;
કારણ જગ—કલ્યાણનો, લક્ષણ લક્ષ્ય સહીત. ૪
વંદ્ય ત્રિકાલ ત્રિજગતને, દર્શનીય પ્રભુ—રૂપ;
નામ રૂપ લય—ચિત્તને, હોય રત્નત્રય ભૂપ, ૫

(શુભ સં. ૧૯૬૯ પોષ વદિ ૧૦
મુ૦ વ્યાઘ્રપુર—સાબરમતિ ઉપકંઠે.)

પદ ૪૯ મું.

શ્રી પરમકૃપાળુ મહર્ષિ શ્રી લઘુરાજસ્વામીને પરમોપકારસ્મરણાર્થે સ્તવના.

(રાગ-સોરઠ)

ધન્ય ધન્ય સદ્ગુરૂ રાજજીરે, ધન્ય ધન્ય લઘુરાજ;
ધન્ય ધન્ય શ્રી ગુરૂરાજજીરે, દીધો આત્મિક સાજ. ધન્ય. ૧
આજ આરે અહીં અવતર્યારે, શ્રી ગુરૂરાજધિરાજ;
કાજ સમારી સમાજના, રાજ પામ્યા સ્વરાજ્ય. ધન્ય૦ ૨
રાજતણા યુવરાજજીરે, સ્વામી શ્રી લઘુરાજ;
રાજસમાજમાં દીપતા, દીસે પ્રત્યક્ષ આજ. ધન્ય૦ ૩
રાજના દર્શન માત્રથીરે, સીધ્યું દર્શન કાજ;
લાજ લૌકિકની પરિહરી, ત્યાગી વરગના તાજ. ધન્ય૦ ૪

પરમારથ પોતે પરિણમેરે, ઉપચારે ઉપદેશ;
સાક્ષાત પ્રત્યક્ષ પ્રભુથકી, પામી અંતર રેશ. ધન્ય૦ ૫
આસ્થા સદ્‌ગુરૂ દેવનીરે, ક્ષાયકભાવ સમાન;
વરતે છે જેને અંતરે, પામ્યા ભવ–અવસાન. ધન્ય૦ ૬
અંતરચર્ય્યા અંતર રહે રે, બાહ્ય સ્થૂળ પ્રતિકૂળ;
મૂળ પોતાની ભૂલથી, ભાસે ભગવતમાં ભૂલ. ધન્ય૦ ૭
પામર પૂર્વ પરિચયીરે, વળી મતવાદી અનેક;
તસકૃત પરિસહ સંસહી, રાખી રહ્યા નિજ ટેક. ધન્ય૦ ૮
આત્માનંદની મૂરતી રે, ભક્તિનું પ્રતિરૂપ;
વસતિસ્થાન વૈરાગ્યનું, કરૂણાસિંધુ અનૂપ. ધન્ય૦ ૯
આર્દ્ર ઉજ્વળ કોમળ અતિરે, જસ હૃદય ગંભીર;
નયન વયન અરૂ હાજરી, ધારે ધરમની શીર. ધન્ય૦ ૧૦
અનુકરણ કરવા યોગ્ય છે રે, જસ ધર્મ–ચરિત્ર;
અમલે આત્મસિદ્ધિ હોવે, સુણતાં શ્રવણ પવિત્ર. ધન્ય૦ ૧૧
ધન્ય ધન્ય પંચમ કાળનેરે, ધન્ય ધન્ય આ સમયસાર;
જ્યાં સાક્ષાત પ્રભુ મળ્યા, ધન્ય ધન્ય આ અવતાર. ધન્ય૦ ૧૨
ધન્ય ધન્ય સર્વ સાહિત્યનેરે, ધન્ય ધન્ય તેહ વિચાર;
જેહ વિચાર વડે કળ્યાં, રત્નત્રય શિરદાર. ધન્ય૦ ૧૩

(મુ૦ વાઘપુર, તા૦ પ્રાંતીજ, સાબરમતીઉપકંઠે.
સંવત ૧૯૬૯ પોષ વદિ ૧૦ સદ્‌ગુરૂ ચરણાર્પણમસ્તુ !)

પદ્ય ૫૦ મું.

સદ્‌ગુરૂપ્રાપ્તિ વિષે હર્ષોદ્‌ગાર.

(ગરબી.)

ધન્ય આ અવસરરે સજની!, વીતી અનાદિ અવિદ્યાની રજની;
આલસ સ્વપ્નાંને [illegible] ભજની, ઝાંખી થઇ સદ્‌ગુરૂ સૂરજની. ધ૦ ૧

શ્રી સહજાત્મરે સ્વરૂપ, શ્રી શુદ્ધ ચૈતન્ય-સ્વામી અનૂપ;
શ્રીમદ્ સદ્ગુરૂરે રાજ, તેણે મ્હારાં સાર્યાં સર્વે કાજ. ધ૦ ૨
પ્રગટ પુરૂષોત્તમરે મળિયા, મેં તો મ્હારા નિજ અનુમતથી કળિયા;
પૂર્વની પ્રીતે અઢળક ઢળિયા, તેથી મ્હારા સરવે સંશય ગળિયા. ધ૦ ૩
પ્રભુજી શું પ્રીતજરે બાંધી, સન્મુખ રહીને સુરતિ સાંધી;
સેવાની યુક્તિ રે લાધી, ટળી મ્હારી આધિ વ્યાધિ ઉપાધિ. ધ૦ ૪
સદ્ગુરૂ દેવા રે એવા, જે નવિ ઇચ્છે પરકૃત-સેવા;
સત્ય શિષ્ય પણ રે તેવા, જેને સેવા કરવાના હેવા. ધ૦ ૫
કૃતજ્ઞ હૃદયે રે હોય, સદ્ગુરૂ મહિમા જાણે સોય;
જે જાણે તે રે માણે, માણે તે ઉપકાર વખાણે. ધ૦ ૬
કૃતઘ્ન હૃદયે રે હોય, સદ્ગુરૂ સ્વરૂપ ન જાણે સોય;
વગર જાણે રે શું માણે, જે નવ માણે તે શું વખાણે. ધ૦ ૭
સદ્ગુરૂ દેવા રે કેવા ? અધિકારીના અંતર જેવા;
એવું જાણીને રે મનમાં, દોષ ન દેખિયે કોઇ તનમાં. ધ૦ ૮
ત્યાગ વૈરાગ્યનો રે સત્યાર્થ, સહજે સમજી થઈ છું કૃતાર્થ;
હવે હું તો મહા પદરે પામી, મળ્યા મને રત્નત્રયના સ્વામી. ધ૦ ૯

(શુભ સંવત ૧૯૬૯ માહ સુદિ પ્રતિપદા-ગુરૂવાર.
કોલવડા શુભસ્થળ.)

પદ્ય ૫૧ મું.

શ્રી સાક્ષાત પ્રત્યક્ષ સદ્ગુરૂ દેવનાં દર્શનથી થતા લાભ વિષે હર્ષોદ્ગાર.

(રાગ કાફી)

લેઇ સંતસમાજ ગુરૂરાજ પધાર્યા,
મેટી અનાદિની દાઝ, મ્હારાં કાજ સુધાર્યાં.
શ્રી સહજાત્મ સ્વરૂપ સકલ વિભુ, શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામિ;
સાક્ષાત પ્રત્યક્ષ શ્રીમદ્ સદ્ગુરૂ, પ્રગટ પુરૂષ બહુનામિ. ગુરૂ. ૧

માત પિતા શિક્ષા દીક્ષા ગુરૂ, આદિ ગુરૂના સમાજ;
તેમાં પ્રગટ પરમારથદાતા, તે જાણો ગુરૂરાજ. ગુરૂ૦ ૨
નિઃસ્પૃહતા નિષ્કારણ કરૂણા, એ બન્ને એક સાથ;
જેના હૃદયમાં વાસ કરે છે, તે જાણો કૃપાનાથ. ગુરૂ૦ ૩
જેની સુકૃપાકટાક્ષને માંહિ, કોટી કલ્યાણ સમાય;
તે સજીવન મૂરતિ મળતાં, બાકી શું રહી જાય. ગુરૂ૦ ૪
અંતરદર્શીને આપ પ્રકાશે, દેહદર્શીથી દુરાય;
ચરિતાળાને ચતુર ઓળખે, મૂરખ મનમાં મુંઝાય. ગુરૂ૦ ૫
કૃષ્ણ-પક્ષની સાથે વીતી, અમાવાસ્યાની રાત;
પ્રગટ સદ્‌ગુરૂ દર્શન પ્રગટ્યો, શુકલ-પક્ષને પ્રભાત. ગુરૂ૦ ૬
દ્રવ્ય ભાવથી સરખે સરખો, સહેજે મળ્યો છે મેળ;
રત્નત્રયના સ્વામી અબ તો, કરજો આપ ઉકેલ. ગુરૂ૦ ૭

(શુભ સંવત્ ૧૯૬૯ મહા શુદ ૧ ગુરૂવાર.
મુ૦ કોલવડા શુભસ્થળ.)

પદ ૫૨ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાનની કૃપા પ્રાપ્તિ વિષે.

(રાગ ગરબીનો.)

રાજ સદ્‌ગુરૂ સંકટહરતા, મ્હને ઘડી નથી વિસરતા રાજ,
હું તો સમરૂં હરતાં ફરતાં. (ટેક.)
રાજેશ્વર વાલ્હા, શ્રી સહજાત્મસ્વરૂપ,
ચિંતો ચિત આણી ચૂંપ. રાજ સદ્‌ગુરૂ૦ ૧
રાજેશ્વર વાલ્હા, શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી,
અન્તરના અન્તર્યામી. રાજ સદ્‌ગુરૂ૦ ૨
રાજેશ્વર વાલ્હા, બોધ તમારો અવિરોધ,
મ્હેં લીધો અન્તર શોધ. રાજ સદ્‌ગુરૂ૦ ૩
રાજેશ્વર વાલ્હા, માર્ગ તમારો સત્યમૂળ,
શુદ્ધ હૃદયને સાનુકૂલ. રાજ સદ્‌ગુરૂ૦ ૪

રાજેશ્વર વ્હાલા, મૂળ માર્ગના મર્મ,
  મેં પામ્યો ભાગ્યો ભર્મ. રાજ સદ્ગુરૂ૦ ૫
રાજેશ્વર વ્હાલા, યુગ પ્રતિક્રમણની વેળા,
  તમે ભાખ્યા મુજને ભેળા. રાજ સદ્ગુરૂ૦ ૬
રાજેશ્વર વ્હાલા, ચિત્તનો ચોપડો ઉઘાડી,
  મેં દીધો તમને દેખાડી. રાજ સદ્ગુરૂ૦ ૭
રાજેશ્વર વ્હાલા, સર્વસ્વ આપ તપાસી,
  મ્હને દીધી અતિ સ્યાબાસી. રાજ સદ્ગુરૂ૦ ૮
રાજેશ્વર વ્હાલા, નિયમનો નિયમ મેં ધાર્યો,
  તમ સાથે ખૂબ વિચાર્યો. રાજ સદ્ગુરૂ૦ ૯
રાજેશ્વર વ્હાલા, સર્વાર્થ મ્હારાં સીધ્યાં,
  આપે અનુમોદન દીધાં. રાજ સદ્ગુરૂ૦ ૧૦
રાજેશ્વર વ્હાલા, રત્નત્રયની સેવા,
  મ્હને દેજો સદ્ગુરૂ દેવા. રાજ સદ્ગુરૂ૦ ૧૧

(શુભ સંવત્ ૧૯૭૧. માઘ શુકલા ત્રયોદશી
મુ૦ અડાલજ-વાવ્યવાળી.)

પદ્ય ૫૩ મું.

શ્રી સદ્ગુરૂ ભગવાનની ધ્વનિમય નામમાલા.

(વસન્તતિલકા જેવી ચાલ.)

શ્રીરાજ રાજ સહજાત્મ સ્વરૂપ રાજ,
  શ્રીરાજ રાજ રત્નત્રય-ભૂપ રાજ;
શ્રીરાજ રાજ શુદ્ધ ચૈતન્ય-સ્વામી રાજ,
  શ્રીરાજ રાજ બહુનામી અનામિ રાજ.
શ્રીરાજ રાજ શ્રીમદ્ ગુરૂ રાજ રાજ,
  શ્રીરાજ રાજ સૌ સુખકુરૂ રાજ રાજ;
શ્રીરાજ રાજ જિતક્રોધી રાજ રાજ,

શ્રીરાજ રાજ હિતબોધી રાજ રાજ. ૨

શ્રીરાજ રાજ નિરમાની રાજ રાજ,
શ્રીરાજ રાજ વર જ્ઞાની રાજ રાજ;
શ્રીરાજ રાજ નિરમાયિક રાજ રાજ,
શ્રીરાજ રાજ વર ક્ષાયિક રાજ રાજ. ૩

શ્રીરાજ રાજ નિરલોભિક રાજ રાજ,
શ્રીરાજ રાજ સ્થિર સ્થોભિક રાજ રાજ;
શ્રીરાજ રાજ પંથાતીત રાજ રાજ,
શ્રીરાજ રાજ કર્માદિજિત રાજ રાજ. ૪

શ્રીરાજ રાજ સ્વયંબુધ રાજ રાજ,
શ્રીરાજ રાજ હૃદયશુધ રાજ રાજ;
શ્રીરાજ રાજ વર ગંભીર રાજ રાજ,
શ્રીરાજ રાજ શ્રી મહાવીર રાજ રાજ. ૫

શ્રીરાજ રાજ જનરંજન રાજ રાજ,
શ્રીરાજ રાજ ભયભંજન રાજ રાજ;
શ્રીરાજ રાજ અભરાભર રાજ રાજ,
શ્રીરાજ રાજ અજરામર રાજ રાજ. ૬

શ્રીરાજ રાજ પરમેશ્વર રાજ રાજ,
શ્રીરાજ રાજ અપરંપર રાજ રાજ;
શ્રીરાજ રાજ સકલપ્રભુ રાજ રાજ,
શ્રીરાજ રાજ નિઃકલ વિભુ રાજ રાજ. ૭

શ્રીરાજ રાજ અજબગતી રાજ રાજ,
શ્રીરાજ રાજ વિમલમતિ રાજ રાજ;
શ્રીરાજ રાજ જગતારણુ રાજ રાજ,
શ્રીરાજ રાજ જગધારણુ રાજ રાજ. ૮

શ્રીરાજ રાજ રવ–આત્મજ રાજ રાજ,
શ્રીરાજ રાજ દેવાંગજ રાજ રાજ;
શ્રીરાજ રાજ જગત્રાતા રાજ રાજ,

શ્રીરાજ રાજ જગભ્રાતા રાજ રાજ. ૯
શ્રીરાજ રાજ મનુષ્યાકૃતિ રાજ રાજ,
શ્રીરાજ રાજ ઝળકપતિ રાજ રાજ;
શ્રી રાજ રાજ ભ્રાન્તિહર રાજ રાજ,
શ્રીરાજ રાજ શાન્તિકર રાજ રાજ. ૧૦

(ગીતી વૃત્ત.)

(શ્રી) સદ્‌ગુરૂ નામની માળા, જે ભવ્યાત્મ ભણે શુદ્ધ પરિણામે;
તેહ ભવ્યાત્મ ત્યજી ચાળા, શ્રી રત્નત્રય સ્વામી સહજ પામે. ૧૧
(શુભ સંવત્ ૧૯૬૯ વૈશાખ શુક્લા ૧. મુ૦ શ્રી સ્થંભતીર્થ-ખંભાત બંદર.)

પદ ૫૪ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાન્ પ્રત્યે વિજ્ઞપ્તિ.

(રાગ ગરબી.)

શ્રી સહજાત્મ સ્વરૂપ છો, સદ્‌ગુરૂ રાજ,
કરણા રસના રૂપ છો, સદ્‌ગુરૂ રાજ;
શ્રી શુદ્ધ ચૈતન્ય-સ્વામી છો, સદ્‌ગુરૂરાજ,
સર્વ પ્રકારે નિષ્કામી છો, સદ્‌ગુરૂરાજ. ૧
શ્રીમદ્ સદ્‌ગુરૂ રાજ છો, સદ્‌ગુરૂરાજ,
પંડિતજનશિરતાજ છો, સદ્‌ગુરૂ રાજ;
તારણતરણ જિહાજ છો, સદ્‌ગુરૂરાજ,
સાચા ગરીબનિવાજ છો, સદ્‌ગુરૂરાજ. ૨
પ્રેમીજનોના પ્રાણ છો, સદ્‌ગુરૂરાજ,
મ્હારા અંતરના જાણ છો, સદ્‌ગુરૂરાજ;
જોયું મેં જુગતે કરી, સદ્‌ગુરૂરાજ,
ફરી ફરીને ફેરા ફરી, સદ્‌ગુરૂરાજ. ૩
આપ વિના ન દેખ્યું કશું, સદ્‌ગુરૂરાજ,

હું તું તે સહુ તમ વશુ, સદ્‌ગુરૂરાજ;
વ્યાપી રહ્યા છો સહુ સાથમાં, સદ્‌ગુરૂરાજ,
આવ્યા છો મ્હારા હાથમાં, સદ્‌ગુરૂરાજ. ૪
હવે ન છોડું છેડલો, સદ્‌ગુરૂરાજ,
મૂકું નહીં ત્હારો કેડલો, સદ્‌ગુરૂરાજ;
જાણ્યા તમોને જ્યારથી, સદ્‌ગુરૂરાજ,
હું ને મ્હારૂં ગયું ત્યારથી, સદ્‌ગુરૂરાજ. ૫
આવ્યા મંદરિયે માણવા, સદ્‌ગુરૂરાજ,
પૂર્વની પ્રીત પરમાણવા, સદ્‌ગુરૂરાજ;
હેત હમારૂં જોઇને, સદ્‌ગુરૂરાજ,
ભેટયાછો દુવિધા ખોઇને, સદ્‌ગુરૂરાજ. ૬
કહેવું તે સહુ વ્યવહાર છે, સદ્‌ગુરૂ રાજ,
નિશ્ચય મૌન એક સાર છે, સદ્‌ગુરૂરાજ;
રત્નત્રયના રાય છો, સદ્‌ગુરૂરાજ,
સમજે ત્હેને સદા સ્હાય છો. સદ્‌ગુરૂરાજ. ૭

(શુભ સંવત ૧૯૬૯ વૈશાખ શુકલા અક્ષયતૃતીયા.
મુ૦ શ્રી સ્થંભતીર્થપરિસરે-વડવા શુભસ્થલ.)

પદ ૫૫ મું.

તિતિક્ષાપૂર્વક સદ્‌ગુરૂ ભક્તિ કર્તવ્ય.

(રાગ ગરબી.)

સંકટ સહીં સમભાવ, રૂડા રાજને ભજિયે;
પામી અલૌકિ દાવ, શુદ્ધ સદ્‌ગુણ સજિયે.
સદ્‌ગુરૂ સન્મુખ જે જીવાત્મા, ત્હેની સંગત કરિયે;
શ્રીમદ સદ્‌ગુરૂ વિમુખ જે પ્રાણી, તસ પરિચય પરિહરિયે. રૂ૦ ૧
જગત ભગતને વૈર અનાદિ, સહુના મેંણા સહિયે;
જેકો કહે તેકો કહેવા દઇયે, પ્રભુ ભજનમાં રહિયે. રૂડા૦ ૨

કંકર તે હીરા થઇ બેઠા, પણ કંકર હીરા કેમ કહિયે;
કંકર હીરાની પરીક્ષા ત્યારે, જયારે ઘણુની ચોટો દઈયે. રૂડા૦ ૩
બગલા તે હંસલા થઈ બેઠા, પણ બગને તે હંસ કેમ કહિયે;
બગને હંસની પરીક્ષા ત્યારે, જયારે મોતીનો ચારો ચરૈયે. રૂડા૦ ૪
સદ્‌ગુરૂસેવમેં વિઘ્ન કરે જો, માત પિતાદિ મહાન;
તો તેહને પરિહરિયે પ્રીતે, જાણી શત્રુસમાન. રૂડા૦ ૫
રાજને ઓળખી રાજ ને ભજશે, ત્યજશે લૌકિકલાજ;
રાજને આશ્રયે રહશે ત્હેના, શ્રીરાજ સુધારશે કાજ. રૂડા૦ ૬
સત્ ચિત આનંદ રૂપ રત્નત્રય, તેહની સેવા સાર;
તેહીજ શ્રીમદ્ રાજની સેવા, એક મને અવધાર. રૂડા૦ ૭
(શુભ સંવત્ ૧૯૬૯. વૈશાખ વદિ ૧૦ શુક્ર મુ૦ ખંભાત.)

પદ ૫૬ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાનકી સ્તુતિ.

(ઓધવજીના સંદેશાનો રાગ.)

સંકટ સહીને ભજિયે રૂડા રાજને,
  રાજ સુધારે કાજ ને રાખે લાજ જો;
આજથી સૂપ્યો સર્વસ્વ શ્રીમદ્ રાજને,
  રાજ અમારા ઉત્તમાંગના તાજ જો. સં૦ ૧
વિષય કષાયતણે વશ આ જીવાતમા,
  આ સંસારે સંકટ સહ્યાં અપાર જો;
રાજ-માર્ગમાં તથા રૂપ સંકટતણો,
  સમ્યગ્ ભાવે સંભવ નહીં લગાર જો. સં૦ ૨
અંતર-ક્રિયા રાજ-માર્ગમાં મુખ્ય છે,
  જેહ ક્રિયાથી અક્રિયતા ઓળખાય જો;
રાજતણે પગલે ચાલે જે આતમા,
  તે રાજધામ જઈ રાજ સરીખો થાય જો. સં૦ ૩

રાજ–બોધ તે સર્વાંગે સંશુદ્ધ છે,
　રાજ–માર્ગ પણ સાર્વજનિક સુખસાજ જો;
સેવક રાજના રાજઅંગ પરમાણુવા,
　ત્હેને સેવ્યે સેવાયે ગુરૂ રાજ જો.　　　સં૦ ૪
દેહાભિમાનાદિ મૂળ દોષ ઉન્મૂળવા,
　રાજ–માર્ગની ઉપાસના અનુકૂલ જો;
લૌકિકદૃષ્ટિયે દેખાયે પ્રતિકૂલતા,
　તેથી પાછા ફરી પડવું તે ભૂલ જો.　　　સં૦ ૫
ઐહિક સુખ ઉપેક્ષિત જે જીવાતમા,
　મુખ્યપણે તે રાજ–માર્ગને યોગ્ય જો;
અથવા સાધક વિષય-વિષે સંતોષિયા,
　ગૌણપણે માર્ગાનુસારી મનોજ્ઞ જો.　　　સં૦ ૬
ઐહિક સુખાભિલાષી જે અધમાતમા,
　અભિનિવેશી આળસુ અસુર જણાય જો;
અથવા કુસંસ્કારી કલેશી કદાગ્રહી,
　રાજ–માર્ગને યોગ્ય તેહ ન ગણાય જો.　　　સં૦ ૭
જેમાં રાજય વસે તે હૃદયને ધન્ય છે,
　ધન તે વાણી જેમાં રાજોચ્ચારજો,
શ્રી રાજાંકિત સફળ સર્વ સાહિત્ય છે,
　એક રાજ વિણ શૂનો સૌ સંસાર જો;　　　સં૦ ૮
એ સંક્ષેપે રાજ રીઝાવણુ રીતડી,
　ધરી પ્રીતડી આલેખ્યા ઉદ્ગાર જો;
રત્નત્રયને રાજ–માર્ગ અભિન્ન છે,
　સમ્યગ્ સમજી આરાધે ભવપાર જો.　　　સં૦ ૯

(સં. ૧૮૬૯, મુ૦ ખંભાતપરિસરે-વડવા.)

પદ ૫૭ મું.

શ્રી સદ્દગુરૂ ભગવાનની કૃપા-સ્તવના.

(હરિનામથી નેહ લાગ્યો—એ રાગ.)

હવે તો અમને ગુરૂગમથી ગમ આવી,
શ્રીમદ્ સદ્ગુરૂએ સ્નેહ શાનમાં, દીધો સહજે સમજાવીરે. હ૦ ૧
શ્રી સહજાત્મ સ્વરુપ સાધવા, સ્યાદ્વાદ દરસાવી;
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી ઊગરે, જોતાં તાવી તપાવીરે. હ૦ ૨
પરમકૃપાળુ દેવે હ્રદયથી, આપી અભેદની ચાવી;
ભર્મ મુંઠિવત્ ભેદદ્દષ્ટિ તે, ભરમેં ભરમ ભગાવીરે. હ૦ ૩
ભૂત ભવિષ્યની કાલ પર્યાય તે, વર્ત્તમાનમાં લાવી;
ભૂત ભવિષ્યની સર્વશક્તિ, વર્ત્તમાનમાં પતાવીરે. હ૦ ૪
સર્વે દ્દશ્ય પ્રપંચ ઉપરથી, લીધી વૃત્તી હઠાવી;
નિરાશાની આશા અંતરે, અવર આશ સમાવીરે. હ૦ ૫
પ્રગટ પુરૂષોત્તમ પદ ફરસત, ભૂલ્યો ભૂત ને ભાવી;
રત્નરાજ ગુરૂ દેવે દાખ્યો ગુરૂગમથી ગમ ખાવીરે. હ૦ ૬

(શુભ સંવત ૧૯૬૯ અષાડ સુદી ૧૪
મુ૦ પીપલોઈ, શુભસ્થલ.)

પદ ૫૮ મું.

અનન્ય શરણના દાતાર સદ્દગુરૂ પ્રત્યે સખી ભાવે વિજ્ઞપ્તિ.

(રાગ ગરબી.)

શ્રીમદ્ સદ્દગુરૂરે, શ્રીસહજાત્મ સ્વરૂપ સુખકાર;
શુદ્ધ ચૈતન્ય વિભુરે, વ્હાલા મ્હારા નોંધારાં આધાર. ૧
શરણુ તમારે છું શ્રી સદ્ગુરૂ. (એ ટેક.)
પ્રીતમ પ્રેમનારે, પ્રેમે બાંધ્યા સુજના પ્રાણ;
તમપૂઠે ફરૂંરે, થઇને વણ મૂલ્યે વેચાણ. શરણુ૦ ૨

તારક તમો વિનારે, અધ ક્ષણુ અળગો રહ્યો ન જાય;
પીડા પ્રેમનીરે, કોના મુખ આગળ કહેવાય. શરણુ૰ ૩
પ્રભુ તુમ કારણેરે, મૂકી મ્હેં તો લોકચાલની ચાલ;
જગવૈરી થયોરે, માથે અધિકી મૂકે આળ. શરણુ૰ ૪
ફિટકાર્યો ફરૂંરે, ભૂલિ મ્હારા ભુવનકેરો ભાન;
ખુબીના ખેલમાંરે, ગુરૂ તારા ગુણુમાં થયો ગુલતાન. શરણુ૰ ૫
લોકસમાજનેરે, કીધાં તમ માટે મેં ત્યાજ;
તે તરછોડતાંરે, તમને કેમ ઘટે મહારાજ ? શરણુ૰ ૬
અલગા ના થશોરે, સન્મુખ રહેજો સદ્‌ગુરૂરાય;
ભવજળ બૂડતાંરે, બલવિચારી પકડો બાંહ્ય. શરણુ૰ ૭
દીનના બંધુછો રે, પરમ કૃપાળુ નામ પ્રણામ,
રસિક રક્ષક સદારે, યોગ ક્ષેમ કરતા સુખધામ. શરણુ૰ ૮
વસ્તુ વિચારતાંરે, જગમાં શરણુ આપનો આપ;
રત્નત્રય લખ્યારે, ઉપચારે સદ્‌ગુરૂ સુપ્રતાપ. શરણુ૰ ૯
(શુભ સંવત ૧૯૬૯ શ્રાવણવદિ ૮-જન્માષ્ટમી-ગોકુલ અષ્ટમી રવિ.
મુ. પીપલોઈ શુભસ્થળ.)

પદ ૫૯ મું.

શ્રી સદ્‌ગુરૂરાજ ભગવાન પ્રત્યે વિજ્ઞપ્તિ.

(ભજન—દેશી ગરબીની.)

મ્હારા સ્નેહી સદ્‌ગુરૂ રાજ, સન્મુખ તમે રહેજોરે; (ટેક.)
આ વર્તે કલિનો સામ્રાજ, તેમાંથી તારી લેજોરે. મ્હારા૰ ૧
વ્હાલા શ્રી સહજાત્મ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય-સ્વામીરે;
શ્રીમદ્‌ સદ્‌ગુરૂ ભૂપ, પ્રેમે પ્રણમામીરે. મ્હારા૰ ૨
વ્હાલા મ્હારા બાના બિરૂદની લાજ, રાખો તો મ્હારી રહેશેરે;
એવા ભકતવત્સલ ગુરૂરાજ, બીજા તે શું કહેશેરે. મ્હારા૰ ૩
વ્હાલા વીનવું આણી ઉમંગ, સમરથ સાંભળજોરે;

તારી ભક્તિમાં પાડે [1]ભંગ, ત્હેને તો તમે [2]છળજોરે. મ્હા૦ ૪
વ્હાલા મ્હારા [3]દુર્જન દેછે દુઃખ અપાર, [4]પાપીઓને તમે દહજોરે;
એવા નોંધારાના આધાર, બૂડતાની બાંહ્યો ગ્રહજોરે. મ્હારા૦ ૫
વ્હાલા મ્હારા કાલા-ઘેલા-કર્ત્તાર, તોય છિયે તમારારે;
આદિ મધ્ય અન્ત અવિકાર, હરિ છો અમારારે. મ્હારા૦ ૬
વ્હાલા મ્હારા પ્રગટ કરૂંરે પુકાર, પૂરવની પ્રીત્યેંરે;
સદ્ગુરૂ મ્હારા રહેજ્યો હૃદય મઝાર, રત્નત્રયી રીત્યેંરે. મ્હા૦ ૭
(શુભ સંવત્ ૧૯૬૯ મુ૦ કોલવડા)

પદ ૬૦ મું.

શ્રી લઘુરાજસ્વામીને ક્ષમાપનાપત્ર.

(દોહરા.)

આદિ નમું શ્રીમદ્ ગુરૂ, શ્રી સહજાત્મસ્વરૂપ;
જસ પ્રસાદ આહલાદસેં, ચિન્હયો નિજ ચિદ્રૂપ. ૧

(ધોળનો રાગ.)

પ્રણમું પ્રથમ પ્રત્યક્ષ સદ્ગુરૂ પ્રત્યેં,
નિત્ય નિત્ય સાષ્ટાંગ નમાવી; કાગળ લખું કોડથી, (ટેક).
સ્વામીજી સીમંધર સારીખા, વરણવું વાક્યરચના બનાવી. કા૦ ૧
સ્વસ્તિ બોરસદ વરક્ષેત્રમાં, તત્ર રાજે લઘુરાજ-સ્વામ; કા૦
સર્વ સદ્ગુણસંપન્ન સાહિબો, શુભ ઓપમ યુત સુખધામ. કા૦ ૨
વળી મોહનજી મુનિ ધન્ય છે, જે લ્યે છે સેવાનો આસ્વાદ; કા૦
તે ખાતે પ્રણમું તેહને, ત્યજી લહુ વડની મરજાદ. કા૦ ૩

---

૧ સંશય, વિપર્યય, અસંભાવના, વિપરીત ભાવનાદિ તથા અજ્ઞાન, આળસ ઇત્યાદિ દોષ.

૨ ઉપરોક્ત દોષોને સુષુપ્તિવત્=ઉપશમ કરી તેને છળવા તે.

૩ કર્મ્માવરણ સમુચ્ચય એજ દુર્જન

૪ તેમાં વળી મોહાદિ ઘનઘાતી પાપકર્મોને તો દહજો×તેની મૂળમાંથી ખપણા કરજો એ વિનંતી.

કૃતપુણ્ય તેહ જીવાતમા, નિત્ય કરે સ્વામીજીની સેવ; કા૦
તે પ્રત્યે પ્રણમું પ્રેમથી, છોડી સઘળો અહમેવ. કા૦ ૪
એમ સર્વે સ્વામી સંઘને, કરી પ્રણિપતિનો વ્યવહાર; કા૦
ભાવું નિશ્ચય એક આતમા, જે છે આદિ અન્ત અવિકાર. કા૦ ૫
લિખિતં પીપળોઇ સુક્ષેત્રથી, તવ દાસ ત્વદંશ તદ્રૂપ; કા૦
રત્નત્રયની ત્રિધિ વંદના, અવધારજો શ્રી ચિદ્રૂપ. કા૦ ૬
વળી ઉત્તમ ક્ષમાની યાચના, તે બક્ષવા થાશો ઉદાર; કા૦
ખામી ખમાવી નિઃશલ્ય થઈ, જીવ પામે જીવત્વનો પાર. કા૦ ૭
અત્ર કુશળ છે આપ પ્રતાપથી, તત્રે પણ વર્ત્તો તેમ; કા૦
શાન્તિ વર્ત્તો સર્વ જગતમાં, એ વ્હાલી છે મમ મન નેમ. કા૦ ૮
અપરંચ સમાચાર પ્રીછજો, ઇચ્છજો બાહ્યાન્તર ક્ષેમ; કા૦
પ્રભુ પ્રીછજો પરમ સુપ્રેમને, જેમ નાસે જગતનો વ્હેમ. કા૦ ૯
અમે જગતપ્રવાસ કરી રહ્યા, હાલ દેહલપુર વિશ્રામ; કા૦
સ્વધામતણી દિલ કામના, પ્રારબ્ધયોગે રહ્યા આ ઠામ. કા૦ ૧૦
નથી અન્ય પ્રતિબંધ અતરે, એમ અવધારજો સુખધામ; કા૦
વળી નરતનનગરની વારતા, વરણવું આશાવિશ્રામ. કા૦ ૧૧
થયો જાજરો રોગ પ્રયોગથી, થવા આવ્યો છે સાવ નિઃકામ; કા૦
પણ સત્ પ્રાપ્તિના કારણે, ગણિયે છિયે તેહ સકામ. કા૦ ૧૨
આપ સન્તના દર્શન કારણે, અથવા આયુકર્મને વેગ; કા૦
દર્શે છે આ દેહમાં આતમા, આપ કૃપાએ નથી ઉદવેગ. કા૦ ૧૩
સત્ય સુખસમાધિના લાભથી, નથી વેદાતું તન સ્થિત દુઃખ; કા૦
પણ સમય સમય સ્વામીનાથજી, સાંભરે છે સમાગમસુખ. કા૦ ૧૪
હવે કૃપા કરી કૃપાનાથજી, પ્રભુ મેટો વિયોગનો યોગ; કા૦
નથી ઠરતી વૃત્તી પ્રભુ અન્યથા, એ કોઇ સંસ્કારસંયોગ. કા૦ ૧૫
હવે અન્ત મંગળ અર્થે કરૂં, પ્રણિપતિ પ્રભુ ચરણ મઝાર; કા૦
રત્નત્રયની રક્ષાતણો, પ્રભુ આપને છે અધિકાર. કા૦ ૧૬

(શુભ સંવત ૧૯૬૯ ભાદ્રપદ શુકલપક્ષ
મુ૦ પીપલોઇ—શુભસ્થળ.)

પદ ૬૧ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાનની સ્તવના.

(લાવણી.)

સમરો શ્રી સદ્‌ગુરૂ સ્વરૂપ, ન દેખો તનકોં (૨);
  શ્રીમદ્ સદ્‌ગુરૂજી ભાલતિલક હૈ રતનકો. (એ ટેક.)
શ્રીસહજાત્મ સ્વરૂપ અરૂપ અકામી (૨),
  શ્રી શુદ્ધ ચૈતન્ય–સ્વામી નામી અનામી;
શ્રીપરમ કૃપાળુ દેવ પરમગતિગામી (૨),
  શ્રીમદ્ સદ્‌ગુરૂરાજ નમું શિરનામી;
આ અવસર પ્રગટયો હૃદય શ્રમણ ભગવનકો (૨),
  શ્રીમદ્ સદ્‌ગુરૂજી ભાલ તિલક હૈ રતનકો. ૧
બિંદર વવાણિયા માંહિ આપ અવતરિયા (૨),
  શ્રી રવજી મ્હેતા તાત અધિક ગુણભરિયા;
શ્રી દેવાનંદા માત સ્વ ઉદરે ધરિયા (૨),
  ઓગણીસો ચોવીસ સાલ મહોત્સવ કરિયા;
અભયચંદ્ર અભિધાન આદિ કૃત પુણ્યકોં (૨),
  શ્રીમદ્ સદ્‌ગુરૂજી ભાલ તિલક હૈ રત૦ ૨
ગર્ભજ્ઞાની ગુણવાન જ્ઞાન–અવતાર (૨),
  અતિ લઘુ વયમાં સમર્યાં પૂર્વ સંસ્કાર;
કવિ ઉપનામે જાણે સહુ સંસાર (૨),
  સાક્ષાત સરસ્વતી શતાવધાની જાહાર;
ત્યજી લોકપ્રવૃત્તિ શોધ્યો નિજ ભવનકો (૨),
  શ્રીમદ્ સદ્‌ગુરૂજી ભાલ તિલક હૈ૦ ૩
જૈનધર્મ પાક્ષિક પંથની રીતિ (૨),
  જોઇ જગગુરૂની ઠરી ન અન્તરની ચિત્તિ;
ગંભીર ધીર રહી આણી તિનપર પ્રીતિ (૨),
  સમજાવી સ્નેહે શુદ્ધ સનાતન નીતિ;

સત્યાર્થે પુનરૂદ્ધાર કિયો શાસનકો (૨),
શ્રીમદ્ સદ્ગુરૂજી ભાલ તિલક હૈ રતનકો. ૪
ભવ્યાત્મહિતાર્થે ભણ્યો **ભાવનાબોધ** (૨),
મોક્ષાર્થિઅરથે **મોક્ષમાળા** લિખિ શોધ;
આત્મસ્વસિદ્ધયર્થે **આત્મસિદ્ધિનો** પ્રબોધ (૨),
વળી વચનામૃતની કરી વૃષ્ટિ અવિરોધ;
તાર્યા બહુ જનકોં સંભારી નિજિપનકોં (૨),
શ્રીમદ્ સદ્ગુરૂજી ભાલ તિલક હૈ **રતન** કો. ૫

(શુભ સંવત્ ૧૯૭૦ કાર્તિકપૂર્ણિમા=દેવદીવાળી,
મુ૦ બનાસ ઉપકંઠે.
પુણ્યાત્મા પટેલ ઉમેદભાઈ જીવાભાઇનો બંગલો શુભસ્થળ.
ડીસા-કેમ્પપરિસર.)

પદ ૬૨ મું.

શ્રીસદ્ગુરૂ ભગવાનકી સ્તુતિ.

(કાફી હોરી.)

સદ્ગુરૂ સાચે સીપાઈ, મ્હેંતો નિરખ્યા નયન લગાઇ—સ૦
સત્યલોકસેં શ્રીમદ્ સદ્ગુરૂ, આયે વિદેશકે માંઇ;
સહજાત્મ રૂપ શુદ્ધ ચૈતન્ય સ્વામી, એ ચપરાસ ચલાઇ. સ૦ ૧
દૈવીસંપત્તિવાન જીવાત્માકું, ચેતાવનકે તાંઇ;
નિત્ય નિમિત્ત અવતાર ભેદસું, મહા પ્રભુ પ્રગટે આઇ. સ૦ ૨
નગ્ન સુભેષ ડરેશ જીનુંકે, સર્વાંગે સુખદાઈ:
ક્ષમા—કોટ પુરૂષાર્થ—પાટલૂન, ઇર્યા—બૂટ પદ માંઇ. સ૦ ૩
જયણાકો ઝબ્બો અજબ ઓપત હૈ, સમ—સમશેર સહાઇ;
સદ્ગુરૂ—આજ્ઞા—મુકુટ શીશપર, તત્ત્વ—તિલક વરદાઈ. સ૦ ૪
ધ્યાન સુધનુષ્ય જ્ઞાન—બાન કર, યુક્તિ કમાન ચઢાઇ;
સત્યકો શૈલ સુતર્કકો તર્કસ, મોહ—સેનાકું ભગાઈ. સ૦ ૫

ધીરજ-ઢાલ ધરી ધર ઊપર, જીતનિશાન બજાઈ;
  સર્વ કાલ સબ જીવ લોકમેં, સુલેહ શાન્તિ વરતાઇ. સ૦ ૬
નિઃસ્પૃહ નિરદાવે જગમાંઇ, વિચરે આપ અસહાઇ;
  રત્નત્રયે નિધિકે રખવાલે, જીવનમૂર્તિ સદાઇ. સ૦ ૭
(શુભ સંવત્ ૧૯૭૦ માગશિર સુદ ૧૫ શનિવાર મુ૦ કામેશ્વર.)

પદ્ય ૬૩ મું.

શ્રી રાજબોધની સત્યતા વિષે.

(ગરબી.)

સત્ય છે સત્ય છે સત્ય છે રે,
  શ્રી રાજનો બોધ સદા સત્ય છે.
મૂઢમતિમાંહી મત્ત છે રે,
  શ્રી રાજનો બોધ સદા સત્ય છે. (એ ટેક.) ૧
અજ્ઞાન રાગ દ્વેષ દૂર કરવાની,
  જેમાં જણાવી અગત્ય છે રે. શ્રી રાજ૦ ૨
આત્મસિદ્ધિ અનુભવવા અરથે,
  જેમાં સુયુક્તિની છત છે રે. શ્રી રાજ૦ ૩
અસત્ય જડ દુઃખના પ્રતિપક્ષી,
  રત્નત્રય તહત્ત છે રે. શ્રી રાજ૦ ૪
(શુભ સંવત ૧૯૭૦ માહ સુદિ ૧૪ સોમવાર.
મુ૦ અતિશય ક્ષેત્ર પાનસર.)

પદ ૬૪ મું.

શ્રી રાજ-માર્ગના સાર વિષે.

(ગરબી.)

સાર છે સાર છે સાર છે રે,
  શ્રી રાજ-મારગ એક સાર છે,

શેષ સંસાર અસાર છે રે,
 શ્રી રાજ–મારગ એક સાર છે. (એ ટેક.)
સાક્ષાત્ સદ્‌ગુરૂ રાજ–મારગમાં,
 મુખ્યપણે મુખત્યાર છે રે. શ્રી રાજ૦ ૧
તે પ્રત્યક્ષ સત્પુરૂષ પ્રબોધિત,
 કૈવલ્ય આત્મ આધાર છે રે. શ્રી રાજ૦ ૨
તે નિત્ય પ્રાપ્તની પ્રાપ્તી અરથેં,
 સદ્‌વિચાર વ્યવહાર છે રે. શ્રી રાજ૦ ૩
તે શુદ્ધ વિચાર વ્યવહાર અનુસરવાનો,
 અધિકારીને અધિકાર છે રે. શ્રી રાજ૦ ૪
સત્ય સનાતન રાજ–માર્ગમાં,
 રત્નત્રય એક તાર છે રે. શ્રી રાજ૦ ૫

(શુભ સંવત્ ૧૯૭૦ માઘ શુકલા ૧૫ પૂર્ણિમા મંગલ
શુભસ્થળ અતિશય ક્ષેત્ર—પાનસર.)

પદ ૬૫ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાનની નવધા ભક્તિ.

શ્રી સહજાત્મક સ્વરૂપ સર્વદા, સ્મરિયે સ્વાસોસ્વાસેં રે; (એ ટેક૦)
 શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી–સંભારો, વિશ્વાસેં નેં ઉલ્લાસેંરે. શ્રી૦ ૧
સ્મરણું ભક્તિ સાધ્ય કરીને, મુખ કીર્ત્તન ઉચ્ચરિયે રે;
 વંદન પૂજન અર્ચન સેવન, દાસત્ત્વ દિલ ધરિયે રે૦ શ્રી૦ ૨
સખાસ્વભાવેં સ્વજાતિ સ્નેહીનેં; સન્મિત્રવત્ અનુસરિયેરે;
 શ્રીમદ્ સદ્‌ગુરૂ રાજનેં ચરણે, સર્વસમર્પણ કરિયે રે. શ્રી૦ ૩
ક્રમથી નવધાનેં આરાધ્યે, પ્રેમલક્ષણા આવે રે;
 પ્રેમલક્ષણા ભક્તિ–પ્રભાવેં, પરા ભક્તિ પ્રગટાવે રે. શ્રી૦ ૪
પરા ભક્તિની પારંગત થઈ, ભક્ત તે ભગવદ્ રૂપે રે;
 સાહિ અનન્તે ભંગ અભંગેં, હોઇ રહે તદ્‌રુપે રે. શ્રી૦ ૫

ભગવદ્ ભકત ભકિત એ ત્રયને, એક સ્વરૂપ સંભાવી રે;
ભેદનો ખેદ શમાવી શાણા, સમજી થયા સમભાવી રે. શ્રી૦ ૬
શ્રી સદ્ગુરૂ રત્નત્રય રૂપે, બોલીને બીજું થાવું રે;
બીજો થઇ સદ્ગુરૂગુણ ગાવું, મૌનથી સ્વરૂપે શમાવું રે. શ્રી૦ ૭

(શુભ સંવત્ ૧૯૭૧ ચૈત્ર શુકલ ૯-રામનવમી.
મુ૦ પાવાગઢજી. સિદ્ધક્ષેત્ર-ચાંપાનેર.)

પદ ૬૬ મું.

શ્રીસદ્ગુરૂ ભગવાનની પ્રાર્થના.

(રાગ વણઝારાનો.)

મ્હને ખરો ભરૂંસો તમારો, શ્રી સદ્ગુરૂ કષ્ટ નિવારો. (એ ટેક૦)
ગુરૂ શ્રી સહજાત્મ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય-સ્વામિ અનૂપ;
પરમ કૃપાળુ બિરૂદ તુમારો, શ્રી સદ્ગુરૂ કષ્ટ નિવારો. ૧
તુમ બોધમાં અંતર શોધ, અધિકારી પ્રત્યે અવિરોધ;
જેમાં વર્ણન વિવિધ પ્રકારો, શ્રી સદ્ગુરૂ કષ્ટ નિવારો. ૨
ગુરૂ રાજ માર્ગ સત્ય-મૂળ, નર કાયરને પ્રતિકૂલ;
તારો બેહદ ધારો સુધારો, શ્રી સદ્ગુરૂ કષ્ટ નિવારો. ૩
મ્હારે પૂર્વાદિના સંસ્કાર, તેથી પરમારથ પર પ્યાર;
મ્હને પેલે પાર ઉતારો, શ્રી સદ્ગુરૂ કષ્ટ નિવારો. ૪
હાલ વિષમોદય મમ વર્ત્તે, પણ પરમારથની સર્ત્તે;
મ્હારા સર્વાવરણ નિવારો, શ્રી સદ્ગુરૂ કષ્ટ નિવારો. ૫
હું તો અતીતાશ્રમી ગુરૂરાજ, મ્હારે નહીં અવરશું કાજ;
મ્હને આધાર એક તમારો, શ્રી સદ્ગુરૂ કષ્ટ નિવારો. ૬
શ્રી સદ્ગુરૂ સ્વરૂપને માંહિ, મ્હારો સર્વસ્વ રહ્યો સમાઇ;
રત્નત્રય એક વિચારો, ગુરૂ રાજ હૃદયમાં પધારો. ૭

(શુભ સંવત્ ૧૯૭૧ના પુરૂષોત્તમ માસે
મુ૦ શ્રી રેવાઉપકંઠે ગંગનાથ.)

પદ ૬૭ મું.

શ્રી સદ્‌ગુરૂ સ્વરૂપ પ્રાપ્તિ વિષે ચિત્તવૃત્તિની ખુમારીના ઉદ્‌ગાર.

(આજ આ સમાજ બહુ સ્તવન ભણો જિનતણા—એ રાગ.)

[1]મેં દિવાના રાજકા, મુજે મત કોઈ કહો;
હરકિસીકું માર બેઠુંગા, તુમ દૂર ખડે રહો. મે૦ ૧
ચડિ ખુમારી પ્રેમકી, પીયુ પીયુ પુકારૂં;
મનમે ઐસા આવે હૈ, જીસ કિસકું મેં મારૂં. મે૦ ૨
મેરા ઘટમેં રાજ હૈ, દૂજા નિજર નાવે;
જો કોઉ આવે બિંચમેં સો, તો શિરમાંહી ખાવે. મે૦ ૩
[2]હસ્તિકા હિસાબ નહી, ઓર [3]વાઘકું મેં મારૂં;
[4]સિંહકા દેરા ઢુંઢતા, વન વનમેં પુકારૂ. મે૦ ૪
મેં મેરા [5]ઘર [6]જાર દિયા, ઓરનકા મેં જારૂં;
જો કોઉ મેરે સંગ લગે, તાકું પાર મેં ઉતારૂં. મે૦ ૫
એક સમશેર મેરે હાથમેં, સત્યનામ ખરેકી;
લરના હોય તો આય લરો, મુજે હોંશ લરેકી. મે૦ ૬
સદ્‌પિયાલા પ્રેમકા, સદ્‌ગુરૂને પિલાયા;
અબ તો ભયે અલમસ્ત, રત્નત્રયકું પાયા. મે૦ ૭

(શુભ સંવત્ ૧૯૭૧ ભાદ્રપદ. સુ૦ વીરક્ષેત્ર શુભસ્થળ.)

---

૧ આ પદ્યમાં શ્રી ગુણસ્થાનક્રમારોહણની મુખ્યત્વે સંક્ષેપ સંભાવના છે તેથી કર્માવરણાદિ ભાવશત્રુઓને તેની ક્ષપણાને-ખપાવાને તત્પરવૃત્તિના ઉદ્‌ગારો સમજીને સંભાવવા યોગ્ય છે. ૨ દેહાભિમાન રૂપ હસ્તિ. ૩ કપટ=ચિત્રો વાઘ. ૪ રાગ કેશરીસિંહ. ૫ અનાદિ જન્મોત્પાત્તમૂળરૂપકાર્મણ-સૂક્ષ્મશરીર. ૬ જ્ઞાનાગ્નિથી.

પદ ૬૮ મું.

શ્રી સદ્દગુરૂ ભગવાનકી સ્તવના.

(રાગ ગોપીચંદકા ખ્યાલમેં ગાનેકા.)

શ્રીમદ્દ સદ્દગુરૂજી સ્વરૂપ તુમારા રહો નિત્ય મુજ ખ્યાલમેં,
રાજેશ્વર વ્હાલા અમૃત વરસાવો પંચમ કાલમેં. (એ ટેક.)
આદિ અબોધ અવસ્થા અમારી, હમ કયા સમજે સ્વરૂપ;
નિષ્કારણ કરૂણા કરીકેં, સમજાયો સદ્દરૂપ રે. શ્રીમદ્દ૦ ૧
પુરૂષોત્તમ પરિબ્રહ્મ પૂરણ, પ્રગટે કૃપાનાથ;
સંબોધ્યો પૂરવ સંસ્કારેં, મુજકું પકડી હાથ રે. શ્રીમદ્દ૦ ૨
સગર્ભસત્યોપદેશ આપકોં, સહૃદયેં ઠહરાય;
નિયતકાલ વેદનકે અંતર, પરમારથ પ્રગટાય રે. શ્રીમદ્દ૦ ૩
પ્રગટ પરમારથ ફલ પાયો, પૂજ્ય પુરૂષ–સુપસાય;
યહ ઉપકાર સદ્દગુરૂશ્રીજીકો, કહો કેમ ભૂલ્યો જાયરે ? શ્રીમદ્દ૦ ૪
શ્રી નૃપચંદ્ર ભૂપતિ આદિ, સબ પર્યાયિક નામ;
રત્નત્રય સ્વરૂપ અનામિ, નામ રૂપ વિશ્રામ રે. શ્રીમદ્દ૦ ૫

(શુભ સંવત્ ૧૯૭૨ કાર્ત્તિક પૂર્ણિમા, મંગલ. મુ૦ વીરક્ષેત્ર=વડોદરા. શ્રીમાન્ દેશાઇ બલવંતરાય રઘુનાથજી વકીલકા શાન્તિભુવન શુભસ્થલ.)

પદ ૬૯ મું.

—:o:—

(શ્રી સહજાત્મસ્વરૂપાય પ્રગટ પુરૂષોત્તમાય નમઃ)

શ્રી સદ્દગુરૂ ભગવાનકી સ્તવના.

(રાગ માઢ.)

સદ્દગુરૂ સુખકારી જ્ઞાનાવતારી રત્નત્રયદાતાર,
જુઓ દૃષ્ટિ સુધારી ગગનવિહારી જ્ઞાનાવતારી રત્નત્રયદાતાર.

(સાખી.)

શોભન સોરઠ દેશ–વિષેરે, સાગરકેરે તીર;
બંદર વવાણિયા માંહે પ્રગટ્યા, વર્ત્તમાન મહાવીર.
અતિ અતિશયધારી, શુભ સંસ્કારી જ્ઞાનાવતારી રત્ન૦ ૧

(સાખી.)

શ્રીમાન્ રવજી મહેતાના આત્મજ, શ્રી દેવાઅંગજાત;
ઝબકદેવીના પ્રાણપતિ પ્રભુ, શ્રી મનસુખના ભ્રાત,
મુદ્રા અવિકારી સુંદરાકારી જ્ઞાનાવતારી રત્ન૦ ૨

(સાખી.)

અતિ લઘુવયમાં અનઆયાસે, આવ્યો અપૂર્વ ઉલ્લાસ;
કવિત્વ શતાવધાનાદિ શક્તિ, પામી અધિક પ્રકાશ,
અતિ દીર્ઘવિચારી સહજ સ્થિતિધારી જ્ઞાનાવતારી રત્ન૦ ૩

(સાખી.)

મૂળમાર્ગ શ્રી મહાવીર દેવનો, કરવા તસ્યોદ્ધાર;
નયનિક્ષેપ પ્રમાણાબાધિત, ગુંથ્યા ગ્રંથ ઉદાર,
વાણી અમૃતધારી દોષાપહારી જ્ઞાનાવતારી રત્ન૦ ૪

(સાખી.)

શ્રી લઘુરાજતણા ગુરૂ રાજજી, સાર્યા સર્વે કાજ;
રત્ન ચિંતામણિ સરખા સદ્‌ગુરૂ, તારણતરણજીહાજ,
લીજે અમને તારી અહો ઉપકારી જ્ઞાનાવતારી રત્ન૦ ૫

(શુભ સંવત્ ૧૯૭૨ના કાર્ત્તિક પૂર્ણા મંગલ. મુ૦ વીરક્ષેત્ર=
વડોદરા. શ્રીયુત્ બલવંતરાય રઘુનાથજી દેશાઇના
શાન્તિભુવન–શુભસ્થલ.)

પદ ૭૦ મું.

અંતર્ગત સદ્‌ગુરૂ સ્વરૂપ પ્રાપ્તિ વિષે વત્ત્યોદ્‌ગાર.

(ધનાશ્રી.)

ઘટમાં મળ્યા ગુરૂ રાજ, મ્હારાજ મ્હને, ઘટમાં મળ્યા ગુરૂ રાજ;
મ્હારાં સિધ્યાં તે સર્વે કાજ, મ્હારાજ મ્હને, ઘટમાં૦ (એ ટેક.)

શ્રીમદ્ સદ્‌ગુરૂને શોધવા સારૂ, સોધ્યા મેં સર્વ સમાજ. મ્હા૦ ૧
બાહિરદ્દષ્ટિએં બાહિર ઢુંઢિયા, ના મળ્યા ગરીબનિવાજ. મ્હા૦ ૨
વ્યક્તિ સ્વરૂપે વેગળા જાણિયા, હવે માન્યા સમષ્ટિમાજ. મ્હા૦ ૩
"હું" રાખતાં ગુરૂ રાય અવરાયે, "હું" ખોતાં જડે ગુરૂ રાજ. ૪
શ્રીમદ્ સદ્‌ગુરૂ રાજ પામવાનો, અચૂક એહ ઈલાજ. મ્હા૦ ૫
શ્રી સદ્‌ગુરૂને રીઝાવવા કારણે, છોડી મેં લૌકિકલાજ. મ્હા૦ ૬
શ્રી ગુરૂરાજ લઘુરાજના સાહિબા, રત્નત્રય શિરતાજ. મ્હા૦ ૭
(શુભ સંવત્ ૧૯૭૨ કાર્તિક કૃષ્ણા ૩ બુધવાર,
મુ૦ નડીઆદ-નટવરપુર શુભસ્થલ.)

પદ્ય ૭૧ મું.

શ્રી કલિકાલની કદર્થનાથી શાન્તિઇચ્છક વૃત્યોદ્‌ગાર.

(રાગ ગરબીનો.)

કૃપાળુ કલિકામાં, દાડા કેમ કરીને લહું રે;
કેમ કરીને લહુરે, દાડા કેમ કરીને લહું રે. (એ ટેક.)
સંત ને મહંત નામધારી, તો છે બહુ રે;
સત્પુરૂષો તો શોધ્યા ન જડે, કયાં જઈ પોષણુ લહું રે. ૧
જૈન ને જૈનેતર જીવો, મતાર્થી છે સહુ રે;
પરમારથને કોઈ ન પ્રીછે, કોને જઈને કહું રે. ૨
લોકરીતી રાજનીતી, વંઠી ગઈ છે બહુ રે;
ધર્મ કર્મનો મર્મ ન લહે, મનમાં સમજી રહું રે. ૩
સર્વ જગજીવોનો હિત, અંતરે હું ચહું રે;
લોકસ્થિતિ જાણી એવી, શાને હૃદય દહું રે. ૪
ઉદયનો આતાપ સર્વ, સમભાવે હું સહું રે;
પરમ કૃપાળુ રત્નત્રયને, આશ્રયે જીવન વહું રે. ૫
(શુભ સંવત્ ૧૯૭૨ મૃગશિર શુકલા ૧૦ ચંદ્રવાર.
મુ૦ ઉમરદશી વનક્ષેત્ર-શુભસ્થલ.)

પદ ૭૨ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાન પ્રત્યે વિજ્ઞપ્તિ.

(ગરૂડ ચડી આવજો ગિરધારી—એ રાગ.)

સુણો એક વિનતી ગુરૂ રાજ, કૃપા કરી આપજો શિવસાજ;
વા અથવા સન્તસાજ, સુણો એક વિન૦ (એ ટેક.)
વ્હાલા શ્રી સહજાત્મ સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યસ્વામી અનૂપ;
વ્હાલા રત્નત્રયના ભૂપ, સુણો એક વિન૦ ૧
ત્હારી વાણી સર્વાંગે શુદ્ધ, સુણતાં હોય ભવ્ય પ્રબુદ્ધ;
તેમાં દેખે દોષ અબુદ્ધ, સુણો એક વિન૦ ૨
ત્હારો મારગ પરમ વિશાળ, જેમાં સર્વદર્શનનો ખ્યાલ;
ત્હેને નિન્દે અજ્ઞાની બાલ, સુણો એક વિન૦ ૩
વીરદેવનો નામ દેઇ, પાખંડ પ્રવર્ત્તાવે કેઇ;
તેમ નામ ત્હારો પ્રભુ લેઈ, સુણો એક વિન૦ ૪
રાગ દ્વેષ અજ્ઞાનના પ્રેર્યા, ત્હારા વચનાશયને ચેર્યા;
ગુણ છાંડીને અવગુણ હેર્યા, સુણો એક વિન૦ ૫
જેમ ભ્રમર કાષ્ટમાં પેસી, કોરે કાષ્ટ કાષ્ટનો દ્વેષી;
તેમ ગર્ભશત્રુ સુવિશેષી, સુણો એક વિન૦ ૬
ત્હેની ધારણા કરજો ધૂળ, અથવા કરજો અનુકૂલ;
જેમ સમે સર્વનો શૂલ, સુણો એક વિન૦ ૭
મ્હારે પૂર્વાદિ કાળની પ્રીત, તેથી વર્ત્તી પ્રતિતી પુનીત;
સદા સહજ સમાધિની રીત, સુણો એક વિન૦ ૮
વ્હાલા સર્વને સુમતિ દેજો, મ્હારા આત્મપ્રદેશમાં રેહેજો;
રત્નત્રયને સંભાળી લેજો, સુણો એક વિન૦ ૯

(શુભ સંવત્ ૧૯૭૨, માઘકૃષ્ણ ૦)) પનરસ. શનૌ
મુ૦ શ્રીકામનાથ મહાદેવ-તીર્થસ્થળ.)

પદ્ય ૭૩ મું.

શ્રી સદ્‌ગુરૂ-સૂર્યોદય વિષે વિવેચન.

(વ્હાલા વેગે આવોરે—એ રાગ.)

સત્ય ધર્મ ઉદ્ધરવારે, અમને સુખિયા કરવારે;
સદ્‌ગુરૂ-સૂરજ ઉગિયા હોજી;
ઉદયા ઉદયા ઉરઉદયાચલશ્રૃંગ, સત્ય ધર્મ ઉ૦ (એ ટેક.)

(સાખી.)

વીરતણા નિર્વાણથી, પ્રસર્યો ભસ્મ પ્રચંડ;
વીરદેવનો નામ દઇ, પ્રસરાવ્યા પાખંડ.
આ પાખંડને ખંડવા, સદ્‌ગુરૂ જ્ઞાન અખંડ,
ચંડ પ્રચંડ તમ હરવારે, સ૦ ૧

(સાખી.)

મૂળ માર્ગ મહાવીરનો, સત્યસનાતન સાર;
તેહ પ્રગટાવા કારણે, સદ્‌ગુરૂ જ્ઞાનાવતાર.
લોકોત્તર મારગ વિષે, જેહને અવિચળ પ્યાર,
ધાર સુધાની ઝરવારે, સ૦ ૨

(સાખી.)

પૂર્વ વિરાધક જીવડા, અસદ્‌ગુરૂ આધીન;
સદ્‌ગુરૂ-શિક્ષા તેહને, લાગે અર્વાચીન;
હીનપુન્ની નહિ ગ્રહી શકે, સદ્‌ગુરૂ-બોધ પ્રાચીન;
દીન પ્રવીનનેં કરવારે, સ૦ ૩

(સાખી.)

પૂર્વકાલ સંસ્કારથી, પરમારથની પ્રીત;
પરમાર્થે પ્રસ્તાવ લહી, પ્રગટી પરમ પુનીત.
રીત લૌકિકની પરિહરિ, ગ્રહી અલૌકિક રીત;
હિત પ્રીત પરવરવારે. સ૦ ૪

(સાખી.)

જગની ભીતી જીતીને, ભયા અભય નિજ જ્ઞાન;
ઉપદેશાચર્ણું સુગુરૂના, ત્હેનો કરે કલ્યાન;
હાનિ વૃદ્ધિ નહિ તેહને, સર્વે થયું સમાન,
રત્નત્રય અનુસરવારે. સ૦ ૫

(શુભ સં. ૧૯૭૨ ના ફાગણ સુદિ ૧૫. મુ. કામનાથ મહાદેવ. તીર્થસ્થળ.)

પદ ૭૪ મું.

શ્રી સદ્ગુરૂ સ્વરૂપાદિ સપ્તાંગલક્ષ્મીસ્મરણ.

(જીવેરે જીવે વીરો વાલહો રે—એ દેશી.)

મુજનેરે સદ્ગુરૂ ક્ષણક્ષણ સાંભરે રે,
શ્રી સહજાત્મ સ્વરૂપ રે;
ચૈતન્યરે શુદ્ધ ચૈતન્ય-સ્વામી સદા રે,
રત્નત્રયના ભૂપ રે. મુજનેરે૦ ૧

સ્વરૂપરે સ્વરૂપ સદ્ગુરૂ રાજનો રે,
સત સનાતન શુદ્ધ રે;
નિત્યરે નિત્યમુક્ત નિર્મલ સદા રે,
સ્વસંવેદ્ય સંબુદ્ધ રે. મુજનેરે૦ ૨

હૃદયરે હૃદય સદ્ગુરૂ રાજનો રે,
ખંવત વિમળ વિશાળ રે;
સાગરરે સાગરવર ગંભીર છે રે,
ઉજ્જવળ આર્દ્ર દયાળ રે. મુજનેરે૦ ૩

મુદ્રારે મુદ્રા સદ્ગુરૂ રાજની રે,
પરમ શાન્તરસ મૂળ રે;
કારણરે કારણ શુદ્ધ સ્વરૂપનો રે,
આત્માર્થે અનુકૂળ રે. મુજનેરે૦ ૪

વાણીરે વાણી સદ્દગુરૂ રાજની રે,
અમૃત-મેઘ સમાન રે;
સુણતાંરે સુણતાં શાન્તિ સંપજે રે,
જો સમજે સત શાન રે. મુજનેરે૦ ૫
મારગરે મારગ સદ્દગુરૂ રાજનો રે,
વિસ્તૃત ને ચિરસ્થાઇ રે;
દર્શન ને સાંપ્રદાયના ભેદથી રે,
સાર્વજનિક સુખદાઈ રે. મુજનેરે૦ ૬
સત્સંગકે સત્સંગ સદ્દ ગુરૂ રાજનો રે,
શિક્ષા દીક્ષા રૂપ રે;
પામેરે પામે પુણ્યે પાત્ર જે રે,
તે હોયે તદ્રૂપ રે. મુજનેરે૦ ૭
વર્ત્તનરે વર્ત્તન સદ્દગુરૂ રાજનો રે,
ન્યાય નીતિ સમસ્ત રે;
સૃષ્ટિરે સૃષ્ટિક્રમના નિયમસું રે,
ઉદયાધીન પ્રશસ્ત રે. મુજનેરે૦ ૮
કુણ કુણરે કુણ કુણ લક્ષણ લખું રે,
ગુરૂપદ અગમ્ય અપાર રે;
લક્ષણરે લક્ષણ લક્ષ્યાર્થે લહ્યાં રે,
રત્નત્રય સાધાર રે. મુજનેરે૦ ૯

(શુભ સંવત્ ૧૯૭૨ ચૈત્ર વદિ ૫ શનો
સ્થ૦ કામનાથ મહાદેવ તીર્થસ્થલ કાણીસા શુભસ્થલ.)

પદ ૭૫ મું.

શ્રી સદ્ગુરૂ ભગવાનકી સ્તવના.

(સુંદર શામળિયા-એ રાગમાં.)

શ્રીમદ સદ્દગુરૂજી ધ્યાન ધરૂં નિત્ય ત્હારૂં,
સુખ શાન્તિકરૂજી એહ મનોરથ મ્હારૂં. (ટેક.)

શ્રી સહજાત્મ સ્વરૂપ સંભારૂં,
શુદ્ધ ચૈતન્ય-સ્વામી ઉર ધારૂં;
પરમ કૃપાળુ બિરદ તમારૂં, શ્રીમદ્ સદ્ગુરૂ સર્વસ્વ મ્હારૂં;
તુમ પ્રભુ ત્રયજગતારૂ. શ્રીમદ્૦ ૧
આપ વિરહ અ-મને વેહાય,
જિમ બાલક વિલખા વિણુ માય;
તિમ અહનિશિ અંતરમાં થાય, ત્હેનો ચિત્ર કેમ ચિત્રાય;
જાણો સદ્ગુરૂ રાય. શ્રીમદ્૦ ૨
આપ વિના હમ કર કુણુ ઝાલે,
કુણુ અમને આશ્વાસન આલે;
સ્નેહે અમને કુણુ સંભાળે, કુણુ પ્રપંચ પાખંડ મત ગાળે;
કુણુ આતમ અજુવાળે. શ્રીમદ્૦ ૩
ત્હારે યોગબલેં યોગ્ય જીવા,
તલસે તુજ વચનામૃત પીવા;
પ્રગટાવે અન્તર ઘટ-દીવા, વિચરે જગમાં થઇ મરજીવા;
શું સમજે જે કલીવા. શ્રીમદ્૦ ૪
ગુરૂ-નામે મુજ મંગલમાલા,
ગુરૂ-ધ્યાને મુજ હૃદય વિશાલા;
ગુરૂગમથી ઉઘડયા ઉરતાળા, ગુરૂજ્ઞાને અદ્ભુત અજવાલા;
રત્નત્રય રખવાળા. શ્રીમદ્૦ ૫
(શુભ સંવત્ ૧૯૮૨ ના અષાડ શુક્લા ૨ રવિવાર.
મુ૦ ડીસાશહરની રાજકચેરી શુભસ્થલ.)

પદ ૭૬ મું.

શ્રી પરમકૃપાળુ શ્રી સદ્ગુરૂ ભગવાન પ્રત્યે વિજ્ઞપ્તિ.

(રાગ ગરબી—હરિ વસે હરિના જનમાં—એ રાગ.)

હાંજી ગુરૂ તમે મ્હારા ને હું તમારો,
જાણી પોતાનો પાર ઉતારોજી ગુરૂ૦ (ટેક.)

શ્રી સહજાત્મ સ્વરૂપ તમારો, નિત્ય સ્મરણ એ મહારોજી. ગુરૂ૦ ૧
શ્રી શુદ્ધ ચૈતન્ય-સ્વામી સારો, તે સર્વસ્વ હમારોજી. ગુરૂ૦ ૨
પરમ કૃપાળુ બિરૂદ તમારો, કૃપાની દ્રષ્ટી નિહારોજી. ગુરૂ૦ ૩
કાળ અનાદિની આંટી ઉકેલી, હવે નિજજનને સંભારોજી. ગુરૂ૦ ૪
ગ્રંથી-ભેદ કરી ગુરૂ રાજા, સંશય સર્વ સંહારોજી. ગુરૂ૦ ૫
ભેદનો ખેદ સમાવી સ્વામી, કરજો એકાકારોજી. ગુરૂ૦ ૬
સમ્યગ્ રત્નત્રયના સાહેબ, હવે નથી ઉધારોજી. ગુરૂ૦ ૭

(શુભ સંવત્ ૧૯૭૨ શ્રાવણ વદિ ૩ બુધવાર.
મુ૦ સિદ્ધાસન ઉમરદશી--વનક્ષેત્ર.)

પદ ૭૭ મું.

શ્રીસદ્‌ગુરૂ ભગવાનને ઉપાલંભ-ઓલંભારૂપે વિજ્ઞપ્તિ.

(બલિહારી રસિયા ગિરધારી—એ રાગ.)

અધ્યાત્મ રશિયા ઉપકારી, શ્રીમદ્ સ્વામહો, ત્યજી અમને
સત્ લોકના વાસી આવું ન કરિયેજી, (આવા ન બનિયેજી).
વાણી સ્વરૂપી વ્હાલા વાંસલડી વાહિને (વગાડીને) રે !
અમને કર્યા અનુસારી, શ્રીમદ્ સ્વામહો ત્યજી અમને સ૦ ૧
આ જગજાળ વ્હાલા ખાવાને ધાય છે રે,
તેમાં મત્તજાળ મુંઝાવે ભારી, શ્રીમદ્ સ્વામહો ત્યજી૦ સ૦ ૨
મુમુક્ષુમંડળની શોભા તમ વિના અમને તો,
નવ લાગે વ્હાલા હવે સારી, શ્રીમદ્ સ્વામહો ત્યજી૦ સ૦ ૩
મારગ લોળ્યો વ્હાલા અકલ તરાજુએ રે,
અમપર ઢાળ્યો ગુણધારી, શ્રીમદ્ સ્વામહો ત્યજી અ૦ સ૦ ૪
રત્ન ચિંતામણિ સાદ્રશ્ય સદ્‌ગુરૂ,
હવે સુધ લેજો પ્રભુ મ્હારી, શ્રીમદ્ સ્વામહો ત્યજી અમને
સત્સ્વરૂપ વિલાસી આવું ન કરિયે જી (આવા ન બનિયેજી) સ૦ ૫
(શુભ સંવત્ ૧૯૭૩ કાર્ત્તિક સુદિ ૨ શુક્ર મુ૦ ઉમરદશી વનક્ષેત્ર)

પદ ૭૮ મું.

પુનઃ શ્રી સદ્ગુરૂ ભગવાનના વિયોગજનિત વિજ્ઞપ્તિ.

(દાસ પરે દયા લાવો રે—એ રાગમાં.)

આપ વિના અકળાવે રે શ્રીમદ્ સદ્ગુરૂજી, તુમવિન મન અકુલાવે;
શ્રીરાજ રાજેશ્વર તુમ વિન મન અકુલાવે. (એ ટેક.)
કોણ ધર્મનો મર્મ બતાવે, સત્સ્વરૂપ કોણ સમજાવે;
કોણ આત્મ ઓળખાવે રે, શ્રીમદ્ સદ્ગુરૂજી આપ વિના૦ ૧
આવાગમનનો કારણ શું છે? તેમ જે તેનો વારણ શું છે?
તારણ થઇ કોણ બતાવે રે, શ્રીમદ્ સદ્ગુરૂજી આપ વિના૦ ૨
જન્મ જરા ને મૃત્યુ હરવા, શ્રી સહજાત્મ સ્વરૂપે ઠરવા;
કોણ સહાયક થાવે રે, શ્રીમદ્ સદ્ગુરૂજી આપ વિના૦ ૩
તુમ વિન આત્મભ્રાન્તિ કોણ ભાગે, શુદ્ધ જ્યોતિ બાહ્યાન્તર જાગે;
કોણ જ્ઞાનદીપ પ્રગટાવે રે, શ્રીમદ્ સદ્ગુરૂજી આપ વિના૦ ૪
ઉર ધરવી સદ્ગુરૂની શિક્ષા, એજ આત્મને ઉત્તમ દીક્ષા;
ભિક્ષા રત્નત્રય પાવે રે, શ્રીમદ્ સદ્ગુરૂજી આપ વિના૦ ૫
(સંવત ૧૯૭૩ કાર્તિક સુદિ ૨ શુક્ર. મુ૦ ઉમરદશી વનક્ષેત્ર.)

પદ ૭૯ મું.

શ્રી સદ્ગુરૂ ગુણાનુવાદ.

(મ્હારે દીવાળી થઈ આજ—એ રાગ.)

આજ દેવદીવાળીનો દાડોરે, ગુરૂગુણ ગાવાને,
સદા સ્મરો સદ્ગુરૂ દેવરે, પાવન થાવાને૦ (એ ટેક૦)
આત્મહિતના સર્વ સાહિત્યમાં, પેહેલું ને વળી સહેલુંરે;
શ્રીમદ્ સદ્ગુરૂ સેવા-સાધન, અમ્મર ફલનો વેલુરે. ગુરૂ૦ ૧
શેષ મહેશ શારદા આદિ, કરે ગુરૂગુણના ગાન રે;
ગુરૂગુણગાનના અનુસંધાને, પ્રગટે નિજપદ ભાન. ગુરૂ૦ ૨

નિત્ય નિમિત્ત અવતાર ભેદથી, ગુરૂદેવ દર્શાયરે;
 પૂર્વોપાધિ બાદ કરતાં, શેષ રહે સદ્‌ગુરૂ રાય. ગુરૂ૦ ૩
સદ્‌ગુરૂ દેવ છે એક સ્વરૂપે, ભેદ બુદ્ધિ ધો નાખીરે;
 સદ્‌ગુરૂ એક ને સેવ અનેક છે, એ હારદ ઉર રાખીરે. ગુરૂ૦ ૪
સદ્‌ગુરૂપદ-સામર્થ્ય સર્વથા, સર્વજ્ઞે પણ ન કહાય રે;
 જે સદ્‌ગુરૂની સાનમાં સમજે, તે ત્યાં સમજી સમાય. ગુરૂ૦ ૫
ગુરૂપદ સ્પર્શત ગુરૂતા પ્રગટે, અનુભવ કરીને દેખોરે;
 ગુરૂભક્તિમાં ભાવ ધરીને, સરખા સહુને લેખો રે. ગુરૂ૦ ૬
નરતન ! ભાર્તભૂમિ આર્ય્યકુળ, દીર્ઘાયુષ્ય સુખકારીરે;
 પૂરણઇંદ્રી શ્રવણ શ્રધ્ધાદિક, મળી સામગ્રી સારી. ગુરૂ૦ ૭
આવો યોગ લહી યોગ જીવાત્મા, ગુરૂશિક્ષાની દીક્ષારે;
 ધારો ધૃતી ધારી એક ધારા, જો હોય નિજપદ ઇચ્છા. ગુરૂ૦ ૮
શ્રીમદ્ સદ્‌ગુરૂ રત્નયત્ર યુત, વળી તસ કૃપા-પાત્રરે;
 તે સર્વે સમદર્શિ સન્તનો, હું છું અબોલો છાત્ર. ગુરૂ૦ ૯
(શુભ સંવત્ ૧૯૭૩ ના કાર્તિકી પૂર્ણિમા ગુરૂવાર. મુ૦ સિદ્ધાસન
 પરિસરે શ્રી ઉત્તમપુરીઆશ્રમે ચાતુર્માસ સ્થિત. ઉર્ફે
 ઉમરદશી વનક્ષેત્ર શુભસ્થળ.)

પદ ૮૦ મું.

શ્રીસદ્‌ગુરૂ ભગવાનની સ્તુતિગર્ભિત શ્રીસ્વામીજી પ્રત્યે વિજ્ઞપ્તી.

(ગરબી-મુખડાની માયા લાગીરે મોહન તારા—એ દેશી.)

રાજને રીઝાવી રહેજો, રાજને રીઝાવી રેજો, રાજને રીઝાવી
 રહેજોરે—
 સ્વામીજી મ્હારા, રાજને રીઝાવી રેજોરે સ્વામી૦ (એ ટેક.)
 રાજને રીઝાવામાટે, સહી કીધી શિર સાટે;
 ફાટે તેને જાવા દેજોરે. સ્વા૦ ૧

રાજની તો રીઝ રૂડી, જગતની ખીજ કૂડી;
ભુંડી ભલી કાંઇ ન કહેજો રે. સ્વા૦ ૨.
રીઝાવ્યા છે રાજ જાતે, ભેદાણી છે ધાત સાતે;
ખાંતે કરી સહુ સહેજોરે. સ્વા૦ ૩
રાજ રીઝે જ્યારે વ્હાલા, જગ ખીજે કરે ચાળા;
ઠાલા માલા જાણી લેજોરે. સ્વા ૦ ૪
રાજ તમારા તમે તેના, અમે સર્વે છીએ એના;
રત્નત્રયસંભારી લેજોરે.
સ્વામીજી મ્હારા-રાજને રીઝાવી રેજોરે. સ્વામીજી મ્હા૦ ૫

(શુભ સંવત્ ૧૯૭૩ ના માગશિર શુકલ પંચમી બુધવાર.
મુ૦ ઉમરદશી વનક્ષેત્ર શુભસ્થળ.)

પદ ૮૧ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાનની સ્તુતિ.

(શીતલ જિનપતિ લલિત ત્રિભંગી-એ દેશી.)

આપ વિના અમને કુણ ઉદ્ધરે, શ્રી સદ્‌ગુરૂ સુખકારી રે;
ઉન્નતિને શિખરે કુણ અમને, પહોંચાવે સંભારી રે. આપ૦ ૧
સત્ સેવાનાં સાધન સરવે, અંતર બાહ્યોપચારીરે;
તે આરાધન અંતર આદર, વર્ત્તે છે દિલ જારીરે. આપ૦ ૨
પૂર્વ વિરાધક યોગને ભોગે, દેહ ધરી દુઃખકારીરે;
કર્મે કાળસંયોગને યોગે, યોગ વિયોગ છે ભારીરે. આપ૦ ૩
બાહ્યોપચાર યોગની ઈચ્છા, લોકાનુગ્રહે ધારીરે;
બાકી આત્માભિમુખતા અંતર, સાધન સિદ્ધિ સારીરે. આપ૦ ૪
શ્રી સહજાત્મ સ્વરૂપ પ્રસાદે, આત્માનન્દ ખુમારીરે;
સાદિ અનન્તે ભાંગે વર્ત્તે, શ્રી સદ્‌ગુરૂ બલિહારીરે. આપ૦ ૫
આજીવિકાપંથી સત્ ઓથે, વર્તે અતિ અવિચારીરે;
સ્વાર્થભક્તો સ્વાર્થ અર્થે, સદ્‌ગુરૂ શીખ વિસારીરે. આપ૦ ૬

બોધિ સમાધિ બક્ષી અમને, કર્યા સહજ અનુસારીરે;
તેમજ સર્વ જગજીવલોકને, કીજે રત્નત્રય ધારીરે. આપ૦ ૭
(શુભ સંવત્ ૧૯૭૩ માગશિર વદિ ૭ શનૌ.
મુ૦ ઉમરદશી-વનક્ષેત્ર.)

પદ ૮૨ મું

શ્રી સદ્‌ગુરૂજીની આરતિ.

(અપછરા કરતી આરતી જિન આગે—એ દેશી.)

ભક્તિવૃત્તિ કરે આરતી ગુરૂ આગે. (એ ટેક.)

હાંરે ગુરૂ આગેરે ગુરૂ આગે, શ્રી સદ્ગુરૂપદઅનુરાગે;
હાંરે શુદ્ધ તત્ત્વ સ્વરૂપ નિજ માગે, તે આપો ગુરૂ રાજ. ભ૦ ૧
આપની સત્તા સ્ફુર્તિથી ગુરૂ રાય, હાંરે મુજમાં સત્ ચિત્ દર્શાય;
હાંરે પણ આનન્દ રહ્યો અવરાય, તેનો આખો ઉપાય. ભ૦ ૨
સત્ચિતશક્તિ આપની સર્વવ્યાપી,હાંરે ચિદ્‌શક્તિ ચૈતન્યમાં અમાર્પી;
હાંરે આત્માનન્દાનુભવ ન અદ્યાપી, હાંરે તેહની મમ ચ્હાય. ભ૦ ૩
સદ્‌ગુરૂ ધ્યાનમાં શાનમાં સમજાવે, હાંરે વૃત્તિની નિવૃત્તિ ચ્હાવે;
હાંરે વૃત્તિમાત્રનો સ્વરૂપ સુણાવે, હાંરે એકાગ્રતા લ્યાય. ભ૦ ૪
તમ રજ ગુણના યોગથી મતિ મેલી, તેથી ઉપજે ન આનંદ એલી;
હાંરે નવ સમજાય તેહની શૈલી, હાંરે તેનો નિસુણો ઉપાય. ભ૦ ૫
શરૂમાં સત્ત્વ ગુણ સંપજે તેહ રીતે, હાંરે સત્સાધન સાધવા પ્રીતે;
હાંરે અભ્યાસમાં આદર નિત્યે, હાંરે રાખવું ધૃતિધાર. ભ૦ ૬
વિશુદ્ધ પ્રેમ કે યોગ્ય કે તત્ત્વજ્ઞાન, હાંરે તેથી વિદુર થાય અજ્ઞાન;
હાંરે સત્ત્વાત્ સંજાયતે જ્ઞાન, હાંરે એહ વાક્ય પ્રમાન. ભ૦ ૭
મધ્યાન્હે ઝાડ પહાડની જેમ છાંય, હાંરે શેષ સત્ત્વવૃત્તિએં ન્યાય;
હાંરે સહજાત્મ સ્વરુપેં શમાય, હાંરે નિર્વૃત્તિ નિર્વાણ. ભ૦ ૮
એમ ચિત્તથી ઉતારે આરતી ચિતમાંહ્ય, હાંરે ચિત્ત ચિદ્રૂપમાં ઠહરાય;
હાંરે શ્રી રત્નત્રય સમુદાય, હાંરે વેદે આનન્દવૃન્દ; ભ૦ ૯
(શુભ સંવત્ ૧૯૭૩ માગશિર વદિ ૧૪ શનૌ મુ૦ ઉમરદશી
વનક્ષેત્ર. સિદ્ધાસનપરિસરે શુભ સ્થળ.)

પદ ૮૩ મું.

મંગળ દીવો.

(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત–એ દેશી.)

દિલમાં કીજે દીવો મેરે પ્યારે દિલમાં કીજે દીવો,
　દીવો દીવો દીવો મેરે પ્યારે,　　　　　　　　દિલ૦
દીવો એ મંગલિક દીવો મેરે પ્યારે,　　　　　　દિલ૦
　આરતિ ઉતારી ચિરંજીવો મેરે પ્યારે,　　　　　દિલ૦
સદ્‌ગુરૂદીપક સંઘટી સ્નેહે, જ્ઞાનદીપ પ્રગટાવો;
　દીપથી દીપ સુમતાથી હોવે, જ્ઞાન જ્ઞાનીમાં સંભાવો. મેરે૦ ૧
નિશિના દીપક ચંદ્રમા જાણો, દિનકા દીપક ભાન;
　કુલના દીપક સુપુત વખાણો, (તેમ) ત્રિહુંજગદીપક જ્ઞાન. મેરે. ૨
દયા–દિવેલ પ્રેમ–પરણાયું, વૃત્તિની બત્તી ઠરાવો;
　ચિત–ચકમકથી ચેતી ચૂંપે, ચૈતન્ય જ્યોતી ચેતાવો. મેરે. ૩
ઇંદ્રીય–બારી વિષય–વાયરો, આવી દીપ ઓલ્હાવે;
　ઝટપટ બારિયો બન્ધ કરી દો, દીપને અહેલ ન આવે. મે. ૪
ક્ષાયોપશમ દીપક કારણથી, યત્નકરણ દર્શાવે;
　યત્ને ક્ષાયિક ભાવ લહીને, કૈવલ્ય જ્યોતિ જગાવે. મેરે૦ ૫
અનુભવદીપ પ્રકાશે ભાસે, બાહ્યાન્તર અજવાળું;
　ગુરૂગમકુંચી ઉંચી અડતાં, ઉઘડે અનાદિનું તાળું. મેરે૦ ૬
તાળું ઉઘડે **રત્નત્રય**–નિધિ, સહજે નિજ કર આવે;
　શ્રી સહજાત્મસ્વરૂપ સદોદિત, અખંડ દીપ રહાવે. મેરે૦ ૭

(શુભ સંવત્ ૧૯૭૩ માગશિર વદિ ૦)) રવિવાર મુ૦ ઉમરદશી.

વનક્ષેત્ર–સિદ્ધાસનપરિસરે શુભસ્થળ.)

પદ ૮૪ મું.

શ્રી સદ્‌ગુરૂ ભગવાન્ પ્રત્યે વિજ્ઞપ્તિપૂર્વક સ્તુતિ.

(રાગ આશાઉરી.)

અહો સદ્‌ગુરૂજી ત્હારા ચરણકમલમાં, પડિ પડિ પાય લાગું રે.
અમૃતવચન ત્હારાં નવ ભૂલૂં, એ જ શ્રદ્ધા હું માગું રે. અહો૦ ૧
વાણી ત્હારી પ્યારી જગહિતકારી, શ્રવણ કરી નહી કો દિનરે;
ચરણે પડયો નહી કોઇ દિન ત્હારે, આ સકલ જગતમાં હું હિનરે.અ૦૨
તર્યા તરે છે ને વળી તરશે, તું છે મૂળ આધારરે;
જે જન સેવે ત્હારા ચરણને, તે ઉતરે ભવપારરે. અહો૦ ૩
જ્ઞાનસુધારસ પીઉં સદા હું, એ જ વૃત્તિ રહો મ્હારીરે;
દીનહૃદય પર દયા કરીને, દીજોજી મતિ અતિ સારીરે. અહો૦ ૪
એહ માગું પ્રભુ ફરી ફરી માગું, શિર નમાવી નમીએરે;
રત્નત્રય સેવા મુજ દેજો, જેમ દુઃખવૃત્તિ સહ સમિયેરે.અહો૦૫
(શુભ સંવત્ ૧૯૭૩ પોષ શુકલા ૨ મંગલ ઉમરદશી વનક્ષેત્ર શુભસ્થળ.)

પદ ૮૫ મું.

શ્રીમદ્ સદ્‌ગુરૂભાવનાના લટકા વિષે.

(રાગ ગરબી.)

હાંરે ત્હારો લટકો જોઇ સુખકારી, ગુરૂ રાજ લટકાળા૦
ઠરી અન્તરંગ વૃત્તિ અમારી. ગુરૂ રાજ લટકાળા૦ ૧
તે લટકે લટકો ગાયે, ગુરૂ રાજ લટકાળા૦
હાંરે લટકે લટકે શોભાયે. ગુરૂ રાજ લટકાળા૦ ૨
હાંરે પ્રથમ લટકે મોહ નિવાર્યો, ગુરૂ રાજ લટકાળા૦
સહજાત્મ સ્વરૂપને સંભાર્યો. ગુરૂ રાજ લટકાળા૦ ૩
હાંરે બીજે લટકે મટી સહુ ખામી, ગુરૂ રાજ લટકાળા૦
થયા છો શુદ્ધ ચૈતન્ય-સ્વામી. ગુરૂ રાજ લટકાળા૦ ૪

હાંરે ત્રીજે લટકે ક્રોધને શમાવ્યો, ગુરુ રાજ લટકાળા૦
હાંરે ચોથે તે માનને નમાવ્યો. ગુરુ રાજ લટકાળા૦ ૫
હાંરે પાંચમે તે માયાને મૂકી, ગુરુ રાજ લટકાળા૦
હાંરે છઠ્ઠે લોભ ઉપર ચાલ્યા થુંકી. ગુરુ રાજ લટકાળા૦ ૬
હાંરે એમ અન્તર-વયરી નિવાર્યાં, ગુરુ રાજ લટકાળા૦
નિજ સર્વાત્મિક ગુણ ધાર્યાં. ગુરુ રાજ લટકાળા૦ ૭
ત્હારો સ્વરૂપ સદા સુખકારી, ગુરુ રાજ લટકાળા૦
ત્હારો હૃદય—સાગર અવિકારી. ગુરુ રાજ લટકાળા૦ ૮
હાંરે ત્હારી મુદ્રા લલિત લટકાળી, ગુરુ રાજ લટકાળા૦
નિરખત નિત્ય નવ દીવાળી. ગુરુ રાજ લટકાળા૦ ૯
ત્હારો માર્ગ સુગમ એક સારો, ગુરુ રાજ લટકાળા૦
આરાધ્યે પહોંચાડે મોક્ષ—દ્વારો. ગુરુ રાજ લટકાળા૦ ૧૦
ત્હારા સત્સંગની બલિહારી, ગુરુ રાજ લટકાળા૦
સત્યાર્થે ઉપાસે અધિકારી. ગુરુ રાજ લટકાળા૦ ૧૧
ત્હારી સત્ શિક્ષાની શૈલી ન્યારી, ગુરુ રાજ લટકાળા૦
હાંરે સમજી સેવે સંસ્કારી. ગુરુ રાજ લટકાળા૦ ૧૨
હાંરે ત્હારા વર્ત્તનમાં વર્ત્તમાન, ગુરુ રાજ લટકાળા૦
નહીં ભૂત ભવિષ્યનું ધ્યાન. ગુરુ રાજ લટકાળા૦ ૧૩
આપ સમાંગ—લક્ષ્મીના સ્વામી, ગુરુ રાજ લટકાળા૦
અવાન્તર અનન્ત નહીં ખામી. ગુરુ રાજ લટકાળા૦ ૧૪
હાંરે વ્હાલા નથી ખજાને ખોડ, ગુરુ રાજ લટકાળા૦
મ્હને આપો સ્વરૂપની જોડ. ગુરુ રાજ લટકાળા૦ ૧૫
ત્હારે લટકે લક્ષ ઠહરાય, ગુરુ રાજ લટકાળા૦
મ્હારે નથી અવરની સ્હાય. ગુરુ રાજ લટકાળા૦ ૧૬
હાંરે લાલ લટકે ભક્તિ ભાવે, ગુરુ રાજ લટકાળા૦
આજ્ઞાકારવૃત્તિ રહાવે. ગુરુ રાજ લટકાળા૦ ૧૭
ત્હારે લટકે થઉં લટકાળો, ગુરુ રાજ લટકાળા૦
અન્ય લટકા ચટકાને ટાળો. ગુરુ રાજ લટકાળા૦ ૧૮

તમે લટકે અનેકને તાર્યા, ગુરૂ રાજ લટકાળા૦
વળી લટકે અધમ ઉધાર્યા. ગુરૂ રાજ લટકાળા૦ ૧૯
હાંરે આપ પરમકૃપાળુ દેવ, ગુરૂ રાજ લટકાળા૦
મ્હને દીજે અખંડ પદસેવ. ગુરૂ રાજ લટકાળા૦ ૨૦
હાંરે ત્હારા લટકા લાખ કરોડ, ગુરૂ રાજ લટકાળા૦
આપ રત્નત્રય શિર-મોડ. ગુરૂ રાજ લટકાળા૦ ૨૧

(શુભ સંવત્ ૧૯૭૩ પોષ શુકલ ૩ બુધવાર મુ૦ ઉમરદશી-વનક્ષેત્ર શુભ સ્થલ.)

પદ ૮૬ મું.

શ્રી સદ્દગુરૂ ભગવાનના સ્વરૂપ-લટકા વિષે.

(ગરબી.)

હાંરે હું તો મોહી નિર્મોહી શ્યામ, ત્હારે લટકે રે,
હું તો લય પામી ગુરૂ રાજ, લાલન લટકે રે. (એ ટેક.)
લટકે અનાદિ મોહ શમાવી, પ્રથમોપશમપદ પાયા રે;
લટકે તસુ ત્રય પુંજ કરીને, મિથ્યા મિશ્ર શમાયા. ત્હારે૦ ૧
લટકે ક્ષાયોપશમ પદ પામી, કૃતકૃત્યતા વેદી રે;
લટકે અક્ષય ક્ષાયક પામ્યા, દર્શન મોહ ઉચ્છેદી. ત્હારે૦ ૨
લટકે અપ્રમત્તતા સ્પર્શી, ક્ષપકશ્રેણિ આરોહી રે;
લટકે મોહ સમૂળ હરીને, આપ થયા નિરમોહી. ત્હારે૦ ૩
લટકે યુગપત્ ઘાતિક ઘાતી, અનન્ત ચતુષ્ટય પાયા રે;
લટકે દિવ્યધ્વનિ દર્શાવી, સમીપ ભવ્ય સમઝાયા. ત્હારે૦ ૪
લાલિત્ય લટકે લક્ષ્ય રહ્યા જેનો, તેહનાં કારજ સરિયાં રે;
લટકે અનેક અધમને ઉદ્ધર્યા, લટકે શિવ સંચરિયા. ત્હારે૦ ૫
આત્માદેવનો છે આ લટકો, સદ્દગુરૂ આત્મસ્વરૂપ રે;
તેથી લટકે લટકો લખ્યો છે, ચિત્તમાં આણી ચૂપ. ત્હારે૦ ૬

એવાં એવાં લટકાં કેટલાંક કહિયે, લટકાં લાખ કરોડ રે;
લટકાળા રત્નત્રય સ્વામી, નહીં તેની બીજી જોડ. વ્હારે૦ ૭
(મુ૦ સિદ્ધાસન ઉમરદશી વનક્ષેત્ર શુભસ્થળ
શુભ સંવત્ ૧૯૭૩ પોષ શુકલા ૪, ગુરૂવાર.)

પદ્ય ૮૭ મું

શ્રી સદ્‌ગુરૂભગવાનના સ્વરૂપ સાક્ષાત્કારની સદ્‌ભાવના વિષે વૃત્ત્યોદ્‌ગાર.

(ગરબી.)

લટકાળા ગુરૂ મંદિર મ્હારે આવ વ્હાલા,
લટકે તાહરે મોહી રહી છું. (એ ટેક.)
કાળ અનાદિ આવરણ યોગેરે,
વેઠ્યો વાહલાનો વિયોગ, સરવસ્વ ખોઇ રહી છું. લ૦ ૧
કાળ સ્વભાવ નિયત સુકૃત સંયોગે,
સાંપડી સામગ્રી સુવિચાર, પાપપંક ધોઈ રહી છું. લ૦ ૨
શ્રી સહજાત્મ સ્વરૂપ ને શ્રદ્ધારે,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી, સાથે ચિત્ત પ્રોઇ રહી છું. લ૦ ૩
આણીકોરે પ્રપંચ વાહલા ઉણીકોરે પાખંડ,
વેરીઓ વચમાં મારે વાસ, આપને સંગોઈ રહી છું. લ૦ ૪
અન્ન ન ભાવે અમને નિદ્રા ન આવેરે,
વસમું છે વાહલાનું વિયોગ, રાતે નયણે રોઈ રહી છું. લ૦ ૫
સેરીઓ વળાવીને સજ્જ કરી છે રે,
પ્રભુને પધારવા યોગ, વાટડલી હું જોઈ રહી છું. લ૦ ૬
ભાતભાતનાં ભાવે ભોજન નિપજાવ્યાંરે,
જમવા પધારો કૃપાનાથ, ગાવડલી હું દોહી રહી છું. લ૦ ૭
બંધી મોચન પણ પોતાનું પાળવારે પ્રગટ્યા,

શ્રી પરમ કૃપાળુ દેવ, સનમુખ-દૃષ્ટી હોઇ રહી છું. લ૦ ૮
અંતરઘર અંતરજામી અજવાળ્યાંરે,
રત્નત્રયની જાગી જોત, ઝગમગ જોઇ રહી છું. લ૦ ૯
(શુભ સંવત્ ૧૯૭૩ના પોષ શુકલ પૂર્ણીમા સોમવાર
મુ૦ સિદ્ધાસન ઉમરદશી-શુભસ્થલ.)

પદ ૮૮ મું.

*શ્રી સદ્દગુરૂ ભગવાનના સ્વરૂપ લટકાની સંભાવનાએ સખી ભાવે વૃત્ત્યોદ્દગાર વિષે.

(ગરબી.)

મારૂં મન મોહ્યુંરે શ્રી સદ્દગુરૂ સ્વરૂપને લટકે;
ઘર ખોયું નવ ખટકે, મારૂં મન મોહ્યુંરે. (એ ટેક.)
શ્રી સહજાત્મસ્વરૂપ સમભાવી, અસહજમાં કોણ અટકે. મારૂં૦ ૧
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી અનામી, અંતર્યામી ઘટ ઘટકે. મારૂં૦ ૨
વિસરી વિકલ્પ વિલીન થઇ છું, મુખમુદ્રાને મટકે. મારૂં૦ ૩
વાહલાનાં વચનામૃત વામીને, વિષવાણી કોણ ગટકે. મારૂં૦ ૪
શ્રીમદ્દસદ્દગુરૂ દરસન પામી, અદર્શને કોણ ભટકે. મારૂં૦ ૫
શ્રી ગુરૂ રાજ-માર્ગ મૂકીને, ઉવટ પગ કોણ પટકે. મારૂં૦ ૬
ઈલીકા જયમ ભ્રમરી થઈ ઊડે, ભ્રમરી ભયને ચટકે. મારૂં૦ ૭
તેમ અમને કર્યા શ્રીમુખ સનમુખ, દેઇઆસ્વાસન સટકે. મારૂં૦ ૮
શ્રીમદ્દસદ્દગુરૂ જ્ઞાનવિના કહો, મન મનમથ કોણ હટકે. મારૂં૦ ૯
પ્રપંચ ને પાખંડનો તાંતો, તતક્ષણ તોડયો ત્રટકે. મારૂં૦ ૧૦
પરમ કૃપાળુ કૃપા કરીને, મિથ્યા મોહ હર્યો ઝટકે. મારૂં૦ ૧૧

*આમાં લટકા શબ્દની લક્ષણાવૃત્તિ શુદ્ધાત્મદેવની પર્યાય પલટન વિષેજ લઇ જવા યોગ્ય છે; પણ અણાભોગે-અનુપયોગે કે જાણી બુઝીને દુર્વાદિપણે મોહજનિત લૌકિક લટકા ચટકા વિષે વાચ્યાર્થ માત્રને વળગી રહીને અકલ્યાણ આદર્યું છે.

આદિનું અજ્ઞાન ગનીમતે, આહણ્યો એકજ ફટકે. મારૂં૦ ૧૨
ચરણ મોહના પણ કર્યા ચૂરા, ક્રમથી કટકે કટકે. મારૂં૦ ૧૩
બાહ્ય ઉપાધિને કરી બાતલ, બારીક બટકે બટકે. મારૂં૦ ૧૪
સદ્‌ગુરૂ સ્વરૂપ સંભાવો ભાવે, પાવન થાઓ નામ રટકે. મારૂં૦ ૧૫
ભાવિમાં ભુંડું થવું જેહને, તે ગુરૂગોદથી છટકે. મારૂં૦ ૧૬
રત્નત્રય બાજી સહુ હાથે, સદ્‌ગુરૂ નાગર નટકે. મારૂં૦ ૧૭

પદ ૮૯ મું.

ઉપસંહાર.

શ્રી કવિ અકર્ત્તૃત્વાદિ વર્ણન.

(ચોપાઈ.)

સ્વર અરૂ વરન અનાદિ રહાવે, તાતેં અક્ષર નામ કહાવે;
તિનહિ વર્ણ સ્વરકે સમુદાય, સોહી શબ્દ સદા સુખદાય. ૧
વાકયવચનસેં હોય કવિતા, ગદ્ય પદ્ય છન્દ અરૂ ગીતા;
શબ્દારથ હોવે પરમીતા, પરમારથ બિન જાનો રીતા. ૨
આત્મવિર્યકી સ્ફુરણા હોવે, સો લે બુદ્ધિ મનમાંહી સંભોવે,
મનકી કલ્પના વચસેં નીકસે, ફિર સો લિખિ જાતી હૈ કરસે. ૩
વર્ણ સંકેત સ્થાપના ઠાવે, તબ સોં વહ દ્રવ્ય સૂત્ર કહાવે;
ઇન વિધ આદિ અનાદિ થાવે, તાકા ભેદ વિચક્ષણ પાવે. ૪
ઐસે શબ્દબ્રહ્મ પરછાયા, ગુરૂગમ બિન જગજન ભરમાયા;
સુપંડિત જન સમઝી સમાયા, સોહી પાર બ્રહ્મકો પાયા. ૫
ઐસેં સ્વયં સિદ્ધ જિનવાની, તાકો નિજકૃત કહે અભિમાની;
જ્ઞાની નિમિત્તમાત્ર નિજ જાને, તાતે અભિમાન નહીં આને. ૬
કલ્પન જલ્પન હૈ પરભાવે, આપ રહે નિજ શુદ્ધ સ્વભાવે;
કરતા ભાવ નહીં ચિત્ત લાવે, તાતેં કરતા નામ ન પાવે. ૭